**આજનો સુવિચાર**

સુખની લાલચ જ નિત્યપ્રાપ્ત ભગવાનનાં અનુભવમાં મુખ્ય અડચણ છે

તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : કાર્તિક આર. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૬ અંક : ૩૦૯ જૂનાગઢ તા. ૬-૧૨-૨૦૨૨ મંગળવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

## ગુજરાત, હિમાચલ અને દિલ્હી કોર્પોરેશનનાં એકઝીટ પોલ કેટલા સાચા સાબિત થશે ?

અમદાવાદ તા. ૬

ગુજરાત અને હિમાચલની ચૂંટણીના એક્ઝિટ પોલ સામે આવ્યા છે. તેઓ બંને રાજ્યમાં ભાજપને જીત અપાવી રહ્યા છે. બીજી તરફ, દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીના એક્ઝિટ પોલમાં આમઆદમી પાર્ટીએ ભાજપ પાસેથી સત્તા છીનવી લીધી છે. આ ત્રણેય સંભવિત પરિણામો કંઈક અંશે વાજબી લાગે છે. એક્ઝિટ પોલ અનુસાર, દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશનમાં આમ આદમી પાર્ટીની જીત લગભગ નિશ્ચિત માનવામાં આવી રહી છે અને તેમાં કોઈ શંકા નથી. જ્યાં સુધી હિમાચલ પ્રદેશના એક્ઝિટ પોલની વાત છે તો એના ઉપર શંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. જોકે અહીં ભાજપ અને કોંગ્રેસની બેઠકો વચ્ચેનો તફાવત ઘણો ઓછો છે. વાસ્તવિક પરિણામોમાં સત્તાપલટો જોવા મળી શકે છે. હિમાચલમાં પણ દર વખતે સરકાર બદલાતી રહે છે, એટલે એકવાર આ સરકાર, તો બીજીવાર બીજી સરકાર. અત્યારે અહીં ભાજપની સરકાર છે, એટલે ભાજપ આ વખતે સ્પષ્ટ બહુમતી તરફ આગળ વધી શકશે એવું લાગતું નથી. એક્ઝિટ પોલ પણ ૬૮ સભ્યની વિધાનસભામાં ભાજપને ૩૭ બેઠક આપી રહ્યા છે. એટલા માટે અહીં એક્ઝિટ પોલ વિશે કંઈ કહી શકાય નહીં

ગુજરાતમાં કોંગ્રેસને ચોક્કસપણે મોટું નુકસાન થવાનું છે. જોકે તેમના માટે ૪૫ બેઠકો કન્ફર્મ થાય એવી જ આશા તેઓ રાખે તો સારૂ રહેશે. વાસ્તવમાં આમ આદમી પાર્ટી ગુજરાતમાં ૧૦ની આસપાસ અથવા ૧૦ બેઠક મેળવવામાં સફળ રહેશે, પરંતુ એક્ઝિટ પોલ દર્શાવે છે કે આપ ભલે ગુજરાતમાં સીટો મેળવી શકી ન હોય, પરંતુ તેણે કોંગ્રેસને મોટો ફટકો આપ્યો છે. જેનો સીધો ફાયદો ભાજપને મળી રહ્યો છે. વર્ષો પછી ગુજરાતની ચૂંટણીમાં કોંગ્રેસ દેખાઈ નથી. જે ગામડાંમાં કોંગ્રેસનો દબદબો હતો ત્યાં આમ આદમી પાર્ટીએ ખરાબ રીતે નુકસાન પહોંચાડ્યું. જોવા જઈએ તો આપએ ભાજપને પણ નુકસાન પહોંચાડ્યું છે, પરંતુ આમાંની મોટા ભાગની બેઠકો શહેરોની હતી, તેથી એ બેઠકો ઉપર ભાજપનું જીતનું અંતર ઓછું જોવા મળી શકે છે. શરૂઆતથી જ ભાજપની રણનીતિ એ જ હતી, જેના હેઠળ તેણે આ વખતે રાજ્યમાં સૌથી વધુ આક્રમક બનેલી આપને ગામડાઓ સુધી જ મર્યાદિત કરી દીધી. ભાજપને ગામડાંમાં કોઈ નુકસાન થવાનું જ ન હતું, તેથી તેની રણનીતિ સફળ થઈ. આ જ કારણ છે કે ગુજરાતમાં આપ, કોંગ્રેસ માટે વિનાશક બનીને ઉભરી આવી છે.

## અદાણી ગ્રીન વિશ્વની સૌથી મોટી વિન્ડ સોલાર હાઈબ્રીડ પાવર વિકાસકાર બની

મુંબઈ તા. ૬ : અદાણી સમૂહના રિન્યુએબલ્સ એનર્જી વ્યવસાયની એક ભાગ અદાણી ગ્રીન એનર્જી લિ.એ તેનો ત્રીજો વિન્ડ-સોલાર હાઈબ્રીડ પ્લાન્ટ રાજસ્થાનના જેસલમેરમાં કાર્યાન્વીત કર્યો છે. આ નવા શરૂ કરાયેલા હાઈબ્રીડ પ્લાન્ટ મળીને સંયુક્ત ક્ષમતા ૪૫૦ મેગાવોટ છે. આ પ્લાન્ટ SECI સાથે કિલોવોટના રૂા. ૨.૬૭ના દરથી ૨૫ વર્ષનો વીજ ખરીદ કરાર ધરાવે છે. ૪૨૦ મેગાવોટનો હાઈબ્રીડ પાવર પ્લાન્ટ અને ૧૦૫ મેગાવોટનો વિન્ડ પ્લાન્ટ મળીને આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરી અમલમાં મૂકવામાં આવ્યો છે. આ હાઈબ્રીડ પ્લાન્ટ સાથે હવે અદાણી ગ્રીન એનર્જીની કાર્યરત હાઈબ્રીડ પાવર ઉત્પાદન ક્ષમતા ૧૪૪૦ મેગાવોટ સાથે સૌથી વિરાટ થઈ છે.

અગાઉ મે, ૨૦૨૨માં અદાણી ગ્રીન એનર્જી લિ.એ ૩૯૦ મેગાવોટનો ભારતનો સૌ પ્રથમ હાઈબ્રીડ પાવર પ્લાન્ટ કાર્યરત કર્યો હતો. વિશ્વનો સૌથી મોટો ૬૬૦ મેગાવોટનો હાઈબ્રીડ પાવર પ્લાન્ટ એક જ સ્થાને સપ્ટેમ્બર ૨૦૨૨માં કરવામાં આવ્યો હતો. આ બન્ને હાઈબ્રીડ એનર્જી ઉત્પાદન મિલ્કતો રાજસ્થાનના જેસલમેરમાં આવેલી છે. ૪૫૦ મેગાવોટના આ પ્લાન્ટના સફળતાપૂર્વક કાર્યાન્વયન સાથે અદાણી ગ્રીન એનર્જી લિ.ની કુલ કાર્યાન્વીતઉત્પાદન ક્ષમતા હવે કુલ ૭.૧૭ ગીગાવોટે પહોંચી છે. પરિણામે અદાણી ગ્રીન એનર્જી લિ. વિશ્વની સૌથી વિરાટ વિન્ડ-સોલાર હાઈબ્રીડ પાવર ફાર્મ વિકાસકાર બની છે.

## સટ્ટા બજારે પણ ભાજપને ૧૩૫ થી ૧૩૭ બેઠક કોંગ્રેસને ૨૯-૩૧ અને આપને ૧ થી ૮ બેઠકો આપી

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી તા. ૬

સોમવારે સાંજે થયેલા એક્ઝિટ પોલમાં ગુજરાત ચૂંટણીમાં ભાજપને પ્રચંડ બહુમતીનો અંદાજ છે. કેટલાક મતદાનમાં તો ભાજપે આ વખતે ૧૨૭ બેઠકોનો ૨૦૦૨નો પોતાનો રેકોર્ડ તોડવાની આગાહી પણ કરી હતી. સટ્ટા બજાર, જે સામાન્ય રીતે તેના ઉપર ધમાકેદાર હોય છે, તેણે ચૂંટણીના પ્રથમ તબક્કા પછી તરત જ ભાજપ માટે ૧૩૫-૧૩૭ બેઠકોની આગાહી કરી હતી. સટ્ટાબાજીના વર્તુળોમાં ચાલી રહેલા દરો મુજબ, ભાજપની સંખ્યા નીચલી બાજુએ ૧૨૦થી નીચે જશે નહીં, જે ઓફર ઉપરના દરો ઉપર પણ પ્રતિબિંબિત કરે છે.

સૂત્રોએ જણાવ્યું હતું કે જો કોઈ પન્ટર ભાજપ માટે ૧૩૭ સીટો પર દાવ લગાવે છે તો તેને બમણી રકમની દાવ મળે છે. તેવી જ રીતે, જો કોઈ પન્ટર ભાજપ માટે ૧૩૫ બેઠકો ઉપર શરત લગાવે છે, તો તે સમગ્ર રકમ ગુમાવે છે. મતલબ કે ભાજપને સૌથી વધુ ૧૩૯ બેઠકો મળવાની સંભાવના છે. સૂત્રોએ જણાવ્યું હતું કે ભાજપને ૧૨૦ બેઠકો મળે તે માટે બુકીઓએ માત્ર ૨૭ પૈસાથી ૨૨ પૈસાના દર આપ્યા છે. તેનો અર્થ એ છે કે, ભાજપ માટે ૧૨૦ સીટ ઉપર ૧ રૂપિયાની દાવ પન્ટરને ૧.૨૨ થી ૧.૨૭ રૂપિયા મળશે. સૂત્રોએ જણાવ્યું હતું કે સોમવારે સાંજના ટ્રેન્ડથી ભાજપને ૧૨૦થી ઓછી બેઠકો મળવાની આશા નથી. ૧૪૦-સીટનો આંકડો પાર કરનાર ભાજપ માટે, ઓફર ઉપરની સંભાવનાઓ રૂા. ૧.૪૦ જેટલી ઊંચી છે જે સૂચવે છે કે ભગવા પક્ષ આ સિદ્ધિ હાંસલ કરે તેવી શક્યતા નહીવત છે.

## દિલ્હી મહાનગર નિગમની ચૂંટણીમાં કેજરીવાલ જ મુખ્ય ચહેરો : આપને પ્રચંડ વિજય મળવાની આગાહી

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી,તા. ૬

ગુજરાત અને હિમાચલ પ્રદેશની સાથે યોજાયેલી દિલ્હી મહાનગરપાલિકાની ચૂંટણીએ પાટનગરની મીની ધારાસભા અથવા કહો કે હવે ધારાસભા ચૂંટણી જેટલી જ મહત્વપૂર્ણ બની રહી હતી અને તેમાં ૧૫ વર્ષ પછી દિલ્હી મહાનગરપાલિકામાં શાસન બદલાય તેવા તમામ સંકેત છે. એમસીડીની કુલ ૨૫૦ બેઠક માટે ગત તા. ૪ના રોજ મતદાન યોજાયું હતું અને આવતીકાલે પરિણામ જાહેર થશે તે સાથે જ ૧૨૬ બેઠકોની વિનીંગ લાઈન પાર કરવામાં આમ આદમી પાર્ટી અને અરવિંદ કેજરીવાલ સૌથી આગળ હોવાનું સ્પષ્ટ થયું છે.

એમસીડીમાં 'આપ'એ સૌથી મોટા વિજય તરફ આગળ વધી રહી છે. છેલ્લા ૧૫ વર્ષથી અહીં ભાજપનું શાસન હતું પરંતુ એક્ઝિટ પોલ બતાવે છે કે કેજરીવાલ જ દિલ્હીનો સૌથી મોટો ચહેરો છે અને ૨૫૦ બેઠકોમાંથી તમામ એક્ઝિટ પોલમાં આમ આદમી પાર્ટીને ૧૪૫થી ૧૭૫ બેઠક સુધી મળશે તેમ દર્શાવાય રહ્યું છે.

## ભારતે આજથી જી-૨૦નું પ્રમુખપદ સંભાળ્યું વડાપ્રધાનો સર્વપક્ષીય બેઠક યોજી

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી તા. ૬

ભારતે હાલમાં જ વિશ્વની ૨૦ મોટી અર્થવ્યવસ્થાઓના સંગઠન જી-૨૦નું પ્રમુખપદ સંભાળ્યું છે. જી-૨૦ સમિટ સપ્ટેમ્બર ૨૦૨૩માં ભારતમાં યોજાશે. તેની તૈયારીઓને આખરી ઓપ આપવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં સર્વપક્ષીય બેઠક યોજાઈ હતી. આ દરમ્યાન વડાપ્રધાન એક પછી એક રાજકીય પક્ષોના અગ્રણી નેતાઓને પણ મળ્યા. જેમાં કોંગ્રેસના નેતા મલ્લિકાર્જુન ખડગેથી લઈને આમ આદમી પાર્ટીના અરવિંદ કેજરીવાલનો સમાવેશ થાય છે. અત્યાર સુધી જે કાર્યક્રમની તસવીરો સામે આવી છે તેમાં આ નેતાઓ વડાપ્રધાન મોદી સાથે હળવી પળો શેર કરતા જોવા મળી રહ્યા છે. વડાપ્રધાન મોદીએ કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે સાથે પણ વાત કરી હતી.

જી-૨૦ માટે બોલાવવામાં આવેલી બેઠકમાં પીએમ નરેન્દ્ર મોદી સાથે ડાબેરી પક્ષના નેતા સીતારામ યેચુરી પણ જોવા મળ્યા હતા. વાતચીત દરમ્યાન બંને હસતા જોવા મળ્યા હતા. ગુજરાત ચૂંટણીમાં ભાજપને પડકાર ફેંકનાર આમ આદમી પાર્ટીના સંયોજક અરવિંદ કેજરીવાલે હાથ જોડીને મોદીનું અભિવાદન કર્યું હતું. તેમની સાથે પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી પણ હાજર હતા.

## મોરબી પુલ દુર્ઘટના અંગે ટવિટ કરનાર તૃણમુલ કોંગ્રેસનાં નેતાની ગુજરાત પોલીસે ગત મધ્યરાત્રીનાં જયપુર એરપોર્ટથી ધરપકડ કરી

અમદાવાદ તા. ૬

મોરબી પુલ દુર્ઘટનામાં ગઈકાલે ગુજરાત પોલીસે એક ઓચિંતી એકશન પેક કાર્યવાહીમાં મોરબી દુર્ઘટના ઉપર ટિવટ કરનાર પશ્ચિમ બંગાળના શાસક તૃણમુલ કોંગ્રેસના પ્રવક્તા સાકેત ગોખલેની મધરાત્રે ધરપકડ કરીને હવે તેને અમદાવાદ લઈ આવવા તૈયારી કરી છે. તૃણમુલ કોંગ્રેસના નેતા ડેરેક ઓ બ્રાયને જણાવ્યું કે સાકેત ગોખલે સોમવારે રાત્રે ૯ વાગ્યે દિલ્હીની ફલાઈટથી જયપુર પહોંચ્યા હતા અને તેઓ વિમાની મથકની બહાર નીકળ્યા તે સમયે ઓચિંતી જ ગુજરાત પોલીસની ટીમે તેમની ધરપકડ કરી હતી.

આ કાર્યવાહી મિડનાઈટ એરેસ્ટ તરીકે ગણાવવામાં આવી છે અને સાકેતે તેના માતાને ફોન કરીને પોતાને ગુજરાતની પોલીસે ધરપકડ કરી હોવાનની જાણ કરતા તૃણમુલ કોંગ્રેસ એકસનમાં આવી ગયું હતું. ઓ બ્રાયને કહ્યું કે ગુજરાત પોલીસે બે મીનીટનો સમય સાકેતને આપ્યો હતો બાદમાં તેમનો ફોન તથા તમામ સામાન પણ જપ્ત કરવામાં આવ્યો છે અને તેમને હવે અમદાવાદ લઈ જવાયા છે. જો કે ગુજરાત પોલીસે હજુ સુધી આ ધરપકડ અંગે જબરૂ મૌન સેવ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે ગત તા. ૩૦ ઓકટોબરના મોરબીમાં ઝુલતો પુલ તૂટી પડતા ૧૩૫થી વધુ લોકો માર્યા ગયા હતા અને તેના કારણે ગુજરાતમાં જબરા પડઘા પડ્યા હતા. ઓ બ્રાયને ટવીટ કરતા લખ્યું કે આ રીતે વિપક્ષનો અવાજ દબાવવાની કોશિષ કરવામાં આવી રહી છે.

### મથુરામાં કૃષ્ણ જન્મસ્થળ નજીક આવેલી

## ઈદગાહ મસ્જીદમાં હનુમાન ચાલિસા પાઠ કરવાની હિન્દુ મહાસભાની જાહેરાત : મથુરા શહેર લશ્કરી છાવણીમાં ફેરવાયું

મથુરા તા. ૬ : ઉત્તર પ્રદેશના મથુરા જિલ્લામાં કૃષ્ણ જન્મભૂમિને બરાબર અડીને આવેલી શાહી ઈદગાહ મસ્જીદમાં હનુમાન ચાલીસાના પાઠ વાંચવાની હિન્દુ મહાસભાની જાહેરાત બાદ પોલીસ એલર્ટ થઈ ગઈ છે. કૃષ્ણ જન્મસ્થાન અને શાહી ઈદગાહ વિસ્તારની સુરક્ષાને બે સુપર ઝોન, ચાર ઝોન અને આઠ સેક્ટરમાં વહેંચી દેવામાં આવી છે. અન્ય જિલ્લાઓમાંથી પણ પોલીસ દળને મથુરા બોલાવી લેવામાં આવ્યું છે. લગભગ ૧,૨૦૦થી વધુ પોલીસકર્મીઓને કૃષ્ણ જન્મભૂમિની આસપાસ સુરક્ષા માટે તહેનાત કરવામાં આવ્યા છે. ડ્રોન, સીસીટીવી કેમેરા અને ગુપ્તચર એજન્સીઓ સતત તોફાની તત્વો ઉપર નજર રાખી રહી છે. સમગ્ર જિલ્લામાં કલમ ૧૪૪ લાગુ કરી દેવામાં આવી છે.

અખિલ ભારત હિન્દુ મહાસભાએ, આજે ૬ ડિસેમ્બરના રોજ શાહી ઈદગાહ ઉપર હનુમાન ચાલીસાના પાઠ કરવાની જાહેરાત કરી હતી. અખિલ ભારતીય હિંદુ મહાસભાએ કહ્યું હતું કે આજે ૬ ડિસેમ્બરે શાહી ઈદગાહ ખાતે હનુમાન ચાલીસાનો પાઠ કરવામાં આવશે. આ એલાન બાદ હિન્દુ-મુસ્લીમ સંગઠનો સાથે જોડાયેલા લોકોને શાહી ઈદગાહ મસ્જીદ પાસે આવવા જવા ઉપર પ્રતિબંધ લગાવી દેવામાં આવ્યો છે. કૃષ્ણ જન્મભૂમિ અને શાહી ઈદગાહ તરફ જતા માર્ગો ઉપર પણ વાહનો લઈ જવા ઉપર પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે.

અખિલ ભારત હિંદુ મહાસભાના એક નેતાએ જિલ્લા વહીવટીતંત્રને ચેતવણી આપી હતી કે, જો તેમને ૬ ડિસેમ્બરે કૃષ્ણ જન્મભૂમિ સંકુલમાં આવેલી શાહી ઈદગાહમાં હનુમાન ચાલીસાના પાઠ કરવાની મંજૂરી આપવામાં નહીં આવે તો તેઓ આત્મવિલોપન કરશે. જયારે, વહીવટીતંત્રએ દાવો કર્યો છે કે શાંતિ અને સાંપ્રદાયિક સૌહાર્દને ખલેલ પહોંચાડવાની કોઈપણ વ્યકતિ અથવા સંસ્થાને મંજૂરી આપવામાં નહી આવે. પોલીસ અધિક્ષક (શહેર) માર્તંડ પ્રકાશ સિંહે કહ્યું કે અખિલ ભારત હિન્દુ મહાસભા અને તેના સમર્થક સંગઠનોની ઈદગાહ ઉપર હનુમાન ચાલીસાના પાઠ કરવાની જાહેરાતને ધ્યાનમાં રાખીને કૃષ્ણ જન્મસ્થાન અને શાહી ઈદગાહ મસ્જીદની આસપાસના વિસ્તારમાં સુરક્ષા વ્યવસ્થા વધારી દેવામાં આવી છે. પોલીસ દળે કૃષ્ણ જન્મસ્થાન અને શાહી ઈદગાહ મસ્જીદની આસપાસના વિસ્તારમાં ફૂટ માર્ચ પણ કરી હતી.

## કોલંબિયામાં ભૂસ્ખલન થતાં ૮ બાળકો સહિત ૩૪નાં મોત

બોગોટા તા. ૬

દક્ષિણ અમેરિકાના દેશ કોલંબિયામાં એક મોટી દુર્ઘટના ઘટી હતી. કોલંબિયાનાં રિસારાલ્ડા પ્રાંતમાં એક બસ ભૂસ્ખલનની ઝપેટમાં આવી ગઈ હતી. આ દુર્ઘટનામાં ૩૪ લોકોનાં મોત થયાં હતાં. નેશનલ યુનિટ ફોર ડિઝાસ્ટર રિસ્ક મેનેજમેન્ટના જણાવ્યા અનુસાર, મૃતકોમાં ૮ બાળકનો પણ સમાવેશ થાય છે. હજુ પણ ઘણા લોકો કાટમાળ નીચે દટાયેલા છે. રેસ્ક્યૂ-ઓપરેશન ચાલુ છે.


એક અધિકારીએ જણાવ્યું હતું કે ભારે વરસાદ બાદ રિસારાલ્ડા પ્રાંતમાં ભૂસ્ખલન થયું હતું. બસની સાથે અન્ય કેટલાંક વાહનોપણ કાટમાળમાં દટાઈ ગયાં હતાં.


દુર્ઘટના દરમ્યાન સ્થળ ઉપર હાજર એક વ્યકિતએ નજરે જોયું હતું, તેણે જણાવ્યું હતું કે પહેલા એક કાર અકસ્માતનો ભોગ બની હતી, જેને કારણે રસ્તો બંધ થઈ ગયો હતો. પાછળ આવી રહેલાં વાહનો થંભી ગયાં. અકસ્માત બાદ અહીં એક જીપ, બસ અને મોટરસાઈકલ ઊભી હતી, એ દરમ્યાન એકાએક ભૂસ્ખલન થયું હતું. કાટમાળ એટલી ઝડપથી નીચે આવ્યો કે કોઈ બચી શક્યું નહીં. બસમાં બે ડ્રાઈવર હતા, અને ઘણા મુસાફરો પણ સવાર હતા.

**વર્ક ફ્રોમ હોમ**

માત્ર ૩૦૦૦/- ભરી રજીસ્ટ્રેશન કરાવો, દર મહિને ૨૫૦૦૦/- થી ૪૦૦૦૦/- કમાઓ, કોઈપણ રોકાણ વગર, ગેરંટી રીટર્ન ચેક સાથે.

મો. ૭૦૪૩૬ ૩૮૨૨૭










C M Y K

# મતદારોનું "મૌન"- કાર્યકરોની "નિષ્ક્રિયતા" અને ઓછું મતદાન શું ઓપરેશન "ક" કરાવશે?

(સુરેશચંદ્ર એમ. ધોકાઈ દ્વારા) દ્વારકા તા. ૬

આઝાદીના અમૃતવર્ષ પર્વ ઉપર યોજાયેલ રાજ્યની ૧૫મી વિધાનસભા માટેની સામાન્ય ચુંટણીનો રંગ બરાબર ના હોય તેમ મતદારો દ્વારા છેલ્લે સુધી પોતે કોની તરફ છે કે કોને માની-જાણી મત આપશે તે બાબતે સંપૂર્ણ ''મૌન'' ધારણ કરી દરેક ઉમેદવારની સભામાં તેમના સબંધે-ફાયદાની આશા સાથે-આર્થિક વળતર મળતું હોય તે માટે ફક્ત હાજરી પુરાવવા પૂરતા હાજર રહેલ હોય તેવું વાતાવરણ પણ ચુંટણી પ્રચારમાં જોવા મળ્યા બાદ જે તે ઉમેદવારોના સ્થાનીક કાર્યકરો પણ નિષ્ક્રિય હોય તેમ સોશ્યલ મીડિયામાં છવાઈ રહેવા પૂરતા ઉપરથી આવતા મેસેજોને પોતાના દ્વારા બનવવામાં આવ્યાનું દર્શાવવા કોપી-પેસ્ટ કરીને શેર કરવા પૂરતા અને સંગઠનના ઉચ્ચ હોદેદારોના ગ્રુપમાં ફોરવર્ડ કરવા પૂરતા જે તે પક્ષમાં સક્રિય રહેલા હોય પાંચ વર્ષે આવતી અને સ્ટાર પ્રચારકોને જોવાનો-સાંભળવાનો મોકો આપતી જાહેર સભાઓમાં પણ બહુ પાતળી સંખ્યાની હાજરી અને કોઈક પક્ષે તો મત મળવાના નથી તેવું ગણિત માંડી જે તે ગામ-વિસ્તારમાં કાર્યાલયો પણ ખોલ્યા ના હોય તેવી પરિસ્થિતિ વચ્ચે આ ચુંટણીનું મતદાન પૂર્ણ થાય તેની રાહ જોઈ રાત્રિ પાર્ટીઓની મોજમજા માણ્યા સિવાયનું કોઈ કાર્ય ના કર્યું હોય તેના પરિણામ સ્વરૂપે મતદારો પણ ''મૌન'' બની નિષ્ક્રિય હોવાનો દેખાવ કરી રહ્યા હોય કે સાચા અર્થમાં ચુંટણીના સાચા મુદાઓના સ્થાને રાજકીય પાર્ટીઓ દ્વારા ફક્ત અને ફક્ત પોતે અને પોતાનો પક્ષ સારો છે અને સામેના વિરોધીઓ અને તેના પક્ષોનો ઈતિહાસ દર્શાવવા સિવાય કોઈ નવા પ્રશ્નો-મુદાઓ પ્રત્યે પોતાની જાગૃતતા દેખાડવાના બદલે જે તે પક્ષની પાર્ટી ગાઈડ લાઈન પ્રમાણે ભાષણ બાજી કરી એક-બીજા ઉપર આક્ષેપો-પ્રતિ આક્ષેપો કરવા સિવાયનો કોઈપણ પ્રચાર ના કરતાં પ્રજા એ પણ આ વખતે ફક્ત મતદાનમાં પોતાની ગેરહાજરીની નોંધ જે તે વિસ્તારના પોલિંગ એજન્ટો દ્વારા કાર્યકરોને ના પહોંચે તે માટે મતદાન કરવા નીકળેલ અને આ વખતે ચુંટણી કમિશ્નર દ્વારા પણ રાજકીય પક્ષોની ચુંટણી સમય એક કલાકનો વધારો કરવાની માંગણી મંજૂર ના કરાતા મતદાન મથકો ઉપર મતદારોની સતત દેખાતી લાઈનોને કારણે પણ નિષ્ક્રિય રહ્યા હોય કે અન્ય કોઈ કારણો હોય ગત વર્ષની સરખામણી સરેરાશ ૬૮.૮૯%ની જગ્યાએ આ વખતે સરેરાશ ૫૮.૯૩% એટલે કે ૧૦% જેટલું થયેલું ઓછું મતદાન ઉમેદવારોને અકળાવનારૂ-અનિશ્ચિત પરિણામ સ્વરૂપનું બની રહેલ હોવાનું અનુમાન છે.

ત્રી-પાંખિયા જંગમાં વધુ મતદાનના બદલે ઓછું મતદાન શું દર્શાવે છે?

ક્યારે પણ ના જોવા મળ્યો હોય તેવો દરેક બેઠકો ઉપર સીધો ત્રી-પાખિયો જંગ લગભગ બેઠકો ઉપર લડાઈરહ્યો છે ત્યારે નવા ઉમેરાયેલા યુવા મતદારો અને નવી રાજકીય પાર્ટી આપના ધમાકેદાર પ્રવેશ અને નવા નવા જોડાયેલા નેતાઓ-કાર્યકરો અને જાતિ આધારિત ટિકિટ વિતરણને કારણે મતદાનની ટકાવારીમાં વધારો થવો જોઈએ તેને બદલે ઘટાડો થયો છે તે સૌ માટે આશ્ચર્યજનક મનાય છે કારણ કે મતો જે ઘટયા છે તે રાજકીય પક્ષ ભાજપ-કોંગ્રેસ બેમાંથી એક પક્ષના ઘટયા છે જેમાં વર્ષ ૨૦૧૨માં ભાજપનો વોટ શેર ૫૦% હતો અને વિજય ૧૧૨ બેઠક ઉપર મેળવેલ જ્યારે કોંગ્રેસનો વોટ શેર ૪૦% હતો અને તેને ૬૬ બેઠક ઉપર વિજય મળેલ તેમજ જ્યારે ગત ચુંટણી વર્ષ ૨૦૧૭માં ભાજપનો વોટશેર ૬%ઘટતા ૪૪% થયેલ અને બેઠકોની સંખ્યા ૧૩ ઘટી ૯૯ થયેલ જ્યારે કોંગ્રેસનો વોટ શેર અગાઉ જેટલો જ ૪૦% રહેલ પણ બેઠકો ૧૧ વધી ૭૭ થયેલ. જે દર્શાવે છે કે ભાજપનો વોટ શેર ઘટતા વિજેતા બેઠકોની સંખ્યા ઘટે છે જ્યારે કોંગ્રેસની તેટલી જ રહે છે. પરંતુ ૨૦૨૧માં થયેલ સ્થાનીક સ્વરાજની ચુંટણીઓ ગ્રામ-તાલુકા અને જિલ્લા પંચાયતોની ચુંટણીમાં કોંગ્રેસનો વોટ શેર બહુ નીચો જવા સાથે ગ્રામ-તાલુકા અને જિલ્લા પંચાયતમાં બહુ મોટું નુકશાન થયેલ છે જે પણ સત્ય હકીકત છે અને તેણે જ સાયન્સના નિયમ મુજબ જ્યાં શૂન્યવાકાશ થાય ત્યાં આજુબાજુમાંથી તે જગ્યા ભરવા દબાણ સાથે ધસી આવે તેમ રાજ્યમાં આમ આદમી પાર્ટીને આવવાનું આડકતરૂ આમંત્રણ હોય તેમ રાજ્યમાં આમ આદમી પાર્ટીનો પ્રવેશ થયો છે અને તેમને મળનારા મતો અને મળનાર બેઠકો કોને નુકશાન કરશે તે તો હાલ રાજકીય પંડિતો પણ કહી શક્યતા નથી ત્યારે પરિણામો જે આવે તે સર્વે ને માટે ચોંકાવનારા હશે અને તેના કારણો માં ''આપ''-''અપક્ષો'' અને ''નોર્ટાના મતોના કારણે કંઈક કેટલાય પરિણામોમાં અપસેટ સર્જાય તેવું વાતાવરણ જામ્યાનું પણ હવે નકારી શકાતું નથી.

શું ત્રી-પાંખિયો જંગ જે આઝાદીના અમૃત વર્ષનો ઈતિહાસ બદલનારી બની રહેશે?

રાજયની ૧૫મી વિધાનસભા માટેની પ્રક્રિયાના ભાગરૂપે રાજ્ય વિધાનસભાની સામાન્ય ચુંટણીની દરેક બેઠકો ઉપર હાલ ત્રી-પાંખિયો રસાકસી ભર્યો રંગ જામ્યો હતો અને તેમાં પણ આ વખતે રાજ્યના જ રાજકીય પક્ષના અસંતૃષ્ટોના બળવા અને ગત વર્ષની રાજ્યની જિલ્લા પંચાયતોની ચુંટણીના વર્ષ ૨૦૧૬ના પરિણામોથી ઉલ્ટા અને રાજકીય પક્ષો ભાજપ અને કોંગ્રેસને દરેક ચુંટણીમાં મળતા વોટ શેરમાં કોંગ્રેસના પડેલા ગાબડાં બાદ ઊભી થયેલ નવા પક્ષ માટેની તકોને ઝડપવા અગાઉના ઈતિહાસ મુજબ રાજ્યના જ રાજકારણીઓ દ્વારા ઊભા કરાયેલા સ્થાનીક કક્ષા જેવા ત્રીજા પક્ષના બદલે પ્રથમ વખત રાજકીય પક્ષ તરીકે માન્યતા પ્રાપ્ત દિલ્હી-પંજાબમાં સત્તા ભોગવતા આમ આદમી પાર્ટીના ચુંટણી જંગના મેદાનમાં ઉતરતા રાજકીય વાતાવરણમાં નવો જ ઉત્સાહ અને તીવ્ર હરીફાઈ વચ્ચે ત્રી-પાંખિયો જંગ જામ્યો હતો અને કોંગ્રેસ-ભાજપ દ્વારા ટિકિટ ફાળવણીમાં થયેલ અન્યાયના નામે કંઈક કેટલાય ઉમેદવારો અપક્ષ સ્વરૂપે અને કંઈક કેટલાય અગ્રણી રાજકારણીઓના ટેકેદારો પણ ચુંટણી જીતવાના બદલે જે તે પાર્ટીના નિર્ધારિત કરેલા પરિણામો બદલવા માટે મેદાને જંગ માં ઉતાર્યા છે કે ઉતારવામાં આવ્યા છે ત્યારે આ વખતની આ ૧૫મી સામાન્ય ચુંટણી આઝાદીના અમૃત વર્ષના ઈતિહાસમાં આગાઉ ના યોજાયેલ હોય તેવી ''ત્રીમૂર્તિ'' સમાન ત્રી-પાંખિયા જેવી બનેલ આ ચુંટણી હાલની પરીરથીતી મુજબ સર્વે સ્થાનીક-નેશનલ-ઈન્ટરનેશન રાજકીય પક્ષો-રાજકારણીઓ-કાર્યકરો માટે યાદગાર બની રહેનાર હોવાનું નકારી શકતું નથી. જેમાં પણ કોંગ્રેસ પક્ષને થનાર નુકશાન કરતાં ભાજપને થનાર થોડું નુકશાન પણ સત્તા મેળવવા કરતાં સત્તા ટકાવી રાખવા માટે બહુ મુશ્કેલ બની શકે તેવા દરેક રાજકીય પક્ષમાંથી વિજેતા થનાર પાટીદાર સમાજના વિજેતાઓના સમીકરણો પાટીદાર સમાજના નવા રાજકીય ભવિષ્યનું નિર્માણ કરનાર હોવાનું પણ નકારી શકતું નથી કારણ કે વિજેતા ઉમેદવારો દ્વારા ચુંટણી પછીની નેતા-ઉપનેતા મંત્રી-સંત્રીની પસંદગીમાં થતી ગણતરીઓને રાજ્યમાં ઓપરેશન ''ક''એટલે કે 'કમલમ'-કોંગ્રેસ-કેજરીવાલ'' ને જન્મ આપે તેવી શક્યતાઓ પણ નકારી શકાતી નથી.

શું રાજકીય પક્ષો વચ્ચે સીધી ફાઈટ છે કે પછી ત્રીશંકુ સ્વરૂપના ''તંત્ર-મંત્ર-યંત્ર''વચ્ચે?

રાજ્યની સામાન્ય ચુંટણી આગામી વર્ષ ૨૦૨૪ની લોકસભા માટેની ચુંટણી પહેલાની નેટ પ્રેક્ટિસ જેવી હોય અને વર્ષ ૨૦૧૪થી કેન્દ્રમાં સતારૂઢ પાર્ટી ભાજપ માટે તો ગત ચુંટણીના બે આંકડા ૯૯ સીટોના વિજયના બદલે કોંગ્રેસના વર્ષ ૧૯૮૪ના ૧૪૯ સીટોના વિજયનો રેકોર્ડ તોડવા ૧૫૦ના ટાર્ગેટ બનાવી ચુંટણી જંગમાં ઉતર્યો છે. ત્યારે કેન્દ્ર અને રાજ્ય સરકારમાં સતાધારી પક્ષ તરીકે તેમની સાથે''તંત્ર-મંત્ર-યંત્ર'' જેવુ ''ત્રિવેણી સંગમ'' સાથે છે જે નિર્વિવાદ પણ સત્ય હકીકત છે અને તે કારણે તેના નિષ્ક્રિય રહેલ કાર્યકરો છતાં તેમના માટે વિજય બહુ મુશ્કેલ જણાતો નથી અને તે કારણે જ ''ઓપીનિયન પોલ-સટ્ટા બજાર''તેમને પરિણામો ''ઈવીએમ''બંધ હોવા છતાં વિજેતા દર્શાવી રહ્યા છે જ્યારે કોંગ્રેસ પક્ષ પાસે ફક્ત અને ફકત રાજ્યમાં પ્રથમ વખત કોઈ રાજકીય થીયરીના અમલીકરણના બોધપાઠ રૂપના વર્ષ ૧૯૮૨ના સ્વ.માધવસિંહ સોલંકીની ''ખામ'' થીયરીથી જાણીતા બનેલ રાજકીય મંત્ર હતો તેમાં થોડો ફેરફાર કરી કરાયેલ ''ટેકો'' મતલબ 'ઠાકોર-આદિવાસી-ચોધરી-અધર્સ ''નો બનેલ નવો મોરચો એટલે કોંગ્રેસ પક્ષ તરીકેની ઓળખ ઊભી કરીઆ ચુંટણી મેદાનમાં ઊતરી આ ''મંત્ર''ના આધારે ચુંટણી જીતવા નીકળ્યાનું પણ રાજકીય પંડિતો જોઈ રહ્યા છે જ્યારે નવા પ્રવેશેલા''આપ''પાસે પણ ભગવાન શ્રી કૃષ્ણ નો મંત્ર ''પરિવર્તન''સંસારનો નિયમ હોવાનું જણાવી આ ચુંટણી મેદાનમાં ઉતર્યા છે અને તે કારણે આ ત્રી-પાંખિયો જંગ પણ ત્રિકોણાકાર બન્યો હોવાનું નિશ્ચિત છે જે કારણે પરિણામો પણ ''ત્રિશંકુ''આવવાનું પણ નકારી શકાતું નથી.

ઓછું મતદાન શું દર્શાવે છે

જેમાં બંને ચરણ માં થયેલ મતદાન ગત બે ચુંટણી ૨૦૧૨ અને ૧૭ના પ્રમાણ ઓછું રહેલ છે અને અગાઉ ના ગત વર્ષ ૨૦૧૨-૨૦૧૭ની ચુંટણીમાં અગાઉની ચુંટણીના પ્રમાણમાં થયેલ ઓછા મતદાને ભાજપની વિજેતા બેઠકોમાં ઘટાડો કરેલ ત્યારે આ વખતનું ઘટેલ મતદાન તેને વધુ ઓછી બેઠકોના નુકશાનના બદલે વધુ બેઠકો અપાવે તો નવાઈ નહિ જણાય કારણ કે ગત વખતે ભાજપને ભાજપની જ મોટી વોટ બેંક પાટીદાર સમાજના ''પાસ''ના આંદોલનના પડઘાનો સામનો કરવો પડેલ અને તેનું પરિણામ પણ તેને મળેલ જ્યારે આ વખતે આવું કોઈ આંદોલન નથી અને પક્ષમાં થોડા ઘણા અસંતોષ સિવાય કોઈ મુશ્કેલી નથી અને આપ દ્વારા જે કઈ મતો શહેરી વિસ્તારોમાં મળે છે તે તેમને નુકશાન કરે છે પરંતુ તેના કારણે ગત વખતની સરખામણીમાં ભાજપને મળેલ શહેરી વિસ્તારોના મતોની સંખ્યાઅને વિજેતા ઉમેદવારના વિજયના માર્જિનની સંખ્યામાં ઘટાડો થાય છે પણ બેઠકોમાં નહિ જ્યારે પણ સામા પક્ષ કોંગ્રેસને માટે તો કોઈ સ્ટાર પ્રચારક નહીં-કોઈ કાર્યકર નહીં-કોઈ વ્યવસ્થિત સંગઠન નહીં અને સ્થાનીક લેવલે કોઈ નેતાઓના અભાવે આ ચુંટણીમાં મળ્યું તે નફામાં તે ન્યાયે ચુંટણી લડવા નીકળ્યા હતા ત્યારે તેમના માટે ગત વર્ષની જીતેલ બેઠકો પણ મળી રહે તેવું જણાતું નથી કારણ કે કોંગ્રેસને મળેલ બેઠકો શહેરી વિસ્તારના બદલે ગ્રામ્ય વિસ્તારોની છે અને ત્યાં આપને મળનારા મતો સીધા તેમના જ મતોને નુકશાન કરી રહેલ હોય આવી પરિસ્થિતિ હોવાનું એક્ઝિટ પોલના આંકડા દ્વારા જણાય છે. જ્યારે આમ આદમીની પાર્ટી ''આપ''તો પ્રજા સમક્ષ પ્રજાના પ્રશ્નો દર્શાવવામાં સફળ રહેલ છે પરંતુ તેને મતોમાં ફેરવવા માટે જરૂરી કાર્યકરોની મોટી ખોટ તેમને શહેરી વિસ્તારોમાં થોડી ઘણી બેઠકો અપાવી શકે છે પરંતુ તેમને મળનારા મતો ભાજપ-કોંગ્રેસના વોટ શેરને સીધી રીતે અસરકર્તા બની રહેનાર છે તે બહુ સ્પષ્ટ અને સત્ય હકીકત જણાય છે. જ્યારે એક હકીકત પણ બહુસ્પષ્ટ દેખાય છે કે આપ ને મળનારી જે કઈ બેઠકોના વિજેતા ઉમેદવારો આવનારા દિવસોમાં રાજ્ય માં પ્રજાના પ્રશ્નોને વાચા અપવાનું અને રજૂ કરવાનું કામ કરી નવું માળખું ઊભું કરી આવનાર દિવસો માટે ભહજપ-કોંગ્રેસને મોટા પડકાર રૂપ બની રહેશે તે પણ નકારી ના શકે તેવી સ્પષ્ટ અને સત્ય હકીકત મનાય છે

ત્રી-પાંખિયા જંગમાં એક-એક મત કોઈક બેઠકો ઉપર નિર્ણાયક પણ હોય છે?

વર્ષ ૨૦૧૭ની ૧૪મી વિધાનસભા માટેની ચુંટણીમાં સતાધારી પક્ષ ભાજપ સામે તેમના જ સ્થાનીક રાજકીય અસંતુષ્ટ નેતાઓ દ્વારા ઊભા કરાયેલા ''પાટીદાર આંદોલન'' પાસના કારણે આ ચુંટણીમાં કોઈક કોઈક બેઠકો ઉપર પાસના અસંતુષ્ટો દ્વારા ત્રી-પાંખિયો જંગ કરવામાં આવેલ જેમાં ચુંટણીના પરિણામોમાં અપસેટ સર્જાવાના પ્રયાસો થયા જ છે પરંતુ તેમાં બહુ સફળતા મળેલ ના હોવા છતાં ભાજપના અગાઉના વિજેતા ઉમેદવારોની સંખ્યામાં ઘટાડો કરવામાં સફળ રહેલ અને ભાજપનો વોટ શેર ૨૦૧૨માં જે ૫૦% હતો તે ૪૪% કરવામાં સફળ રહેલ જ્યારે આ પરિણામોનું પુર્નરાવર્તન ના થાય તે માટે ભાજપ દ્વારા છેલ્લા બે વર્ષ માં તેના કુખ્યાત બનેલ 'ઓપરેશાન લોટસ'' દ્વારા સુધારો કરવાનું ચાલુ કરેલ ત્યારે આ વખતે સૌરાષ્ટ્રની ૪૩ બેઠકોમાંથી દશ બેઠકો ઉપર આ ઘટના બનેલ હોય આ દશ બેઠકો ઉપર આ વખતે ભાજપ દ્વારા તેને ટાર્ગેટ બનાવી તે ઉપર ધ્યાન આપવામાં આવી રહ્યું હતું ત્યારે આ વખતે હવે ત્રી-પાંખિયા જંગમાં ત્રીજા ઉમેદવારને મળનારા મતોને કારણે સૌરાષ્ટ્રની આ દશ બેઠકોની સંખ્યા વધુ થવાની શક્યતા વચ્ચે આપને મળનારા મતો મોટો અપ-સેટ સર્જનાર બની રહેશે તેવું રાજકીય પંડિતો જણાવી રહ્યા છે અને તે કારણે ચુંટણી પ્રચારના અંતિમ દિવસ સુધી ત્રણે પક્ષોના નેતાઓ દોડધામમાં પડ્યા છે અને છેલ્લે છેલ્લે ''નાઉ ઓર નેવર''મુજબ અત્યારે નહિ તો ક્યારેય નહિ તેવી ઉપસ્થિત થયેલ પરિસ્થિતિ વચ્ચે મરણ્યાં બન્યા હતા.

ત્યારે આપના મતો કોઈક માટે નોટોના મતો પણ બની રહેનાર હોવાનું નકારી શકતું નથી!!

આપના મતો જે ઉમેદવારને વિજેતા બનાવવામાં ઉપયોગી બનશે તેમના માટે તે મતો ''નોટો''ના મતો બની રહેશે કારણ કે સૌ પ્રથમ વખત કડવા-લેઉઆ પટેલો એક બની બનેલા પાટીદાર સમાજના હાલના હોદેદારોના રાજકીય સમીકરણો અને ''પ્રથમ પાટીદાર''વાતાવરણ અને તેમાં પણ બહુ સક્રિય બનેલા પાટીદાર સમાજના સંગઠન અને તેમની રાજકારણની નીતિઓ અંતર્ગત ''ચુંટણી પછીની ચુંટણી'' મતલબ સરકાર બનાવવી-મુખ્ય મંત્રી નક્કી કરવા-મંત્રીઓ નક્કી કરવા-અધિકારીઓની પોતાના વિસ્તારોમાં નિમણૂક કરાવવાની-ઔધોગિક એકમોની ફાઈલો ક્લિયર કરાવવાની જેવી કઈક કેટલીય સેવાઓ ચૂટાયાં પછી કરવાની હોય છે અને તેમાં ક્યાંકને ક્યાંક કોઈક આર્થિક લાભ અને પાર્ટી દ્વારા રાજ્યસભાની ચુંટણી સમયે ચાલતા ધારાસભ્યોના ઓપરેશન સમયે પણ મળતા લાભો આપના મતોને કારણે વિજેતા બનેયલ ઉમેદવાર માટે ''નોટો''ના મતો બની જાય તેમ હોવાનું પણ નકારી શકાતું નથી જે પણ એક સ્વીકાર્ય અને સત્ય હકીકતો છે જે નકારી ના શકાય તેવી છે અને તે કારણે જ દિવસે દિવસે પ્રજા પ્રતિનિધિ થવા માટે કઈક કેટલાય ઉમેદવારો જે તે પક્ષમાં સ્વમાનના ભોગે પક્ષ પલ્ટા કરીને પણ પ્રવેશ મેળવે છે કાં અન્ય પક્ષ સાથે જોડાય છે અને ત્યારે હસતાં હસતાં કહે પણ છે કે ભાઈ આતો ''રાજકારણ''છે જેની વ્યાખ્યા તેમના માટે ''કારણ વગરનું કારણ એટલે રાજકારણ''તેવું જણાવી પ્રજાને મૂર્ખ પણ બનવામાં આવે છે.

ઓપરેશન ''ક'' એટલે 'કમલમ-કોંગ્રસ-કેજરીવાલ''

ઓપીનિયન પોલના સર્વે અને મતદાનનો ઘટાડો આ ત્રી-પાંખિયા બનેલા ચુંટણી જંગમાં ''ફેકચર્ડ મેન્ડેટ''

એટલે કે ''ત્રી-શંકુ''ની પરિસ્થિતિ ઊભી કરાવે તેવી શક્યતા દર્શાવતી નથી પરંતુ લોકશાહીમાં રાજકારણમાં કઈ નક્કી ના હોય અને ક્યારે શું થાય તે પણ મતપેટીઓ ખુલ્લે નહિ ત્યાં સુધી કહી ના શકાય તે ન્યાયે જો અને તો ના ગણિત વચ્ચે બહાર આવતા પરિણામો વચ્ચે જો ''ફેકચર્ડ મેન્ડેટ''એટલે કે ''ત્રી-શંકુ''ની પરિસ્થિતિ ઊભી થાય તો રાજ્યમાં અગાઉ થયેલા ઓપરેશન ''લોટસ''ની માફક ઓપરેશન ''ક''કરવાની પરિસ્થિતિ નિર્માણ થાય તો જેમ આમ આદમી પાર્ટી પહેલાથી જાહેરમાં કહે છે તેમ કોંગ્રેસના વિજેતા ઉમેદવારો ''કમલમ''જવા દોડશે ત્યારે સરકાર તો ભાજપની જ બનવાની છે તે નિશ્ચય છે તેવું જણાવી મતદારોને ''ફેકચર્ડ મેન્ડેટ''ના આપવા અને ''ત્રી-શંકુ''ની પરિસ્થિતિ ઊભી ના થાય તેવું જણાવી તેમને સ્પષ્ટ બહુમતી આપવાનું કહેતા હતા ત્યારે તે હવે ઓછા મતદાનના કારણે પરિસ્થિતિ નિર્માણ થવાની શક્યતા જણાતી નથી પણ જો થાય તો ''આપ'' દ્વારા શું કોંગ્રેસને ટેકો આપી સરકાર બનાવવાની શક્યતા વચ્ચે કોંગ્રેસ દ્વારા પણ ઓપરેશન ''ક'' એટલે ''કેજરીવાલ''અંગે આગળ વિચારણા ચાલે તેવી શક્યતા નકારી શકતી નથી કારણ કે સૌ પ્રથમ વખત આપ ને દિલ્હીમાં સતા અપાવનાર આજ કોંગ્રેસ પક્ષ હતો જે ઈતિહાસ ગવાહ છે ત્યારે અંહી આજ ઘટના ઊલટી બનતી હોય તેમ ૨૭ વર્ષ બાદ ફરીને આમ આદમી પાર્ટી કોંગ્રેસને ટેકો આપી સતા અપાવે તો કઈ નવાઈ પામવા જેવુ નહીં જણાય પણ આ બધી વાતો રાજકારણના એક નિયમ જો અને તો ઉપર આધારિત છે પરંતુ અશકયને શક્ય બનાવે તે રાજકારણ તે ન્યાયે આ પરિસ્થિતિ નિર્માણ થાય તેવું પણ રાજકીય પંડિતો નકારતા નથી અને આ બધી શક્યતાઓ ફક્ત ઓછા થયેલા મતદાનને કારણે વિચારણા હેઠળ મને છે બાકી આવી કોઈ શક્યતા હાલ જણાતી પણ નથી.

## લાઈટ બિલ ભરવામાં છેતરપિંડીનો ભોગ બનેલા ખંભાળિયાના આસામીને સાયબર સેલ વિભાગે ગુમાવેલી રકમ પરત અપાવી

(કુંજન રાડિયા દ્વારા) જામ ખંભાળિયા તા.૬

વીજળીના બાકી બિલ ભરવાનું કહી અને છેતરપિંડીનો ભોગ બનવા અંગેના અનેક કિસ્સાઓ પ્રકાશમાં આવી રહ્યા છે. આવા જ એક પ્રકરણમાં ભોગ બનેલા ખંભાળિયાના આસામીને જિલ્લા સાયબર સેલ વિભાગ દ્વારા તાકીદની કાર્યવાહી કરી, છેતરપિંડીની રકમ પરત અપાવવા સફળતા મળી છે. ખંભાળિયાના જે.કે.વી. નગર વિસ્તારમાં રહેતા વિજયભાઈ મનસુખલાલ કટારીયાને તેમના મોબાઈલ ફોનમાં મેસેજ આવ્યો હતો કે તમારૂ લાઈટ બિલ ભરવાનું હોય, તે તાત્કાલિક ભરી દેવું. જો લાઈટ બિલ ભરવામાં નહીં આવે તો લાઈટ કનેકશન કાપી નાખવામાં આવશે. આ મેસેજમાં એક મોબાઈલ નંબર પણ આપવામાં આવ્યો હતો. તેના ઉપર વિજયભાઈ કટારીયા એ સંપર્ક કરતા સામેવાળાએ તાકીદે બિલ ભરવાના બહાને તેમના ક્રેડિટ કાર્ડ નંબર, સીવીવી, ઓટીપી, વિગેરેની માહિતી મેળવી લીધી હતી. જે પરથી તેમના ક્રેડિટ કાર્ડમાંથી જુદા જુદા બે ટ્રાન્ઝેકશન મારફતે કુલ રૂપિયા ૭૮,૦૫૬ ઉપડી ગયા હતા. આ સમગ્ર છેતરપિંડી પ્રકરણ અંગે અરજદાર દ્વારા અહીંના સાયબર ક્રાઈમ સેલ વિભાગનો સંપર્ક કરવામાં આવ્યો હતો. દેવભૂમિ દ્વારકા જિલ્લા સાયબર ક્રાઈમ સેલ વિભાગના પી.આઈ. ટી.સી. પટેલના માર્ગદર્શન હેઠળ સ્ટાફના હેડ કોસ્ટેબલ ધરણાંતભાઈ બંધીયા, મુકેશભાઈ કેસરિયા, હેભાભાઈ ચાવડા તથા હેમંતભાઈ કરમુર દ્વારા આ અંગે તાકીદની કાર્યવાહી કરી, જરૂરી પત્રવ્યવહાર તથા ટેકનિકલ રિસોર્સિસના આધારે રૂપિયા ૭૮,૦૫૬ ની રકમ પરત મેળવવા સફળતા મળી હતી. ઓનલાઈન થતી છેતરપિંડીથી બચવા માટે કોઈપણ વ્યક્તિને મોબાઈલ ઉપર કોઈ પણ પ્રકારની બેંક માહિતી માટે ફોન આવે તો આવા ફોન કે મેસેજનો જવાબ નહીં આપવા તેમજ ક્રેડિટ કાર્ડ, ડેબિટ કાર્ડના ઓટીપી, ગુપ્ત પીન વિગેરેની માહિતી કોઈપણ સાથે શેર ન કરવા દેવભૂમિ દ્વારકા જિલ્લા સાયબર ક્રાઈમ સેલ વિભાગ દ્વારા આમ જનતાને અપીલ કરવામાં આવી છે.

### એનજીઓ ઓક્સફેમ ઈન્ડિયા દ્વારા તારણ

## ઈન્ટરનેટ વાપરવામાં ભારતની મહિલાઓ ખૂબજ પાછળ છે

(સંપૂર્ણ સમાચાર સેવા) નવી દિલ્હી, તા.૬

એનજીઓ ઓકસફેમ ઈન્ડિયા દ્વારા કરવામાં આવેલા એક અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે ભારતમાં ઈન્ટરનેટ વપરાશમાં મહિલાઓ હજુ પણ ઘણી પાછળ છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે ભારતમાં માત્ર એક તૃતીયાંશ ઈન્ટરનેટ યુઝર મહિલાઓ છે. એનજીઓ દ્વારા રવિવારે બહાર પાડવામાં આવેલા 'ઈન્ડિયા ઈનઈક્વાલિટી રિપોર્ટ ૨૦૨૨: ડિજિટલ ડિવાઈડ' અનુસાર ભારતીય મહિલાઓ પાસે મોબાઈલ ફોન રાખવાની શક્યતા ૧૫ ટકા ઓછી છે અને પુરુષો કરતાં મોબાઈલ ઈન્ટરનેટ સેવાઓનો ઉપયોગ કરવાની શક્યતા ૩૩ ટકા ઓછી છે.

અભ્યાસમાં જણાવાયું છે કે એશિયા-પેસિફિક ક્ષેત્રમાં, ભારતે ૪૦.૪ ટકાના વ્યાપક લિંગ તફાવત સાથે સૌથી ખરાબ પ્રદર્શન કર્યું છે. અહેવાલ ગ્રામીણ-શહેરી ડિજિટલ વિભાજન તરફ પણ નિર્દેશ કરે છે. અહેવાલમાં જણાવાયું છે કે વાર્ષિક ૧૩ ટકાના નોંધપાત્ર (ડિજિટલ) વૃદ્ધિ દરની નોંધણી કરવા છતાં, તેમના શહેરી સમકક્ષોના ૬૭ ટકાની સરખામણીએ માત્ર ૩૧ ટકા ગ્રામીણ વસ્તી ઈન્ટરનેટનો ઉપયોગ કરે છે. રિપોર્ટમાં જાન્યુઆરી ૨૦૧૮ થી ડિસેમ્બર ૨૦૨૧ દરમિયાન કરવામાં આવેલા સેન્ટર ફોર મોનિટરિંગ ઈન્ડિયન ઈકોનોમી (સીએમઆઈઈ)ના ઘરગથ્થુ સર્વેક્ષણના પ્રાથમિક ડેટાનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે.

રાજ્યોમાં, મહારાષ્ટ્રમાં સૌથી વધુ ઈન્ટરનેટ પેનિટ્રેશન છે, ત્યારબાદ ગોવા અને કેરળ છે, જ્યારે બિહાર સૌથી ઓછું છે, ત્યારબાદ છત્તીસગઢ અને ઝારખંડ છે. એનએસએસ (૨૦૧૭-૧૮) મુજબ, કોઈપણ અભ્યાસક્રમમાં નોંધાયેલા વિદ્યાર્થીઓમાંથી માત્ર નવ ટકા વિદ્યાર્થીઓ પાસે ઈન્ટરનેટ સાથેના કોમ્પ્યુટરની ઍક્સેસ હતી અને ૨૫ ટકા નોંધાયેલા વિદ્યાર્થીઓ કોઈપણ પ્રકારના ઉપકરણો દ્વારા ઈન્ટરનેટની ઍક્સેસ ધરાવતા હતા.

## ખંભાળિયાના ભાડથર ગામે સી.આર.સી. કક્ષાના ગણિત, વિજ્ઞાન પ્રદર્શનનું આયોજન સંપન્ન



(કુંજન રાડિયા દ્વારા) જામ ખંભાળિયા તા.૬

ખંભાળિયા તાલુકાના ભાડથર ગામે તાજેતરમાં સી.આર.સી. કક્ષાના ગણિત - વિજ્ઞાન પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ અંતર્ગત ભાડથર સી.આર.સી. ખાતે સી.આર.સી.ની તમામ શાળાઓએ ભાગ લીધો હતો. જેમાં વિભાગ -૫ (બ) માં ભાડથર તાલુકા શાળાની વાર અને ઘનમાટેનું વર્કિંગ મોડેલની કૃતિ પ્રથમ ક્રમે પસંદગી પામી હતી. વિભાગ -૩ સ્વાસ્થ્ય અને સ્વચ્છતામાં ઈન્ટીરેડીએશન મોબાઈલ ચિપની ભાડથર વાડી શાળા-૧ની કૃતિ શ્રેષ્ઠ પસંદ થઈ હતી. વિભાગ -૨ (બ) ની પર્યાવરણ સંબંધિત ચિંતામાં ભાડથર કન્યા શાળાની જ્વાળામુખી વિસ્ફોટની કૃતિ પસંદ થઈ હતી.

તાલુકા શાળાના આચાર્ય અને કન્યા શાળાના આચાર્ય તથા તમામ શિક્ષકો દ્વારા આ આયોજનમાં ભાગ લેવા બદલ તમામ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. સમગ્ર સ્પર્ધાનું આયોજન સી.આર.સી કો-ઓર્ડીનેટર વિજયભાઈ કણઝારીયા દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં તમામ સ્પર્ધકોને પ્રોત્સાહક ઈનામ પણ આપવામાં આવ્યા હતા.


## બોર્ડના વિદ્યાર્થીઓને હવે સોગંદનામાં રજૂ નહીં કરવા પડે

(કુંજન રાડિયા દ્વારા) જામ ખંભાળિયા તા.૬

ગુજરાતમાં ધોરણ ૧૦ તથા ૧૨માં બોર્ડની પરીક્ષાઓમાં ખાનગી છાત્રોને ફોર્મ ભરે ત્યારે તેમની પાસેથી સોગંદનામું (એફિડેવિટ) લેવામાં આવતું હતું.

જે માટે દરેક છાત્રને રૂપિયા ૨૦૦ થી ૩૦૦નો ખર્ચ થતો હતો. આ મુદે સરકાર દ્વારા જ્યાં જરૂરી ન હોય ત્યાં એફિડેવિટના બદલે સેલ્ફ ડેકલેરેશનનો નિયમ લાગુ કર્યો છે. જેથી બોર્ડ દ્વારા વેબસાઈટ ઉપર આ અંગેનો નમૂનો મૂકી અને આવું જ પ્રમાણપત્ર રજૂ કરવા જણાવતા હવે ખાનગી છાત્રોને ફાયદો થશે. આ નવા નિયમથી બોર્ડના ખાનગી છાત્રોને સોગંદનામાની પીંજણમાંથી મુક્તિ મળશે. આ નિર્ણયથી વિદ્યાર્થીઓમાં ખુશીની લાગણી ફેલાયેલ છે.

## જૂનાગઢ પંચેશ્વરમાં દેશી દારૂની ભઠ્ઠી ઉપર પોલીસની રેડ



(ક્રાઈમ રીપોર્ટર દ્વારા) જૂનાગઢ તા. ૬

જૂનાગઢ પંચેશ્વર વાડીયા વિસ્તારમાં રહેતા બુટલેગર ઉકા વેજાભાઈ કોડીયાતર પોતાનાં રહેણાંક મકાનની પાછળનાં ભાગે આવેલ વોકળામાં ગેરકાયદેસર રીતે દેશી પીવાનો દારૂ ગાળવાની પ્રવૃત્તિ કરતો હોવાની માહીતીનાં આધારે પોલીસે રેડ પાડી દેશી પીવાનો દારૂ બનાવવાનો આથો લી. ૭૬૦૦ કિંમત રૂ. ૧૫,૨૦૦, પ્લાસ્ટીકનાં તથા પતરાનાં બેરલ નંગ-૪૦, બેરલ સહિત કિંમત રૂ. ૧૯,૨૦૦ દેશી પીવાનો દારૂ લી. ૮૫ કિંમત રૂ. ૧૭૦૦, પ્લાસ્ટીકનાં કેન નંગ-૪ કિંમત રૂ. ૧૯૦૦ મળી કુલ રૂ. ૨૧,૧૦૦નો મુદામાલ કબજે કરી જૂનાગઢ શહેર એ ડીવીઝન પોલીસમાં પ્રોહીબીશન હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. આ કામગીરીમાં પીઆઈ જે.એચ. સીંધવ, પીએસઆઈ જે.જે. ગઢવી, વિક્રમભાઈ ચાવડા, જયદીપભાઈ કનેરીયા, સાહિલભાઈ શમા વિગેરે સ્ટાફ જોડાયેલ હતો.

# જૂનાગઢમાં પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવની ઉદઘોષ સભા ભાવ પૂર્વક યોજાઈ







## બીએપીએસ સ્વામિનારાયણ મંદિરના પટાંગણમાં હજારો ભકતજનોએ લાભ લીધો





જૂનાગઢ, તા.૬

જૂનાગઢમાં તાજેતરમાં બીએપીએસ સ્વામિનારાયણ મંદિરનાં વિશાળ પ્રાંગણમાં હજારોની ભકતજન મેદની અને સંતો મહાનુભાવોની હાજરી વચ્ચે 'પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવ' નિમિત્તે ભવ્યાતિભવ્ય ઉદ્‌ઘોષ સભા યોજાઈ હતી. આગામી તા.૧૫ ડિસેમ્બર, ૨૦૨૨થી લઈ ૧૫ જાન્યુઆરી ૨૦૨૩, સુધી સતત એક માસ સુધી અમદાવાદ ખાતે વિશ્વ વંદનીય પ્રમુખસ્વામી મહારાજનો અદ્વિતીય દિવ્ય ભવ્ય શતાબ્દી મહોત્સવ ઉજવાનાર છે તેના ઉદ્‌ઘોષ સ્વરૂપે આ ઉદઘોષ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. ભક્તજન મેદનીએ આ સભાના વિવિધ કાર્યક્રમોનો આનંદ ઉત્સાહ ભેર લાભ લીધો હતો. બીએપીએસ વિદ્યામંદિર તથા બીએપીએસ જૂનાગઢ બાળ મંડળના બાળવૃંદે પ્રમુખસ્વામી મહારાજનું મહિમા ગાન સુંદર કીર્તનો દ્વારા કર્યું હતું તેમજ બીએપીએસ સ્વામિનારાયણ છાત્રાલયના યુવાવૃંદે જોશોમંગથી પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી મહોત્સવના સુંદર ગીત ઉપર આકર્ષક નૃત્ય રજૂઆત કરી હતી. આ ઉદઘોષ સભામાં જેઓ પ્રમુખસ્વામી મહારાજના આશીર્વાદથી તથા નોંધનીય પુરૂષાર્થથી સ્પીપા ગુજરાતર ગવર્મેન્ટના કલાસ વન ઓફિસર બન્યા તથા જેઓ મોટીવેશનલ સ્પીકર તરીકે ગુજરાતમાં સુવિખ્યાત છે એવા શૈલેષભાઈ સગપરીયા આ સભામાં મુખ્ય વકતા તરીકે રહ્યા હતા. પોતાના જોશીલા વકતવ્યમાં તેમણે સમાજ ઉપરના પ્રમુખસ્વામી મહારાજના ઋણાનું વાદનું ગાન કર્યું હતું. તથા સંતાનોને સુપેરે ઘડતર કરવાના સંસ્કાર વિષે પ્રમુખસ્વામી મહારાજના સંદેશનું આહવાન કર્યું હતું. ત્યારબાદ અમદાવાદમાં ઉજવાનાર પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવ કેવો હશે ? તેની ઝલક વિડીયો દર્શન દ્વારા દર્શકોએ માણી હતી. પ્રમુખસ્વામી મહારાજનાં દિવ્યકાર્ય ઉપર એક વિડિયો દર્શન પણ સહુએ માણ્યું હતું. સંતોએ સમગ્ર જૂનાગઢ વાસીઓને અમદાવાદ ખાતે ઉજવાનાર આ પ્રમુખસ્વામી શતાબ્દી મહોત્સવનો જરૂર લાભ લેવા સસ્નેહ આમંત્રણ પાઠવ્યું હતું. આ ઉદઘોષ સભાના અંત ભાગમાં ઉપસ્થિત મહાનુભાવો તથા ભકત જનમેદનીએ પ્રમુખસ્વામી મહારાજને મંત્ર પુષ્પાંજલિ અર્પણ કરી હતી. સભામાં ઉપસ્થિત મહાનુભાવોઓએ આ ઉદઘોષ સભાની તથા ઉજવનાર પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવના આયોજનની પ્રશંસા કરી હતી. બીએપીએસ મંદિરના આકાશને ફાયર વર્કસની રંગબેરંગી રોશની વડે પ્રકાશિત કરીને આ સભાની પૂર્ણાહુતિ ધામધૂમથી દબદબા પૂર્વક કરવામાં આવી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે બીએપીએસ દ્વારા હવે દરેક મંદિરોમાં ભગવાન સ્વામિનારાયણની ચલ મૂર્તિ સાથે મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામીની ચલ મૂર્તિ પણ બિરાજીત થશે અત્રે આ પ્રસંગે ઉદઘોષ સભામાં પણ શ્રી અક્ષરપુરૂષોતમ મહારજની મૂર્તિને પાલખીમાં બિરાજમાન કરીને ધામધૂમ પૂર્વક શોભા યાત્રા સભા સ્થળે કાઢવામાં આવી હતી અને તેમને મંચસ્થ કરીને સંતો ભકતો દ્વારા મહા આરતી ઉતારવામાં આવી હતી તથા શ્રી અક્ષરપુરૂષોત મહારાજની સૂકા મેવા દ્વારા તુલા વિધિ કરવામાં આવી હતી. સદા પરહિત કાજે જીવી ગયેલા પ્રમુખસ્વામી મહારાજનીએ ભાવનાને ઋણ સ્વરૂપે અદા કરવા મંદિર કેમ્પસમાં બપોર દરમ્યાન રક્તદાન કેમ્પનું પણ સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પુરૂષ તથા મહિલા હરિભકતોએ ૧૨૦ બોટલ જેટલું રક્તદાન કર્યું હતું.

# જૂનાગઢ કૃષિ યુનિ.ના ઇજનેરી મહાવિદ્યાલય ખાતે સવારે ૮:૦૦ કલાકે થશે મત ગણતરી

**કુલ ૧૪ ટેબલ ઉપર થશે મતગણતરી, ૩૦૦ જેટલા અધિકારીઓ-કર્મચારીઓ ફરજ બજાવશે : જીલ્લાની પાંચેય વિધાનસભા બેઠકની મત ગણતરીમાં પોલીસનો ચુસ્તબંદોબસ્ત રહેશે**

જૂનાગઢ, તા.૬

જૂનાગઢ જિલ્લાની પાંચેય વિધાનસભા બેઠકની મતગણતરી તા.૮ ડિસેમ્બરને સવારે ૮ કલાકે જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના ઈજનેરી મહાવિદ્યાલય ખાતેથી પ્રારંભ થશે. કુલ ૧૪ ટેબલ મતગણતરી થશે અને ૩૦૦ રીઝર્વ સહિતના અધિકારઓ-કર્મચારીઓ મત ગણતરીમાં ફરજ બજાવશે. વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૨ અંતર્ગત પ્રથમ અને બીજા તબક્કાની ચૂંટણી યોજાઈ ગઈ છે. ત્યારે જૂનાગઢ જિલ્લાની પાંચેય વિધાનસભા બેઠકની મતગણતરી આગામી તા.૮ ડિસેમ્બરના થશે. આ મતગણતરી જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના ઈજનેરી મહાવિદ્યાલય ખાતે સવારે ૮ કલાકથી શરૂ થશે. તેમજ મતગણતરી માટે નિર્ધારિત પ્રક્રિયા સવારે ૬-૩૦ કલાકે શરૂ થઈ જશે. આ મતગણતરી ૧૪ ટેબલ ઉપર થશે. આ મતગણતરીમાં ૩૦૦ જેટલા રીઝર્વ સહિતના અધિકારીઓ-કર્મચારીઓ ફરજ બજાવશે. આ મતગણતરીમાં માઈક્રો ઓબ્ઝર્વર તરીકે બેક્ર અને એલઆઈસીના સ્ટાફને જવાબદારી સોંપવામાં આવી છે. તેમજ કાઉન્ટીંગ સુપરવાઈઝર તરીકે વર્ગ-૧ અને ૨ ના રાજ્ય પત્રિત અધિકારીઓ અને વર્ગ-૩ના કર્મચારીઓ કાઉન્ટીંગ આસ્ટીસ્ટ તરીકે કામ કરશે. મતગણતરી સમય દરમ્યાન પોલીસ અને આર્મી જવાનોનો ચુસ્તબંદોબસ્ત રહેશે.

# જૂનાગઢ : સત્યમ સેવા યુવક મંડળ દ્વારા ધોબી જ્ઞાતિની દીકરીના આદર્શ લગ્ન યોજાયા





જૂનાગઢ, તા.૬

જૂનાગઢની જાણીતી સેવા ભાવી સંસ્થા સત્યમ સેવા યુવક મંડળ તેમજ સમસ્ત હિન્દુ ધોબી સમાજ યુવક મંડળના સહકારથી તા.૪/૧૨/૨૦૨૨ના રોજ સત્યમ સેવા યુવક મંડળના સત્સંગ હોલ ખાતે ધોબી સમાજની દીકરી શ્રધ્ધાબેન વાઘેલાના આદર્શ લગ્ન યોજાયા હતા જેમાં ૫૦ જેટલી ચીજ વસ્તુઓ કરિયાવરની આપવામાં આવી હતી. સંસ્થાના પ્રમુખ મનસુખભાઈ વાજાએ જણાવેલ સંસ્થા દ્વારા ટોકન ચાર્જથી આદર્શ લગ્ન કરી આપવામાં આવશે. આ કાર્યક્રમને સફળ બનાવવા મનસુખભાઈ વાજા, પ્રજ્ઞેશભાઈ વાજા, છોટુભાઈ વાજા, મનસુખભાઈ સોલંકી, જેન્તીભાઈ બ્રહ્માણી, લક્ષ્મણભાઈ સોલંકી, અલ્પેશભાઈ પરમાર, અનિલભાઈ ગોહેલ, બાબુલભાઈ વાજા, નટુભાઈ વાજા, અરવિંદભાઈ મારડિયા, પ્રવીણભાઈ જોષી, શાંતાબેન બેસ, સરોજબેન ભટ્ટ, પુષ્પાબેન પરમાર વગેરે લોકોએ જહેમત ઉઠાવી હતી.

## આવતીકાલ ૭મી ડિસેમ્બરે 'સશસ્ત્ર સેના ઝંડા દિવસ'

# રાજ્યના નાગરિકોને સેવારત સૈનિકો, પૂર્વ સૈનિકો તેમજ તેમના આશ્રિતોના કલ્યાણ અર્થે ઉદાર હાથે ફાળો આપવાનો અવસર

(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર તા.૬

સમગ્ર દેશમાં પ્રતિવર્ષ તા.૭મી ડિસેમ્બરના રોજ 'સશસ્ત્ર સેના ઝંડા દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે. આ દિવસે સેવારત સૈનિકો, પૂર્વ સૈનિકો તેમજ તેમના આશ્રિતોના કલ્યાણ અર્થે ફાળો એકત્ર કરવામાં આવે છે. આ ઉજવણી અનુસંધાને રાજ્યના તમામ નાગરિકોને ઉદાર હાથે ફાળો આપવા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરીના નિયામક દ્વારા અપીલ કરવામાં આવી છે. 'સશસ્ત્ર સેના ઝંડા દિવસ'એ રાષ્ટ્રની સુરક્ષા માટે પોતાનું સર્વસ્વ ન્યોછાવર કરનાર આપણા શૂરવીર સૈનિકો, દિવંગગત સૈનિકોના પરિવારજનો તથા પૂર્વ સૈનિકો પ્રતિ આદર, સન્માન અને આત્મીયતાની અભિવ્યકિત કરવાનો દિવસ છે.સેવારત સૈનિકો, પૂર્વ સૈનિકો તેમજ તેમના આશ્રિતોના કલ્યાણ અર્થે ફાળો આપવા નિયામક, સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરી, ગૌરવ સેનાની ભવન, શાહીબાગ એરપોર્ટ રોડ, શાહીબાગ, અમદાવાદ (૩૮૦૦૦૩) ટેલિફોન નંબર -૦૭૯- ૨૨૮૬૮૩૪૯-૫૦નો સંપર્ક કરી ઉદારતાથી સહયોગ આપી પોતાનું અમૂલ્ય અનુદાન મોકલવા તેમની યાદીમાં અનુરોધ કરવામાં આવ્યો છે.

## દર્દીનો જીવ બચાવવા ૧૦૮ની પ્રસંશનીય કામગીરી

# રાજકોટમાં મગજની બીમારીથી પીડિત ૮૪ વર્ષીય વૃધ્ધાને એર એમ્બ્યુલન્સ મારફત મુંબઈ શિફ્ટ કર્યા





(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ, તા.૬

રાજકોટમાં ૧૦૮ ઈમરજન્સી સેવા અને એર એમ્બ્યુલન્સ સેવા દ્વારા વધુ એક દર્દીનો જીવ બચાવવા માટે રાજકોટથી મુંબઈ વધુ સારવાર અર્થે મોકલવામાં સફળતાપૂર્વક કામગીરી કરવામાં આવી હતી. ૧૦૮ ના પ્રોગ્રામ મેનેજર અભિષેક ઠાકર અને જિલ્લા સુપરવાઈઝર વિરલ ભટ્ટે વધુ વિગતો આપતાં જણાવ્યું હતું કે, શહેરની ખાનગી હોસ્પિટલમાં ૮૪ વર્ષીય નીતાબેન મહેયા સારવાર હેઠળ હતા. દર્દીને મગજમાં ચેતાતંતુના ઈન્ફેકશનના કારણે ભાન ભૂલી ગયેલા હતા જેના લીધે દર્દી બેભાન થઈ ગયા હતા અને આંચકી-ખેંચ ઉપડી ગઈ હોવાથી તેમને વધુ સારવાર અર્થે તત્કાલ મુંબઈની ખાનગી હોસ્પિટલમાં ખસેડવાની જરૂરિયાત ઉભી થઈ હતી. દર્દીનો જીવ બચાવવા એર એમ્બ્યુલન્સ મારફત મુંબઈ ખસેડવાનું નક્કી થયું હતું. તેઓએ વધુમાં ઉમેર્યું હતું કે, ૧૦૮ ને આ અંગે માહિતી મળતા ઈ.આર.સી.પી ડો. મહેતાના માર્ગદર્શન હેઠળ ઈમરજન્સી મેડિકલ ટેકનિશિયન ભાવના ડોડીયા તેમજ પાયલોટ વિશ્વજીતભાઈએ ૧૦૮ એમ્બ્યુલન્સ મારફત ખાનગી હોસ્પિટલથી સલામત રીતે દર્દીને રાજકોટ એરપોર્ટ ખાતે એર એમ્બ્યુલન્સમાં શિફ્ટ કર્યા હતા. ઉલ્લેખનિય છે કે, આ પ્રક્રિયામાં ૧૦૮ ઈમરજન્સી સેવાની ટીમે મહત્વની ભૂમિકા નિભાવી હતી. ૧૦૮ ટીમની આ સેવા બદલ દર્દીના સ્વજનોએ રાજકોટની ૧૦૮ ઈમરજન્સી સેવા તેમજ કોલ સેન્ટરના અધિકારીઓનો આભાર માન્યો હતો સાથે સાથે ૧૦૮ ઈમરજન્સી સેવાની ઉત્કૃષ્ટ કામગીરીને પણ બિરદાવી હતી.

# સુરતના હજીરા ગામે સોમેશ્વર મહાદેવ મંદિરે સમુહમાં સોળ સોમવાર વ્રતની ઉત્સાહભેર થયેલ ઉજવણી



(પ્રતિનિધિ દ્વારા)

સુરત તા.૬

સુરતના હજીરા ગામે સોમેશ્વર મહાદેવ મંદિરે સમુહમાં સોળ સોમવાર વ્રતની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. સુરતના હજીરા ગામે સોમેશ્વર મહાદેવ મંદિરે સમુહમાં સોળ સોમવાર વ્રતની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. પુજારી બટુકપુરીબાપુએ શિવજીનું પુજન-અર્ચન કરાવેલ વ્રતધારી ભાવિક બહેનોએ ધન્યતા અનુભવી હતી. ધર્મપ્રેમી ભાવિક મહિલાઓએ સામુહિક આરતી કરીને સનાતન ધર્મ પરંપરાને જાળવી રાખવાનું ખૂબ ઉમદા કાર્ય કર્યુ હતું.

# ખંભાળિયામાં મહિલાઓ સંચાલિત સખી મતદાન મથકની સુંદર કામગીરી



(કુંજન રાડિયા દ્વારા) જામ ખંભાળિયા તા.૬

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તાજેતરમાં યોજાઈ ગયેલી વિધાનસભાની ચૂંટણીમાં ખંભાળિયા વિસ્તારમાં સાત સખી મતદાન મથક હતા. આ તમામ મતદાન સ્થળનું મહિલા સ્ટાફ દ્વારા સંચાલન કરવામાં આવ્યું હતું. જેમાં ચૂંટણી અને મતદાન અંગેની સંપૂર્ણ કાર્યવાહી મહિલાઓએ કરી હતી. દેવભૂમિ દ્વારકા જિલ્લાના નાયબ ચૂંટણી અધિકારી આસ્થા ડાંગર તથા ખંભાળિયા વિધાનસભા ચૂંટણીના અધિકારી પાર્થ કોટડીયાએ આ સખી મતદાન મથકની મુલાકાત લીધી હતી. તેમણે અહીં મતદાન કર્યું હતુ અને આ બૂથની કામગીરીની પ્રશંસા પણ કરી હતી. માત્ર મહિલાઓ તથા માત્ર દિવ્યાંગો અને આદર્શ મતદાન મથકો સાથે ઈકો ફ્રેન્ડલી મતદાન મથકોએ પણ મતદારોમાં સારૂ એવું આકર્ષણ જગાવ્યું હતું.

# MCDની ચૂંટણીમાં સ્ટાર પ્રચારક અભિનેત્રી પ્રાંજલભટ્ટે મતદાન કર્યુ



(પ્રતિનિધિ દ્વારા) નવી દિલ્હી તા.૬

રાજધાની દિલ્હીમાં મ્યુનિસિપલ કોર્પોરેશનની રવિવારે યોજાયેલી ચૂંટણીમાં ગુજરાતી ફિલ્મોના લોકપ્રિય અભિનેત્રી પ્રાંજલભટ્ટે પ્રથમવાર ઉત્સાહભેર મતદાન કરી ઠંડીની પરવા નહીં કરી મતદાન મથક ઉપર વોટીંગ કરવા આવેલા યુવા મતદારોની ઉત્સુકતાને બિરદાવી હતી. દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશન (એમસીડી)ની ચૂંટણી જાહેર થયા પછી શરૂ થયેલા પ્રચાર અભિયાનને સફળ બનાવવા બીજેપીના સ્ટાર પ્રચારક અભિનેત્રી પ્રાંજલભટ્ટે સોશ્યલ મિડીયાના માધ્યમથી મતદાન જાગૃતિના અભિયાનમા જોડાઈ રાજધાની દિલ્હીમાં વસતા ગુજરાતી પરિવારોને તેમજ યુવા મતદારોને મતદાન કરવા અપીલ કરી હતી. સ્વચ્છતા અભિયાનના બ્રાન્ડ એમ્બેસેડર હોવાની સાથસાથે બેટી બચાવો, બેટી પઢાઓના જનજાગૃતિ અભિયાનમાં મહત્વપૂર્ણ યોગદાન આપી રહેલા ગુજરાતી ફિલ્મોના લોકપ્રિય અભિનેત્રી પ્રાંજલભટ્ટ ત્રાણેક વર્ષથી દિલ્હીમાં સ્થાયી હોવાથી રવિવારે યોજાયેલી એમસીડીની ચૂંટણીમા તેમણે તેમના પતિ સુમિત કુમાર સાથે સરસ્વતીવિહારના વોર્ડ નંબર ૫૮ના પ્રતિભા વિદ્યાલયના બુથપર મતદાન કર્યું હતું.

# કેશોદ શહેરમાં સર્વ જ્ઞાતિ સમુહ લગ્નોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યુ



(ગોવિંદ હડિયા દ્વારા)

કેશોદ તા.૬

કેશોદ નજીક આવેલાં અક્ષયગઢ સંકુલ ખાતે ગોપી ગૌસેવા ગૃપ દ્વારા સર્વ જ્ઞાતિ સમુહ લગ્નોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં એકવીસ જુદી જુદી જ્ઞાતિના વર-કન્યાએ પ્રભુતામાં પગલાં પાડયાં હતાં. કેશોદ શહેરમાં ગૌસેવા ઉપરાંત એમ્બ્યુલન્સ સેવા અને અંતિમયાત્રા માટે મુકિતરથની સેવાકીય પ્રવૃતિઓ સાથે સંકળાયેલા ગોપી ગૌસેવા ગૃપ દ્વારા સર્વ જ્ઞાતિ સમુહ લગ્નોત્સવનું આયોજન કરવામાં આવતાં જરૂરતમંદ પરિવારોને માટે આશીર્વાદરૂપ સાબિત થયાં છે. કેશોદ શહેરનાં દાતાઓ તરફથી ઉદારતા દાખવી ફાળો આપતાં દીકરીઓને કરિયાવરમાં ઘરવખરીની તમામ વસ્તુઓ આપવામાં આવી છે. કેશોદના અક્ષયગઢ સંકુલ ખાતે વિશાળ જગ્યામાં જુદી જુદી વ્યવસ્થા કરવામાં આવી હતી. કેશોદ ખાતે યોજાયેલા સર્વ જ્ઞાતિ સમુહ લગ્નોત્સવને સફળ બનાવવા ગોપી ગૌસેવા ગૃપનાં ટ્રસ્ટીઓ કાર્યકરો ઉપરાંત સ્થાનિક સામાજિક સંસ્થાઓ દ્વારા ભારે જહેમત ઉઠાવી હતી.

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

તંત્રી લેખ

# દેશમાં મહિલાનાં અધિકારો ઉપર બુધ્ધિજીવીઓની ઘેરી ચૂપકીદી

હાલમાં ત્રણ ઘટનાઓ લગભગ એક સાથે બની. દિલ્હીના જામા મસ્જિદમાં એક નોટિસ લગાવી જેમાં લખ્યું હતું- મસ્જિદમાં છોકરી કે છોકરીઓએ એકલા આવવાની મનાઈ છે. બીજી ઘટનામાં અભિનેત્રી ઋચા ચઢ્ઢાએ ભારતીય સેનાની મજાક ઉડાવતાં એક ટ્વીટ કરી. જામા મસ્જિદવાળી ઘટનામાં દિલ્હીના ઉપરાજ્યપાલના હસ્તક્ષેપ બાદ મસ્જિદ પ્રબંધને પોતાનો નિર્ણય પાછો ખેંચી લીધો. ટ્વિટર ઉપર ચારેબાજુથી ઘેરાયા બાદ ઋચા ચઢ્ઢાએ પણ સૂફિયાણી વાતો કરી માફી માંગી લીધી. ત્રીજા સમાચાર દારૂલ ઉલમ દેવબંદથી આવ્યા. એક તાજા ફતવામાં કહેવામાં આવ્યુંકે ઈસ્લામમાં જન્મદિન ઉજવવો ગુનો છે. કહેવાયું કે જન્મદિન ઉજવવાની પરંપરા ઈસાઈઓની છે અને મુસલમાનો તેમની નકલ કરે છે!

જામા મસ્જિદમાં નોટિસ વાપસી અને ઋચાની માફી બાદ તો જાણે એ કિસ્સા ખતમ થયા. પરંતુ આ બે ઘટનાઓ બાદ કેટલાય પ્રશ્નો પેદા થઈ ગયા છે, જેના ઉપર ભારતીય સમાજે ગંભીરતાથી વિચાર કરવો પડશે. જામા મસ્જિદમાં એકલી છોકરીઓના પ્રવેશ ઉપર પ્રતિબંધનો વિરોધ જ્યારે ઈન્ટરનેટ મીડિયા પર શરૂ થયો તો મસ્જિદ તરફથી સફાઈ રજૂ કરવામાં આવી. મસ્જિદના પ્રવક્તાએ કહ્યું કે છોકરીઓ પોતાના પુરૂષ મિત્રોને મળવા માટે મસ્જિદમાં આવે છે, ડાન્સ કરે છે, વીડિયો બનાવે છે, એ કારણે તેમના પ્રવેશ ઉપર પ્રતિબંધ લગાવ્યો છે. અહીં એ યાદ અપાવવું જરૂર છે કે એક વેબસીરિઝમાં જ્યારે એક મંદિરની અંદર નાયક-નાયિકાનુંચુંબન દશ્ય ફિલ્માવવામાં આવ્યું હતું તો તેનો વિરોધ થયો હતો. કેસો પણ થયા હતા. ત્યારે કથિત ઉદારવાદીઓ તરફથી એવી દલીલો કરવામાં આવી હતી કે પ્રેમ તો પવિત્ર હોય છે અને તે ગમે ત્યાં કરી શકાય. તેને અભિવ્યક્તિ સ્વતંત્રતા સાથે પણ જોડવામાં આવ્યું હતું. ત્યારે એવી દલીલો કરનારા જામા મસ્જિદવાળા મુદ્દે ચૂપ જ રહ્યા. જ્યારે અહીં તો ના ચુંબન દશ્ય હતું કે ના રોમાંટિક નૃત્યુનો વીડિયો બન્યો હતો.

નારી સ્વતંત્રતાની વાત કરનારી અને ખુદને ઉદારવાદી પ્રચારિત કરનારી ક્રાંતિકારી મહિલાઓ પણ આ મુદ્દા ઉપર ખામોશ જ રહી. થોડાં વર્ષ પહેલાં મહારાષ્ટ્રના શનિ શિંગણાપુરમાં મહિલાઓના પ્રવેશ ઉપર બહુ હંગામો માચાવાયો હતો. એ સમયે જેટલી મહિલાઓ પક્ષમાં ઊભી થઈ હતી, ઈન્ટરનેટ મીડિયા પર જે પ્રકારનો ગુસ્સો કે વિરોધ જોવા મળ્યો હતો, તે જામા મસ્જિદના નિર્ણય સમયે ન દેખાયો. એ ફિલ્મી અભિનેત્રીઓ પણ ડોકાઈ નહીં, જે મહિલા અધિકારો માટે હાથમાં તક્તીઓ લઈને ટ્વિટર પર ધમાલ મચાવી દેતી હતી. તેમની પાસે જામા મસ્જિદમાં છોકરીઓના પ્રવેશપર પ્રતિબંધના સમાચારો નહીં પહોંચી શક્યા હોય, પરંતુ શનિ શિંગણાપુરથી તેમને પરેશાની થઈ જાય છે. આ કથિત ઉદારવાદી, પ્રગતિશીલ કે મહિલા અધિકારોનો ઝંડો લઈને ચાલનારી મહિલાઓની આ પ્રકારની પસંદગીની ચૂપકિદીઓ તેમના જાહેર સ્ટેન્ડને સવાલોના દાયરામાં લાવી દે છે. તેમના આ પ્રકારના સ્ટેન્ડથી સમાજમાં એક અલગ જ પ્રકારની સાંપ્રદાયિક સ્થિતિઓ બને છે, જેની અસર ઘણા લાંબા સમય બાદ જોવા મળે છે. આ સ્થિતિ સમાજ માટે ઘાતક છે.


થોડા સમય પહેલાં જ્યારે ફિલ્મોનો બહિષ્કાર થવા લાગ્યો હતો તો તેના વિરોધમાં દેશભરમાં એક ચર્ચાનો પરિવેશ બનાવવાની કોશિશ કરવામાં આવી હતી. તેમાં એવી વાતો કહેવાઈ હતી કે બહિષ્કારની અપીલને કારણે આપણો સમાજ હિંદુ અને મુસલમાનના આધાર પર વહેંચાઈ રહ્યો છે. એવું ત્યારે નહોતું કહેવાયું જ્યારે આમિર ખાને નરેન્દ્ર મોદીના વિરોધમાં હાલતાં-ચાલતાં ઈન્ટરવ્યૂ આપ્યા હતા. ત્યારે આમિર ખાનને સાહસિક અભિનેતા તરીકે નવાજ્યો હતો. જ્યારે આમિરની ફિલ્મના બહિષ્કારની વાત આવી તો તેનેહિંદુ-મુસલમાનનો રંગ આપીને ભારતીય સમાજનેઅપમાનિત કરવાની કોશિશ કરવામાં આવી. ઋચા ચઢ્ઢાએ ભારતીય સેનાનું અપમાન કર્યું છે, તેની મજાક ઉડાવી છે. સવાલ એ છે કે કોઈ પોતાના દેશની સેનાની મજાક કેવી રીતે ઉડાવી શકે? ક્યાંથી તેમના દિમાગમાં આવા વિચારો આવે છે? કેમ આ લોકો સેનાને પોતાની ક્ષુદ્ર રાજનીતિનો શિકાર બનાવે છે? કાલે જો ઋચાની કોઈ ફિલ્મ કે વેબસિરીઝ આવે અને દર્શકો તેના બહિષ્કારની અપીલ કરે તો તેને સ્વાભાવિક જ ગણવું રહ્યું, તેની ટીકા કરવાનો અધિકાર કોઈને નથી. બહિષ્કાર તો વિરોધ વ્યક્ત કરવાનો શાંતિપૂર્ણ રસ્તો પણ છે. ઈન્ટરનેટ મીડિયા પર ઋચા ચઢ્ઢાની ટિપ્પણીઓ વાંચીને લાગે છે કે તે ખુદને ઉદારવાદી માને છે, સેક્યુલર પણ. ઈન્ટરનેટ મીડિયા પર ખૂબ સક્રિય પણ છે, પરંતુ જામા મસ્જિદમાં છોકરીઓના પ્રવેશ પર પ્રતિબંધ મામલે તે ચૂપ રહે છે. આ પ્રકારનો છદ્મ ઉદારવાદ હવે વધુ દિવસો સુધી ચાલી નહીં શકે.

હવે વાત એ ફતવાની, જેમાં જન્મદિનના ઉત્સવને ઈસ્લામમાં ગુનો માનવામાં આવ્યો છે. પહેલાં તો આપણે ફતવા વિશે જાણવું જોઈએ. સમયે સમયે જારી થનાર ફતવો સંકલિત થતો રહે છે. પછી તેને પ્રકાશિત કરવામાં આવે છે. જ્યારે કોઈ મુસલમાનના મનમાં કોઈ બાબતે કોઈ શંકા પેદા થાય છે તો તે મૌલવી પાસે જાય છે. તેમની પાસે શંકાનું સમાધાન ઈચ્છે છે. મૌલવી પહેલાં જારી કરવામાં આવેલા ફતવાઓના સંકલનને જોઈને શંકાનું સમાધાન કરવાની કોશિશ કરે છે. દારુલ ઉલૂમ દેવબંદના જારી ફતવાઓના કેટલાય ખંડ અત્યાર સુધી પ્રકાશિત થઈ ગયા છે. આ પ્રકારના ફતવા કાયદો બની જાય છે. જન્મદિન મુદ્દે જે ફતવો જારી કરાયો તેની પણ દૂરગામી અસર પડશે. આ ફતવા પર હજુ સુધી કોઈ પ્રગતિશીલ કોમરેડે મોં નથી ખોલ્યું.

સાહિત્ય જગતમાં પણ કેટલાય લેખક-લેખિકાઓ મહિલા અધિકારો અને વ્યક્તિગત સ્વતંત્રતાને લઈને બમરાણ મચાવતા રહે છે, પરંતુ એમાંથી પણ મોટાભાગના ચૂપ રહ્યા. ક્યાંય કશું જ ન લખ્યું. પ્રગતિશીલ લેખકો જેટલા આક્રમક હિંદુ ધર્મ સાથે જોડાયેલી ઘટનાઓ ઉપર રહે છે, એટલી જ મોટી ચૂપકિદી બીજા ધર્મો સાથે જોડાયેલી ઘટનાઓ ઉપર સાધી લે છે. આ કેવી પ્રગતિશીલતા છે જે ધર્મના આધાર ઉપર પોતાનો રસ્તો નક્કી કરે છે. આ કેવી પ્રગતિશીલતા છે જે દેશના સૈનિકોને અપમાનિત કરનારાઓનો વિરોધકરવાની હિંમત નથી કરી શકતી? અસલમાં આ છદ્મ પ્રગતિશીલતા છે જે પોતાના રાજકીય આકાઓના કહેવા પ્રમાણે પોતાનું સ્ટેન્ડ લે છે. રાજનીતિ કરનારા પોતાની વોટબેંકની ચિંતા કરે છે, પરંતુ જ્યારે બુધ્ધિજીવી-ઉદારવાદી ખુદને રાજકીય ઓજાર તરીકે ઉપયોગ કરવાની છૂટ આપતા દેખાય છે તો સમાજમાં તેમની પ્રતિષ્ઠા ઘટે છે.

# ૨૦૨૩નાં નવા વર્ષે આ વસ્તુઓને ઘરે લાવશો તો થશે છપ્પડ ફાડ ધન વર્ષા, માતા લક્ષ્મી રહેશે મહેરબાન



દરેક વ્યક્તિ ઈચ્છે છે કે આગામી નવું વર્ષ તેના માટે ખુશીઓ લાવશે, લકી રહે. નવું વર્ષ તમામ માટે મંગલમય હોય, તેના માટે જ્યોતિષ શાસ્ત્ર અને વાસ્તુ શાસ્ત્રમાં કેટલાક ઉપાય બતાવવામાં આવ્યા છે. વાસ્તુમાં જણાવવામાં આવ્યુંછે કે નવા વર્ષે ઘરમાં કેટલીક વસ્તુઓ લાવવાથી માતા લક્ષ્મીની કૃપા આખુ વર્ષ બની રહે છે. આવો જાણીએ એવી કેટલીક વસ્તુઓ વિશે.

**નવા વર્ષે આ વસ્તુઓ ઘરે લાવો**

વર્ષ ૨૦૨૨ પુરૂ થવાને આરે છે. લોકોમાં અત્યારથી નવા વર્ષને લઈને ઉત્સુકતા જોવા મળી રહી છે. નવા વર્ષે કરવામાં આવેલા નાના ઉપાય વ્યક્તિના જીવનમાં ખુશીઓની બહાર લાવી શકે છે. જો આ વર્ષ તમારા માટે તણાવ ભર્યું અથવા મુશ્કેલ રહ્યું છે. તો વાસ્તુના અનુસાર વર્ષની શરૂઆત કંઈક આ પ્રકારે કરવી જોઈએ. ઘરમાં કેટલીક વસ્તુઓને રાખવાથી ઘરમાં સુખ-સમૃદ્ધિ અને ખુશહાલીનું વાતાવરણ રહે છે. આવો જાણીએ વર્ષની શરૂઆતમાં ઘરે કઈ વસ્તુઓ લાવવી શુભ ગણવામાં આવે છે.

**ઘરે લઇ આવો મોરપીંછ**

જ્યોતિષ શાસ્ત્રમાં મોરપીંછનું વિશેષ મહત્વ છે. એવામાં નવા વર્ષે માતા લક્ષ્મીની કૃપા મેળવવા માટે ઘરે મોરપીંછ લઈ આવો. માન્યતા છે કે ભગવાન શ્રી કૃષ્ણને મોરપીંછ એકદમ પ્રિય છે. તેને ઘરમાં રાખવાથી સુખ-સમૃદ્ધિ જળવાઇ રહે છે અને વ્યક્તિને ધન હાનિ થતી નથી. કહેવામાં આવે છે કે ઘરમાં મોરપીંછ રાખવાથી ઘરમાં અદભૂત અને ચમત્કારી પ્રભાવ જોવા મળે છે. એટલા માટે નવા વર્ષે ૨૦૨૩ની શરૂઆત થતાં પહેલાં જ મોરપીંછ લઈ આવો. તેનાથી વ્યક્તિની બંધ કિસ્મતના દરવાજા ખુલી જાય છે.

**ધાતુનો કાચબો**

વાસ્તુમાં કાચબાના ઘણા ચમત્કારી ફાયદા વિશે જણાવવામાં આવ્યું છે. વાસ્તુ શાસ્ત્રના અનુસાર ધાતુના કાચબાને ઘરમાંરાખવો એકદમ શુભ ગણવામાં આવે છે. એટલા માટે ૨૦૨૩ ની શરૂઆત થતાં જ ઘરમાં ધાતુનો કાચબો લઈ આવો. તમને જણાવી દઈએ કે વાસ્તુમાં તેનાથી સુખ સંપત્તિ અને સમૃદ્ધિનું પ્રતિક ગણવામાં આવે છે. કહેવામાં આવે છે કે કે ઘરમાં રાખવાથી ખરાબ શક્તિઓ પીછો છોડી દે છે અને ઘરમાં પોઝિટિવ એનર્જીનો વાસ થાય છે. વાસ્તુ શાસ્ત્રના અનુસાર પીતળ, કાંસા અને ચાંદીથી બનેલા કાચબાને ઘરે લાવી શકો છો.

**ધાતુથી બનેલો હાથી**

વાસ્તુશાસ્ત્રના અનુસાર નવા વર્ષે ઘરે ધાતુથી બનેલા હાથીની મૂર્તિ ઘરે લાવી શકો છો. માન્યતા છે કે તેને ઘરમાં રાખવાથી વ્યક્તિને આર્થિક તંગીનો સામનો કરવો પડતો નથી. સાથે જ બિઝનેસમાં વધારો થાય છે. તેને ઘરમાં રાખવાથી સકારાત્મક ઉર્જાનો સંચાર થાય છે. એટલુંજ નહી, આ વર્ષે ધાતુથી બનેલા નક્કર હાથીની ખરીદી પહેલાં જ કરો. અને નવા વર્ષને મંગલમય બનાવો.


# કોરોનાને કારણે કિશોરોના મગજ અકાળે વૃદ્ધ થયા

## એક નવો અભ્યાસ કહે છે કે આ તણાવને કારણે, કિશોરવયના બાળકોએ તેમની રમતિયાળપણું અને ચપળતા ગુમાવી દીધી હતી અને તેઓ પુખ્ત વયના લોકોની જેમ વધુ વિચારવા લાગ્યા હતા

કોરોના મહામારી સાથે સંકળાયેલા તણાવોએ કિશોરોના મગજના વૃદ્ધત્વને વેગ આપ્યો છે, અને ભવિષ્યમાં આના ગંભીર પરિણામો આવી શકે છે. એક નવો અભ્યાસ કહે છે કે આ તણાવને કારણે, કિશોરવયના બાળકોએ તેમની રમતિયાપણું અને ચપળતા ગુમાવી દીધી હતી અને તેઓ પુખ્ત વયના લોકોની જેમ વધુ વિચારવા લાગ્યા હતા. અભ્યાસમાં નવા તારણો ટાંકવામાં આવ્યા છે જે સૂચવે છે કે કિશોરો ઉપર રોગચાળાની ન્યુરોલોજીકલ અને માનસિક સ્વાસ્થ્ય અસરો વધુ ખરાબ હોઈ શકે છે. જે બાયોલોજિકલ સાઈકિયાટ્રી : ગ્લોબલ ઓપન સાયન્સ જર્નલમાં પ્રકાશિત થયા છે. સ્ટેનફોર્ડ યુનિવર્સિટી, યુએસ અભ્યાસ અનુસાર, એકલા ૨૦20 માં, પુખ્ત વયના લોકોમાં ચિંતા અને હતાશાના અહેવાલો અગાઉના વર્ષોની તુલનામાં ૨૫ ટકાથી વધુ વધ્યા છે.

કોરોના મહામારીએ કિશોરોના માનસિક સ્વાસ્થ્ય ઉપર પ્રતિકૂળ અસર કરી છે’ આ સંદર્ભે, સંશોધન પત્રના પ્રથમ લેખક, ઈયાન ગોટલીબે, જણાવ્યું હતું કે, ‘અમે વૈશ્વિક સંશોધનથી પહેલાથી જ જાણીએ છીએ કે રોગચાળાએ કિશોરોના માનસિક સ્વાસ્થ્ય પર પ્રતિકૂળ અસર કરી છે, પરંતુ અમને ખબર ન હતી કે કિશોરોના મન ઉપર કેટલી અસર થઈ.

ગોટલીબે જણાવ્યું હતું કે જેમ જેમ આપણી ઉંમર થાય છે તેમ મગજની રચનામાં ફેરફાર કુદરતી રીતે થાય છે. કિશોરાવસ્થા અને પ્રારંભિક કિશોરાવસ્થા દરમ્યાન, બાળકોના શરીરમાં હિપ્પોકેમ્પસ અને એમીગડાલા (મગજના વિસ્તારો કે જે અનુક્રમે અમુક યાદોને નિયંત્રિત કરે છે અને લાગણીઓને ગોઠવવામાં મદદ કરે છે) બંનેમાં વૃદ્ધિ અનુભવે છે. તે જ સમયે, કોર્ટેક્સમાં પેશીઓ પાતળા બની જાય છે.



કોરોનાના સમયગાળા પહેલા અને તે દરમ્યાન લેવામાં આવેલા ૧૬૩ બાળકોના જૂથના એમઆરઆઇ સ્કેન્સની તુલના કરીને, ગોટલીબના અભ્યાસમાં જાણવા મળ્યું કે લોકડાઉનના અનુભવે કિશોરોમાં વિકાસની આ પ્રક્રિયાને વેગ આપ્યો હતો. અત્યાર સુધી, મગજની ઉંમરમાં આ પ્રકારના ઝડપી ફેરફારો ફક્ત એવા બાળકોમાં જ જોવા મળ્યા છે, જેઓ લાંબા સમય સુધી પ્રતિકૂળતાના સંપર્કમાં આવ્યા હોય, પછી તે હિંસા, ઉપેક્ષા, કૌટુંબિક નિષ્ક્રિયતા અથવા સમાન પરિબળો હોય.

ગોટલીએ જણાવ્યું હતું કે આ અનુભવો પાછળથી જીવનના નબળા માનસિક સ્વાસ્થ્ય પરિણામો સાથે જોડાયેલા છે, પરંતુ સ્ટેનફોર્ડની ટીમે અવલોકન કરેલા મગજના બંધારણમાં થતા ફેરફારો માનસિક સ્વાસ્થ્યમાં થતા ફેરફારો સાથે જોડાયેલા છે કે કેમ તે સ્પષ્ટ નથી. તેમણે કહ્યું, તે પણ સ્પષ્ટ નથી કે ફેરફારો કાયમી છે. ગોટલીબ સ્ટેનફોર્ડ યુનિવર્સિટીમાં સ્ટેનફોર્ડ ન્યુરોડેવલપમેન્ટ, ઈફેક્ટ એન્ડ સાયકોપેથોલોજી (SNAP) લેબોરેટરીના ડિરેક્ટર પણ છે. જો તેમનું મગજ તેમની કાલક્રમિક ઉંમર કરતાં કાયમ માટે જૂનું હોય, તો તે સ્પષ્ટ નથી કે ભવિષ્યમાં શું પરિણામ આવશે. ૭૦- અથવા ૮૦ વર્ષની વયના લોકો માટે, તમે મગજમાં થતા ફેરફારોના આધારે કેટલીક જ્ઞાનાત્મક અને યાદશક્તિની સમસ્યાઓની અપેક્ષા રાખશો, પરંતુ જો ૧૬ વર્ષની વયના લોકોનું મગજ અકાળે વૃદ્ધ થઈ રહ્યું હોય તો તેનો શું અર્થ થાય?’ ગોટલીબે સમજાવ્યું. તેમનો અભ્યાસ મૂળ રીતે મગજના બંધારણ પર કોરોનાની અસર જોવા માટે બનાવવામાં આવ્યો ન હતો. કોવિડ પહેલા, તેની લેબએ તરૂણાવસ્થા દરમ્યાન ડિપ્રેશનર ઉંપર લાંબા ગાળાના અભ્યાસમાં ભાગ લેવા માટે સાન ફ્રાન્સિસ્કો ખાડી વિસ્તારની આસપાસના બાળકો અને કિશોરોના જૂથની ભરતી કરી હતી — પરંતુ જ્યારે રોગચાળો ત્રાટક્યો, ત્યારે તેણે નિયમિતપણે MRIનું સુનિશ્ચિત કર્યું. સ્કેન કરી શક્યું નહીં. ગોટલીબે કહ્યું કે આ ટેકનીક ત્યારે જ કામ કરે છે જો તમે ધ્યાનમાં લો કે ૧૬ વર્ષની વયના લોકોનું મગજ કોરોના પહેલા ૧૬ વર્ષની વયના લોકોના મગજ જેવું જ છે જે કોર્ટિકલ જાડાઈ અને હિપ્પોકેમ્પસ અને એમીગડાલા વોલ્યુમના સંદર્ભમાં છે. ડેટાપરથી અમને ખ્યાલ આવે છે કે એવું નથી. રોગચાળા પહેલાં મૂલ્યાંકન કરાયેલા કિશોરોની તુલનામાં, રોગચાળાના અંત પછી મૂલ્યાંકન કરાયેલા કિશોરોમાં માત્ર વધુ ગંભીર આંતરિક માનસિક સ્વાસ્થ્ય સમસ્યાઓ જ નહોતી, પરંતુ કોર્ટિકલ જાડાઈ,મોટા હિપ્પોકેમ્પસ અને એમિગડાલામાં ઘટાડો થયો હતો અને મગજના વૃદ્ધત્વમાં વધારો થયો હતો.’ યુ.એસ.ની યુનિવર્સિટી ઓફ કનેક્ટિકટના સહ-લેખક જોનાસ મિલરે જણાવ્યું હતું કે આ તારણો પછીના જીવનમાં કિશોરોની આખી પેઢી માટે ગંભીર પરિણામો લાવી શકે છે. કિશોરવસ્થા પહેલાથી જ ઝડપી મગજ પરિવર્તનનો સમયગાળો છે, અને તે પહેલાથી જ માનસિક સ્વાસ્થ્ય સમસ્યાઓ, ડિપ્રેશન અને જોખમ લેવાની વર્તણૂકોના વધતા દરો સાથે સંકળાયેલું છે,અભ્યાસ કહે છે કે જો રોગચાળાનો અનુભવ કરનારા બાળકોનો મગજનો વિકાસ ઝડપી હોય, તો વૈજ્ઞાનિકોએ આ પેઢીને સાંકળીને ભવિષ્યના કોઈપણ સંશોધનમાં વિકાસના અસામાન્ય દરને ધ્યાનમાં લેવાની જરૂર પડશે.

## આપની આવતીકાલ કેવી જશે...?

**:: રત્નકણીકા ::**

કષ્ટ આવતા પહેલા મનુષ્યની બુધ્ધિ વિપરીત બની જાય છે.
- ચાણક્ય

**: આજનું પંચાંગ :**

વિક્રમ સં. ૨૦૭૯, શા. શાકે. ૧૯૪૪, પા.તીર-૧૩૯૨, મુ. જમા-ઉલ્લ-અવ્વલ-૧૪૪૪, જૈન વીર સં.-૨૫૪૯, કચ્છી સં. ૨૦૭૯, માગસર સુદ-૧૪ ચૌદશની વૃધ્ધિ છે તા.૬ ડિસેમ્બર ૨૦૨૨, મંગળવાર, પારસી તા.૨૩, મુસ્લિમ તા.૧૧, ભરણી નક્ષત્ર, શિવ યોગ, ગર કરણ, સૂ.ઉ.૭:૨૦, સૂ.અ.૬:૦૪

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી મેષ (અ લ ઈ), બપોરે ૩:૦૪ ક. પછી જન્મેલા બાળકની રાશી વૃષભ (બ વ ઉ) છે.
- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ : કોઠોર પરિશ્રમ પછી કાર્યમાં સફળતા મળે. વાદ-વિવાદથી દૂર રહેવું.
વૃષભ: નવિન ખરીદીના યોગ છે. આકસ્મીક પ્રવાસ થાય.
મિથુન: જૂની ઓળખાણથી લાભ મળે. કાર્યબોજ વિશેષ રહે.
કર્ક: મનમાં મૂંઝવણ અનુભવાય. કાર્યબોજમાં વધારો થાય.
સિંહ: જીવસાથીના આરોગ્ય અંગે ચિંતા રહે. આળસ અનુભવાય.
કન્યા: ઉતાવળે કોઇ નિર્ણય ન લેવો. ધીરજના ફળ મીઠા મળે.
તુલા: મનમાં કચવાટ રહે. નજીકના લોકો સાથે મનદુ:ખ રહે.
વૃશ્ચિક: સંતાન સંબંધી કાર્યમાં સફળતા મળે. આયોજન મુજબના કાર્યોપાર પડે.
ધન: આકસ્મીક ધન લાભ થાય. નવિન કાર્યમાં સાફળતા મળે.
મકર: નોકરી-ધંધાને લગતા કાર્યમાં સફળતા મળે. અણધાર્યો ધન લાભ થાય.
કુંભ: ઉતાવળે કોઇ નિર્ણય ન લેવો હિતાવહ. ધીરજના ફળ મીઠા મળે.
મીન: નવિન આયોજન સફળતાથી પાર પાડી શકશો. આરોગ્ય અંગે સાવચેત રહેવું.



પક્ષમાં મોવડીઓ શિસ્તનું પાલન કરાવે અને ઘરમાં તું ! આમા મારે જાવું ક્યાં ?



તારા બનાવેલા આ સુગર ફ્રી અડદીયા ખાવા જતાં મારા દાંત તો નહિં પડી જાય ને ?

# હાલની કોલેજિયમ સિસ્ટમમાં કોઈ ફેરફાર ન થવો જોઈએ; પૂર્વ ન્યાયાધીશો શું કહે છે તે અંગે અમે કોઈપણ ટિપ્પણી કરવા માંગતા નથી : સુપ્રીમ કોર્ટ

નવી દિલ્હી તા.૬

સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે, કેટલાક વ્યસ્ત લોકોના નિવેદનોના આધારે હાલની કોલેજિયમ સિસ્ટમને રદ કરવી જોઈએ નહીં. સુપ્રીમ કોર્ટ સૌથી પારદર્શક સંસ્થાઓપૈકી એક છે. ન્યાયતંત્રમાં વિભાજન અને વર્તમાન ન્યાયાધીશો જે અંતર્ગત બંધારણીય અદાલતોમાં ન્યાયાધીશોની નિમણુંક કરે છે તે પ્રણાલી અંગે સરકાર સાથેના વિવાદ વચ્ચે સુપ્રીમ કોર્ટના કેટલાક ભૂતપૂર્વ ન્યાયાધીશો, જેઓ એક સમયે સર્વોચ્ચ અદાલતના સભ્ય હતા તેના ઉપર ટિપ્પણી કરવા માંગતા નથી. જસ્ટિસ એમ.આર. શાહ અને સી.ટી. રવિકુમારની બેન્ચે જણાવ્યું હતું કે, આજકાલ, અગાઉના નિર્ણયો જ્યારે ભૂતપૂર્વ ન્યાયાધીશો કોલેજિયમનો ભાગ હતા ત્યારે તેના ઉપર ટિપ્પણી કરવાની એક ફેશન બની ગઈ છે. અમે તેમની ટિપ્પણીઓ ઉપર કંઈપણ કહેવા માંગતા નથી. સુપ્રીમ કોર્ટ ૧૨ ડિસેમ્બર, ૨૦૧૮ના રોજ યોજાયેલી સુપ્રીમ કોર્ટની કોલેજિયમની બેઠકના એજન્ડાની માંગ કરતી તેમની અરજીને ફગાવી દેતા દિલ્હી હાઈકોર્ટના આદેશ વિરૂદ્ધ આરટીઆઈ કાર્યકર્તા અંજલિ ભારદ્વાજની અરજી ઉપર સુનાવણી કરી રહી હતી જ્યારે કેટલાક ન્યાયાધીશોની પદોન્નતિ અંગે કથિત રીતે કેટલાક નિર્ણયો લેવામાં આવ્યા હતા. ભારદ્વાજ તરફથી હાજર રહેલા એડવોકેટ પ્રશાંત ભૂષણે જણાવ્યું હતું કે, સુપ્રીમ કોર્ટના ભૂતપૂર્વ ન્યાયાધીશ જસ્ટિસ એમ.બી. લોકુરે, જેઓ ૨૦૧૮માં જીઝ કોલેજિયમનો ભાગ હતા, તેમણે જાહેરમાં કહ્યું હતું કે, તે વર્ષે ૧૨ ડિસેમ્બરે કોલેજિયમની બેઠકમાં લેવાયેલા નિર્ણયો સર્વોચ્ચ અદાલતની વેબસાઈટ ઉપર અપલોડ કરવા જોઈએ. ૧૨ ડિસેમ્બર, ૨૦૧૮ના રોજ, તત્કાલીન મુખ્ય ન્યાયાધીશ રંજન ગોગોઈની આગેવાની હેઠળના અને ન્યાયમૂર્તિ લોકુર, એ.કે. સિકરી, એસ.એ. બોબડે અને એન.વી. રમન્નાની સમાવિષ્ટ કોલેજિયમે ઉચ્ચ અદાલતમાં ન્યાયાધીશોની નિમણૂંક અને ટ્રાન્સફરની દરખાસ્તો અંગે કથિતપણે કેટલાક નિર્ણયો લીધા હતા. પરંતુ તે ઠરાવો SC વેબસાઈટ ઉપર અપલોડ કરવામાં આવ્યા ન હતા. કથિત ઘટનાક્રમનું વર્ણન કરનારા ભૂષણે બેન્ચને કહ્યું કે, અરજદાર ૧૨ ડિસેમ્બર, ૨૦૧૮ની કોલેજિયમની બેઠક સાથે સંબંધિત માત્ર ત્રણ વિશિષ્ટ દસ્તાવેજો માંગી રહ્યો છે. આ સમયે બેન્ચે કહ્યું કે, ૨૦૧૮ની બેઠકમાં લેવાયેલા નિર્ણયો મૌખિક હતા અને લેખિત નિર્ણયો ન હતા. ભૂષણે યાદ કર્યું કે, અરજદાર ભારદ્વાજ દ્વારા દાખલ કરવામાં આવેલા મુખ્ય માહિતી કમિશ્નર અને માહિતી કમિશ્નરની ખાલી જગ્યાઓ ભરવા અંગેના અન્ય એક કેસમાં આ અદાલતે નિમણૂંક પ્રક્રિયામાં જરૂરી પારદર્શિતા વિષે નિર્દેશો પસાર કર્યા છે. શું દેશની જનતાને એ જાણવાનો અધિકાર નથી કે કોલેજિયમની ચોક્કસ બેઠકમાં શું નિર્ણય લેવામાં આવ્યા છે? શું સુપ્રીમ કોર્ટ RTI કાયદાથી મુક્ત છે? અને તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, માહિતીનો અધિકાર કાયદો એ મૂળભૂત અધિકાર છે. સર્વોચ્ચ અદાલતે કહ્યું કે, તે અરજી ઉપર આદેશ આપશે અને તેનો ચુકાદો અનામત રાખશે. ભારતના ભૂતપૂર્વ મુખ્ય ન્યાયાધીશ રંજન ગોગોઈની આત્મકથા 'જસ્ટિસ ફોર ધ જજ' અનુસાર, રાજસ્થાન હાઈકોર્ટના તત્કાલીન મુખ્ય ન્યાયાધીશ જસ્ટિસ પ્રદીપ નંદરાજોગ અને દિલ્હી હાઈકોર્ટના તત્કાલીન મુખ્ય ન્યાયાધીશ જસ્ટિસ રાજેન્દ્ર મેનનનું સૂચિમાં નામ હતું. કોલેજિયમની ડિસેમ્બર ૧૨, ૨૦૧૮ની બેઠકમાં સુપ્રીમ કોર્ટમાં ઉન્નતિ માટે મંજૂરી આપવામાં આવી હતી. આ મામલો કથિત રીતે લીક થયો હતો, ત્યારબાદ ૧૫ ડિસેમ્બર, ૨૦૧૮ના રોજ શરૂ થયેલી શિયાળાની રજાને કારણે જસ્ટિસ ગોગોઈ દ્વારા જાન્યુઆરી ૨૦૧૯ સુધી આ મુદ્દો સ્થગિત રાખવામાં આવ્યો હતો. જાન્યુઆરી ૨૦૧૯માં ન્યાયમૂર્તિ લોકુરની નિવૃત્તિ પછી એક નવા કોલેજિયમની રચના કરવામાં આવી હતી. આ પુસ્તક અનુસાર, નવા કોલેજિયમે, ૧૦ જાન્યુઆરી, ૨૦૧૯ના તેના ઠરાવમાં સુપ્રીમ કોર્ટમાં બઢતી માટે ન્યાયમૂર્તિ નંદરાજોગ અને ન્યાયમૂર્તિ મેનનના નામોને મંજૂરી આપી ન હતી. શરૂઆતમાં ભારદ્વાજે ૧૨ ડિસેમ્બર, ૨૦૧૮ની બેઠકમાં એજન્ડામાં લેવાયેલા નિર્ણયો અને ઠરાવોની નકલો માંગતી સુપ્રીમ કોર્ટ સમક્ષ RTI અરજી દાખલ કરી હતી. જો કે, સુપ્રીમ કોર્ટના સેન્ટ્રલપબ્લિક ઈન્ફર્મેશન ઓફિસર (CPIO)એ માહિતી આપવાનો ઈન્કાર કર્યો હતો.



પાટણ બૌદ્ધિક મંચ દ્વારા જતન લોકશાહી સંવાદ કાર્યક્રમનું આયોજન કરાયું

# ભારતના ભવિષ્ય અને લોકશાહી સામે વધતા જતાં ખતરા સામે લોકોને વહેલી તકે જાગવાની જરૂરિયાત : ડો. જયનારાયણ વ્યાસ

પાટણ,તા.૬

પાટણ બૌદ્ધિક મંચ દ્વારા જતન લોકશાહી સંવાદ કાર્યક્રમનું આયોજન તત્વચિંતન ડો. જયનારાયણભાઈની ઉપસ્થિતિમાં તેમની સાથે સીધા સંવાદ થકી કરવામાં આવ્યું હતું. પાટણ બૌદ્ધિક મંચ આયોજીત કાર્યક્રમમાં ડો. જયનારાયણ વ્યાસ સમક્ષ શિક્ષણ, વિદેશનીતિ, બેરોજગારી, લોકશાહી સામેનો ખતરો, મતદાનનું મુલ્ય અને ફરજિયાત મતદાન, વિદેશી હુંડિયામણ, ઈવીએમનો ઉપયોગ, ભ્રષ્ટાચાર, જમીન સંપાદન સહિતની બાબતો રજૂ કરવામાં આવી હતી. જેની સરળ અને કાયદાકીય તેમજ આંકડાકીય બાબતો સાથેની સચોટ માહિતી સરકારની ભ્રામક આભાસી ગેરમાર્ગે દોરનારી બાબતોને ડો. જયનારાયણ વ્યાસે સમજાવી ભારતનું ભવિષ્ય અને લોકશાહી સામે વધતા જતા ખતરા સામે લોકોને વહેલી તકે જાગવાની જરૂરિયાત દર્શાવી હતી. તત્વચિંતક ડો. જયનારાયણ વ્યાસે સંવાદ કાર્યક્રમમાં રજૂ થયેલ પ્રશ્નોની મુદ્દાસર છણાવટ કરતા દેશના પ્રત્યેક નાગરિકે રાષ્ટ્રભકત બનવું જોઈએ પરંતુ માણસ આજે દંભમાં જીવે છે. હું કહું તે જ રાષ્ટ્રભકિત તે ન હોવું જોઈએ. અભિમાન અને મિથ્યાભિમાન અલગ અલગ છે. આપણે મિથ્યાભિમાનમાં રાચીએ છીએ. આ ના થવું જોઈએ. આત્મનિર્ભર ભારત બનવું જોઈએ જે કોઈ ક્ષેત્રે શકય છે. તેમાં આત્મનિર્ભરતા કેળવવી જોઈએ. પરંતુ આજે વિશ્વનો કોઈપણ દેશ સંપૂર્ણ આત્મનિર્ભર નથી. અમેરિકા પણ ૪૦ ટકા આયાત કરે છે. આપણે ચીનની ચીજવસ્તુઓનો બહિષ્કાર કરી શકીએ તેમ નથી જ. ફાર્મા, મોટરોના કંટ્રોલ બોર્ડ, ૨૫ ટકા પાર્ટસ, લેપટોપ, સ્માર્ટફોન સહિત માટે ચીન ઉપર આધારીત છીએ તે સ્વીકારવું જોઈએ. જયારે ચીન કપાસ સહિતની ચીજવસ્તુઓ માટે આપણા ઉપર નિર્ભર છે. જો વિદેશ વ્યાપાર અટકી જાય તો બંને પક્ષે નુકસાન છે તે સ્વીકારવું જોઈએ ત્યાં દંભી વલણ ચાલે જ નહીં. ડો. જયનારાયણ વ્યાસે જણાવ્યું હતું કે વર્તમાન શિક્ષણ પદ્ધતિએ બેકારોની ફોજ ઉભી કરનારી સાબિત થઈ છે. ધો.૧૨ સુધી બાળકોને ગુજરાતી માધ્યમમાં જ ભણાવવાનો આગ્રહ રાખવો જોઈએ. સરકાર ગમે તે હોય તમામને રોજગારી આપી શકવાની નથી અને જે બાબત શકય નથી. તેના ઠાલા વચનો પણ ના આપવા જોઈએ. અભ્યાસ કરનારાઓએ પણ નોકરી જ મેળવવાની અપેક્ષા કરતા બાપદાદાના પરંપરાગત કે ટેકનોલોજીના યુગમાં અનેક રસ્તાઓ ખુલ્યા છે. ત્યારે રોજગારી માટે પ્રયત્નશીલ બનવું જોઈએ. ટેકનોલોજીના મહત્વને સમજી અપડેટ થતા રહેવું પડશે. આગામી દશકામાં માનવી દોઢ કલાકમાં શિકાગો પહોંચી શકશે. મેડિકલ સાયન્સમાં આમુલ પરિવર્તન આવશે. ઘેર બેઠા તમામ રિપોર્ટ તમારા શરીરમાં ગોઠવાયેલી ચીપ થકી થશે. કેન્સર થવાની શકયતા અગાઉથી જાણી શકાશે. અને આગામી સમયમાં આ રોગ થશે જ નહીં. ડો. વ્યાસે વર્તમાન સમયમાં ભારતની લોકશાહી વ્યવસ્થાતંત્ર સામેના ખતરાને ગંભીરતાથી લેવાની જરૂરિયાત ઉપર ભાર મુકયો હતો. આજે લશ્કર સહિત સમગ્ર સરકારી વ્યવસ્થાતંત્ર સરકારી વાજિંત્રરૂપ બનાવી દેવાયું છે. હવે એકમાત્ર આશાનું કિરણ ન્યાયતંત્ર સામે પણ મીટ મંડાઈ છે. જે લોકશાહી વ્યવસ્થા સામે ખતરારૂપ છે. પ્રજાનો ભરોસો તુટવો ના જોઈએ. ન્યાયતંત્ર સાથે કોઈપણ દખલગીરી ના હોવી જોઈએ. લોકશાહીને બચાવવી હશે તો પ્રજાએ હિંમત દાખવવી પડશે. સત્તાધીશો સામે સવાલો કરવા પડશે તેમને રસ્તો બતાવવાની જરૂર પડે ત્યારે બતાવવો પડશે. આજની પરિસ્થિતિ એવી છે કે આપણે રૂપિયાવાળાના ગુલામ બની રહ્યા છીએ. ગણેશોત્સવ નવરાત્રિના મુખ્ય યજમાનમાં બુટલેગરોને ઉંચા આસને બેસાડી રહ્યા છીએ. આ પરિસ્થિતિ લોકશાહી રાજય વ્યવસ્થાતંત્રમાં પણ ઘૂસી છે. ઠોઠ નિશાળિયા પ્રધાનો બની જાય છે તેમની પાસેથી બ્યુરોકેટ પાસેથી કામ લેવાની તમે શું અપેક્ષા રાખી શકો માટે પ્રજાએ જ હવે વિચારી કેવા લોકોને ચૂંટી સત્તાધીશો બનાવવા છે તે નક્કી કરવાનો સમય આવી ગયો છે. દેશના ઈતિહાસ સાથે થઈ રહેલા ગંભીર પ્રકારના ચેડાં સામે જાગૃત થવું પડશે. બાકી આવનારી પેઢી આપણને માફ નહીં કરે. દેશ આજે જે દિશામાં જઈ રહ્યો છે તે ગંભીર ચિંતાનો વિષય છે. સમાજસમાજ વચ્ચે વેરભાવના, જાતિવાદ, પ્રાંતવાદમાંથી બહાર આવી મજબૂત લોકશાહી માટે પ્રબુદ્ધોએ ભેગા મળી ક્રાંતિકારી વલણ અપનાવવું પડશે. સત્ય બાબતોને તોડી મરોડવાની નીતિ અપનાવાઈ રહી છે. ડો. જયનાયરાણ વ્યાસે નર્મદા યોજના સહિતની તમામ મોટા બંધ, જળક્રાંતિનો યશ કોંગ્રેસને આપ્યો હતો. જવાહરલાલ નહેરૂની દિર્ઘદષ્ટિ, ડો.વર્ગિસ કુરીયન, ટેલિફોન ક્રાંતિ સામ પિત્રોડાને આભારી લેખાવી હતી. દેશમાં મતદાન અંગે જાગૃતતાનો અભાવ અને પ્રજામાં ઘટતો જતો વિશ્વાસ ટકાવવો પડશે. ફરજિયાત મતદાન કરવું જોઈએ. જે દેશો આધુનિકતાના હિમાયતી છે તેમણે ઈવીએમ મશીનો શોધ્યા છતાં ઉપયોગ કરતા નથી. આ એક વિચારવા લાયક બાબત છે. કોઈપણ ડીવાઈસમાં છેડછાડ શકય છે. તમારા મોબાઈલમાં પણ જોઈતું જ સંગ્રહ કરો કોઈપણ અગત્યની બાબતોની સલામતી નથી રહી. ત્યારે ઈવીએમ સામે તેમણે સંદેહ વ્યકત કર્યો હતો. આ સંવાદ કાર્યક્રમમાં શહેર અને ગ્રામ્ય વિસ્તારના બૌદ્ધિક અગ્રણીઓ, સામાજિક કાર્યકરો, પત્રકારો, તબીબો, મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. શરૂઆતમાં એક પુસ્તક આપી ડો. વ્યાસનું સ્વાગત કરવામાં આવ્યું હતું. જયારે આભારવિધિ પોપટભાઈ પટેલે અને સંચાલન પ્રો.દિલીપભાઈ પટેલે કર્યું હતું.

# યોગી મોડલ હવે મોદીના ગુજરાતમાં આવી ગયું છે



ગાંધીનગર તા.૬

૨૦૧૭માં ચૂંટણીઓમાં ''વિકાસ આવે છે'' એ ભાજપ માટે એક ઉત્સાહી ઢંઢેરો હતો. હવે પાંચ વર્ષ પછી, ભાજપની ચૂંટણી રેલીઓમાં બુલડોઝરો આવી ગયા છે, જે 'ગુજરાત મોડલ'ના સ્થાને 'યુપી મોડલ'ની અપશુકનિયાળ યાદ અપાવે છે. આ વખતે ૨૦૨૨માં ભાજપની રેલીઓમાં બુલડોઝર આકર્ષણનું કેન્દ્ર છે. એક પછી એક રેલીમાં એવી વિજયી ઘોષણા કરવામાં આવે છે કે, અમારા બુલડોઝરોએ ઉત્તર પ્રદેશને રમખાણ મુકત બનાવ્યું છે. ઉત્સાહી ભાજપના સમર્થકો દ્વારા 'બુલડોઝર બાબા'ના નારા સાથે મોરબીમાં તેમનું સ્વાગત કરવામાં આવ્યું; જ્યાં તે ફરી એકવાર શ્રોતાઓને યાદ કરાવે છે કે તેણે પોતાના રાજ્યમાં બુલડોઝર વડે શું મેળવ્યું હતું. એક મહિના પહેલા પુલ તૂટી પડવાનો કોઈ ઉલ્લેખ નથી, જેના કારણે ઓછામાં ઓછા ૧૩૪ લોકોનાં મોત થયા હતા. ઉત્તર પ્રદેશમાં CAA (સિટીઝનશિપ એમેન્ડમેન્ટ એકટ) વિરોધીઓની દુકાનો અને ઘરોને તોડી પાડવા માટે બુલડોઝરનો ઉપયોગ કરવામાં આવ્યો હતો જેમાં લગભગ તમામ મુસ્લિમો હતા. કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે ખંભાતમાં બીજી ચૂંટણી રેલીમાં લોકોને યાદ અપાવ્યું હતું કે, બેટ દ્વારકામાંથી નકલી મઝારો તોડી પાડવામાં આવ્યા હતા અને કોંગ્રેસના વિરોધ છતાં ભાજપ સરકાર આ સફાઈ ચાલુ રાખશે. અમિત શાહ આ વર્ષે ઓકટોબરમાં 'ગેરકાયદે બાંધકામો' દૂર કરવા માટે બેટ દ્વારકામાં વ્યાપક ડિમોલિશન ઝુંબેશનો ઉલ્લેખ કરી રહ્યા હતા. ભાજપનો ૨૦૧૭નો ચૂંટણી ઢંઢેરો ખેડૂતોને વ્યાજમુક્ત લોન, ઈંટના મકાનો અને ગરીબો માટે શૌચાલય અને આવા અન્ય કામ અંગે હતું. પણ ૨૦૨૨નું અભિયાન સમાન નાગરિક સંહિતા, કટ્ટરપંથી વિરોધ, 'બળજબરીથી ધર્માંતરણ' માટે વધુ કડક સજા, ગૌશાળાઓ વગેરે માટે ભંડોળ જેવા મુદ્દાઓ આવી ગયા છે. અલબત્ત, ડિમોલિશન એ એકમાત્ર સંકેત નથી કે ભાજપ હિન્દુત્વ દ્વારા ચૂંટણી મેદાનમાં આગળ આવી રહ્યું છે. આસામના મુખ્ય પ્રધાન હિમંતા બિસ્વા સરમાએ કહ્યું કે, વર્તમાન ચૂંટણી લવ જેહાદ અને સમાન નાગરિક સંહિતા ઉપર જાહેર લોકમત છે. અમિત શાહે કહ્યું કે ભાજપે ૨૦૦૨માં 'તેમને' (મુસ્લિમો)ને પાઠ ભણાવ્યો હતો અને રાજ્યમાં 'કાયમી શાંતિ' થઈ ગઈ હતી. વડાપ્રધાને પોતે તેમના ચૂંટણી ભાષણોમાં આક્ષેપ કર્યો હતો કે તેઓ સાથે આવ્યા ત્યાં સુધી કોંગ્રેસ આતંકવાદ પ્રત્યે નરમ વલણ રાખતી હતી. ભાજપ શા માટે હિંદુત્વ અને આતંકની કટ્ટર ભાષા બોલી રહ્યું છે જ્યારે તે 'વિકાસ' મુદ્દે વોટ માંગી રહ્યો હતો? 'ગુજરાત મોડલ'ના મુદ્દા ઉપર ૨૦૧૪માં મોદીએ રાષ્ટ્રીય ચૂંટણી જીતી હતી અને ૨૦૧૯માં ફરીથી ચૂંટાયા હતા. ગુજરાત રાજ્યમાં ૨૭ વર્ષ સત્તા ઉપર રહ્યા પછી, ભાજપની છબી ખતમ થઈ ગઈ છે અને પાર્ટી અધૂરા વચનો ઉપર વાત કરવા માંગતી નથી. વધુમાં, પાર્ટી ૨૦૨૪માં સામાન્ય ચૂંટણીઓ માટે વાતાવરણ તૈયાર કરી રહી છે. છેલ્લાં આઠ-નવ વર્ષોમાં કેન્દ્ર સરકારની કામગીરી વિષે લખવા જેવું કંઈ ન હોવાથી, પાર્ટીએ ફરી એકવાર રામ મંદિર, રાષ્ટ્રીય સુરક્ષા અને આતંક ઉપર આધાર રાખવો પડશે. ૨૦૧૭માં ભાજપના ચૂંટણી વચનો ઉપર એક નજર નાખો. પાર્ટીના ઢંઢેરામાં ખેડૂતોને વ્યાજમુક્ત લોન, ગરીબો માટે ઈંટના મકાનો અને શૌચાલય, મહિલાઓ માટે મફત ઉચ્ચ શિક્ષણ, મોહલ્લા ક્લિનિક્સ, પરવડે તેવા ભાવે જેનરિક દવાઓ વેચતી ફાર્મસીઓ અને સુરત અને વડોદરામાં મેટ્રો ટ્રેન. તેનાથી વિપરીત, ૨૦૨૨માં, ઢંઢેરામાં એક સમાન નાગરિક સંહિતા, આતંકવાદીઓ અને સ્લીપર સેલને ઓળખવા માટે કટ્ટરપંથી વિરોધી નિયમો, તોફાનીઓ અને પ્રદર્શનકારીઓની સંપત્તિની કાયદેસરની જપ્તી, વકફ મિલકતોની તપાસ કરવા માટે એક ટાસ્ક ફોર્સ, ગૌશાળાઓ માટે વધારાના ભંડોળ, બળજબરીથી ધર્માંતરણ માટે સજા અને મદરેસા અભ્યાસક્રમોની ચકાસણીનું વચન આપવામાં આવ્યું છે. ગુરૂવારે ગુજરાતના અડધા ભાગમાં મતદાન થયું હતું, તો બીજા અડધા ભાગમાં ચૂંટણી પ્રચાર ચાલુ રહ્યો હતો. વડાપ્રધાન મોદી પોતે ગાંધીનગર અને અમદાવાદ થઈને ૫૦ કિલોમીટરના રોડ શોમાં ભાગ લેવાના હતા. ભાજપના ભૂતપૂર્વ નેતાએ જણાવ્યું હતું કે, રાજ્યની ચૂંટણીમાં કોઈપણ વડાપ્રધાન દ્વારા આવી લાંબી અને વિસ્તૃત ઝુંબેશ દુર્લભ છે અને ભારતના ચૂંટણી ઈતિહાસમાં ક્યારેય જોવા મળ્યું નથી. ૨૦૧૭માં ભાજપને ૪૯.૦૫ ટકા અને કોંગ્રેસને ૪૧.૪૪ ટકા વોટ મળ્યા હતા. નોંધપાત્ર રીતે, ભાજપનો સૌથી વધુ વોટ શેર ૨૦૦૨માં નોંધાયો હતો જ્યારે તેને ૪૯.૮૫ ટકા મત મળ્યા હતા. ત્યારથી ઘણું બદલાઈ ગયું છે. મોદી પહેલા જેટલા લોકપ્રિય નથી. પાર્ટીએ ૧૯ જેટલા બળવાખોર ઉમેદવારોને સસ્પેન્ડ કર્યા છે. આમઆદમી પાર્ટી દ્વારા પ્રથમ વખત રાજ્યમાં પોતાનું ખાતું ખોલાવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. જોકે ભાજપના નેતાઓને ભારે જીતનો વિશ્વાસ છે. ૫ ડિસેમ્બરે મતદાનના બીજા અને અંતિમ રાઉન્ડ ઉપર તમામની નજર મંડાયેલી હોવાથી, રાજકીય નિરીક્ષકો સંમત થાય છે કે રાજ્યમાં ૮મી ડિસેમ્બરે મતગણતરી થવાની છે, તે રાજકારણના ભાવિ માર્ગને પ્રભાવિત કરી શકે છે. જો ભાજપ ૨૦૧૭ની સરખામણીમાં ઓછી બેઠકો જીતે તો તે તેના માટે પીછેહઠ ગણાશે.

# ઉચ્ચ અદાલતોમાં ન્યાયાધીશોમાં વિવિધતાના અભાવ માટે માત્ર કોલેજિયમ જ નહીં, સરકાર પણ જવાબદાર છે

નવી દિલ્હી તા.૬

દેશના ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયાધીશોની નિમણૂંકને લઈને નરેન્દ્ર મોદી સરકાર અને સુપ્રીમ કોર્ટ વચ્ચે શ્રેણીબદ્ધ ટિપ્પણીઓ સાથે યુદ્ધ શરૂ થયું છે. કેન્દ્રીય કાયદા પ્રધાન કિરેન રિજિજુએ કોલેજિયમ સિસ્ટમને ભારતીય બંધારણ મુજબ અયોગ્ય ગણાવ્યું છે. ત્યારબાદ, રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ, સુપ્રીમ કોર્ટમાં બંધારણ દિવસની ઉજવણીના એક કાર્યક્રમમાં અન્ડરટ્રાયલ પ્રત્યે ન્યાયતંત્રના સુસ્ત અભિગમ બદલ ન્યાયાધીશોને ફટકાર લગાવી હતી. કાયદા મંત્રીએ ટિપ્પણી કરી હતી કે ન્યાયાધીશોની નિમણૂંકના મામલે, ભારત સરકાર સામાજિક વિવિધતા માટે પ્રતિબદ્ધ છે અને ઉચ્ચ ન્યાયાલયોના માનનીય મુખ્ય ન્યાયાધીશોને વિનંતી કરી રહી છે કે, તેઓ ન્યાયાધીશોની નિમણૂંક માટે દરખાસ્તો મોકલતી વખતે તે ધ્યાનમાં રાખે. ન્યાયાધીશોની નિમણૂંકમાં વિવિધતા એ સરકાર માટે એક મુદ્દો છે. ભૂતપૂર્વ CJI રમન્નાની આગેવાની હેઠળના કોલેજિયમે વિવિધતાના મુદ્દા ઉપર ધ્યાન આપ્યું ન હતું અને તેમના કાર્યકાળ દરમ્યાન ઉચ્ચ અદાલતોમાં નિયુક્ત થયેલા મોટાભાગના ન્યાયાધીશો 'ઉચ્ચ જાતિના હિંદુઓ' હતા. ભારતના ઉચ્ચ ન્યાયતંત્રમાં વિવિધતાનો અભાવ છે, ખાસ કરીને જ્યારે મહિલાઓ, SC, ST અને OBCની હાજરી ઓછી છે. સુપ્રીમ કોર્ટના ૨૭ જજોમાંથી માત્ર ત્રણ જ મહિલા છે, બે એસસી કેટેગરીના અને એક અન્ય પછાત વર્ગ (ઓબીસી)માંથી છે. એસટી સમાજમાંથી કોઈ જજ નથી. જસ્ટિસ એચ.કે. સેમા એસટી સમુદાયમાંથી એકમાત્ર ન્યાયાધીશ છે જેમની આઝાદી પછી સુપ્રીમ કોર્ટમાં નિમણૂંક કરવામાં આવી છે. આ બતાવે છે કે, ૨૦૦૦માં સંસદીય સમિતિ (કારિયા મુંડા સમિતિ)ના અહેવાલના પ્રકાશન પછી ઉચ્ચ અદાલતો અને સુપ્રીમ કોર્ટમાં SC અને STના પ્રતિનિધિત્વના મુદ્દામાં કોઈ નોંધપાત્ર પ્રગતિ થઈ નથી. ન્યાયતંત્રમાં SC, ST, OBC અને મહિલાઓના પ્રતિનિધિત્વનો અભાવ આ સમુદાયો પ્રત્યે ન્યાયતંત્રની અસંવેદનશીલતાના એક કારણ તરીકે જોવામાં આવે છે. ઉચ્ચ ન્યાયતંત્રમાં તેમના પ્રતિનિધિત્વના અભાવ માટે જવાબદાર કોણ છે? સરકારે ઉચ્ચ ન્યાયતંત્રને જવાબદાર ગણ્યા છે. સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશો મોટાભાગે હાઈકોર્ટમાંથી અને કેટલાકને બારમાંથી લેવામાં આવે છે તેમાં મોટાભાગે વકીલો હોય છે જેમણે સોલિસિટર જનરલ અને વધારાના સોલિસિટર જનરલ તરીકે હોદ્દો સંભાળ્યો હોય છે. પરંતુ સુપ્રીમ કોર્ટમાં મોટાભાગના ન્યાયાધીશો હાઈકોર્ટમાંથી આવે છે. SC, ST, મહિલાઓ અને OBC સમુદાયોના લોકો નોંધપાત્ર સંખ્યામાં જિલ્લા અથવા ગૌણ અદાલતોમાં દાખલ થઈ રહ્યા છે. જો કે, જ્યારે તેમનો ઉચ્ચ ન્યાયાલયમાં પદોન્નતિનો સમય આવે છે, ત્યારે તેમની સામે વ્યર્થ ફરિયાદો દાખલ કરવામાં આવે છે. આવી ફરિયાદોનો ઉકેલ આવે ત્યાં સુધીમાં આ જિલ્લા ન્યાયાધીશો નિવૃત્ત થઈ જાય છે. જિલ્લા ન્યાયાધીશો ઉપર હાઈકોર્ટની કડક દેખરેખને કારણે આવા ન્યાયાધીશો જાહેરમાં આવતા અચકાતા રહે છે. તેઓ એવું પણ કહે છે કે, ઉચ્ચ ન્યાયતંત્રની સંડોવણીને કારણે તેઓ આવી ઘટનાઓ સામે ફરિયાદ નોંધાવી શકતા નથી, કારણ કે, તે અંતિમ લવાદ છે. સુપ્રીમ કોર્ટ અને ઉચ્ચ અદાલતોએ આ મુદ્દાઓની અવગણના કરી છે. હાઈકોર્ટ અથવા સુપ્રીમ કોર્ટમાં પ્રેક્ટિસ કરતા વકીલોના સમૂહમાંથી હાઈકોર્ટના મોટાભાગના ન્યાયાધીશોની નિમણૂંક કરવામાં આવે છે. ન્યાયાધીશોની પ્રોફાઈલ જોતાં તે સ્પષ્ટ થાય છે કે, તેઓએ વધારાના સોલિસિટર જનરલ, એડવોકેટ જનરલ, એડિશનલ એડવોકેટ જનરલ અથવા કેન્દ્ર અને રાજ્ય સરકારોની સ્ટેન્ડિંગ કાઉન્સિલના સભ્યો તરીકે સેવા આપી છે. આવી પોસ્ટને સામૂહિક રીતે કાયદા અધિકારી તરીકે ઓળખવામાં આવે છે. આ હોદ્દાઓ ઉપર નિમણુંકો ન્યાયતંત્રને બદલે સરકારો દ્વારા કરવામાં આવે છે, જેનો અર્થ એ થાય છે કે, સરકારો વકીલોની પ્રોફાઈલને અપગ્રેડ કરવા માટે પરોક્ષ રીતે જવાબદાર છે, જે પછી ઉચ્ચ અદાલતોમાં ન્યાયાધીશો તરીકે નિમણૂંક માટે



કોલેજિયમ દ્વારા તેમની ભલામણ કરવામાં આવે તેવી શક્યતાઓ વધે છે. એટર્ની જનરલ દેશના સર્વોચ્ચ કાયદા અધિકારી છે. બંધારણના અમલીકરણથી, ૧૪ એડવોકેટ્સને એટર્ની જનરલ તરીકે અને ૨૩ એડવોકેટ્સને સોલિસિટર જનરલ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. આ ૩૭ નિમણૂંકોમાંથી એક પણ મહિલા SC અથવા ST નથી. હાલમાં ૨૧ વધારાના સોલિસિટર જનરલ છે અને તેમાંથી માત્ર બે મહિલા છે. કોઈપણ એસસી/એસટી કેટેગરીમાંથી નથી. ન્યાયાધીશો મોટાભાગે વકીલોની રેન્કમાંથી બનાવવામાં આવે છે, પરંતુ કાયદા અધિકારીઓ તરીકેનો તેમનો દરજ્જો તેમની પ્રોફાઈલમાં વધારો કરે છે. આવા અધિકારીઓની નિમણૂંક માટે તે કેન્દ્ર સરકાર મુખ્યત્વે જવાબદાર છે તેથી ભારતના ઉચ્ચ ન્યાયતંત્રમાં SC, ST અને મહિલા ન્યાયાધીશોના ઓછા પ્રતિનિધિત્વ માટે, કોલેજિયમ સિસ્ટમ જ જવાબદાર છે તેવી દલીલ કરવી ભૂલભરેલી હશે. સરકારે પણ જવાબદારી સ્વીકારવાની અંદર જરૂર છે.

# જૂનાગઢના વધુ એક શખ્સને પાસા હેઠળ અમદાવાદ જેલ હવાલે કરાયો




(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા. ૬

જૂનાગઢ રેન્જના પોલીસ મહાનિરીક્ષક મયંકસિંહ ચાવડાની સુચના તેમજ પોલીસ અધિક્ષક રવિ તેજા વસામશેટ્ટીની સુચના તથા માર્ગદર્શન હેઠળ જીલ્લામાં ચાલતી ગેરકાયદેસર પ્રોહીબીશનની બદી નેસ્તનાબૂદ કરવા તેમજ જીલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતીને જાળવી રાખવા માટે ગેરકાયદેસર પ્રોહીબીશનની પ્રવૃત્તિ સાથે સંકળાયેલ ઈસમો વિરૂધ્ધ પાસા તથા તડીપાર જેવા અટકાયતી પગલા લેવા થયેલ સુચના મુજબ જૂનાગઢ સી-ડીવીઝન પોલીસ સ્ટેશન દ્વારા પાસાની દરખાસ્ત તૈયાર કરી જીલ્લા મેજીસ્ટ્રેટ તથા કલેકટર રચિત રાજ તરફ પોલીસ અધિક્ષક મારફત મોકલતા જીલ્લા કલેકટરશ્રી જૂનાગઢ દ્વારા આવી ગેરકાયદેસર પ્રવૃત્તિની ગંભીરતા સમજી ત્વરીત જૂનાગઢના નાથાભાઈ સરમણભાઈ વિરૂધ્ધ પાસા વોરન્ટ ઈશ્યુ કરવામાં આવેલ હતો. જે પાસા વોરન્ટ ઈસ્યુ થયા બાદ તેને પકડી પાડવા ક્રાઈમ બ્રાન્ચના પીઆઈ જે.એચ. સિંધવના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ જે.જે. ગઢવી, એએસઆઈ નિકુલ એમ. પટેલ તથા હે.કો. જીતેષ મારૂ, પો.કો. ડાયાભાઈ કરમટા, કરશનભાઈ કરમટા, ભરતભાઈ સોનારાએ વોચ ગોઠવી તપાસમાં હતા ત્યારે પીએસઆઈ જે.જે. ગઢવી તથા પો.કો. ડાયાભાઈ કરમટા, કરશનભાઈ કરમટા, ભરતભાઈ સોનારાને સંયુકત બાતમી મળેલ હતી કે નાથાભાઈ સરમણભાઈ પોતાના ઘર પાસે હોય જેના આધારે તપાસ કરતા ઉપરોકત શખ્સ મળી આવતા તા.૫-૧૨-૨૨ના રોજ પાસાના કાયદા હેઠળ અટકાયત કરી સેન્ટ્રલ જેલ અમદાવાદ ખાતે મોકલી આપવામાં આવેલ છે. આ કામગીરીમાં ક્રાઈમ બ્રાન્ચના પીઆઈ જે.એચ. સિંધવ, પીએસઆઈ જે.જે.ગઢવી, સી-ડીવીઝન પો.સ્ટેશનના પીએસઆઈ જે.એમ. વાળા, ક્રાઈમ બ્રાન્ચના એએસઆઈ નિકુલ પટેલ, પો.કો.જીતેષ મારૂ, ડાયાભાઈ કરમટા, કરશનભાઈ કરમટા, ભરતભાઈ સોનારા તથા મહિલા પો.કો. રાજેશ્રી દિવરાણીયા, સીડીવીઝનના એએસઆઈ નાથાભાઈ રામ, હે.કો. સંજયસિંહ રાઠોડ વગેરે સ્ટાફ જોડાયેલ હતો.

# ગુજરાત વિધાનસભાની ચુંટણીનાં પરિણામોની સચોટ આગાહી કરવા ચેલેન્જ

## ભારતભરના આગાહીકારોને રૂા.૨૫ લાખનો વિજ્ઞાન જાથાનો જાહેર પડકાર

રાજકોટ તા. ૬

ભારતભરના કહેવાતા આગાહીકારો, જયોતિષીઓ, ચમત્કારીકો, તાંત્રિકો, સ્વામિ, બાપુ, ફકિર, મુંજાવર, મૌલવી, પાદરીઓ, જયોતિષીની વિવિધ શાખાઓના તજજ્ઞોને ગુજરાત પરિણામોની સચોટ આગાહી કરી રૂા.૨૫ લાખના ઈનામ જીતવાનો ભારત જન વિજ્ઞાન જાથાની રાજય કચેરીએ જાહેરમાં પડકાર ફેંકયો છે. તા.૭મી ડીસેમ્બર, ૨૦૨૨ના મોડી રાત સુધીમાં પડકારની રકમના દશ ટકા સાથે સોગંદનામું રજુ કરવા જાહેર આહવાન કરવામાં આવે છે. પૃથ્વીની ઉત્પતિથી આજદિન સુધી વિશ્વમાં એકપણ ચમત્કારીક કે આગાહીકાર સચોટ આગાહી કરી શકયા નથી તે હકીકત છે. ગુજરાતની ચુંટણી પરીણામની સચોટ આગાહીમાં (૧)ભાજપ અને કોંગ્રેસને કેટલી બેઠકો ઉપર વિજય પ્રાપ્ત થશે. (૨)સૌરાષ્ટ્રમાં ભાજપને કેટલી બેઠકો ઉપર વિજય થશે. (૩)વર્તમાન મંત્રીઓમાંથી કેટલા મંત્રીઓ હારી જશે? (૪) દક્ષિણ ગુજરાતમાં આપને કેટલી બેઠકો ઉપર વિજય થશે. (૫) અમદાવાદમાં ભાજપ અને કોંગ્રેસને કેટલી બેઠકો મળશે. આ પાંચમાંથી ચારની સચોટ આગાહી કરી આગાહીકારો, જયોતિષીઓને પોતાની વિશ્વસનીયતા સાબિત કરવા જાથાએ જાહેરમાં પડકાર ફેંકયો છે. એક -બે નો સામાન્ય તફાવત માન્ય ગણવામાં આવશે. સોગંદનામામાં બે સાક્ષીઓ, દશ ટકા રકમની વિગત સાથે નિયત ફોર્મ ઉપર ફરજીયાત છે. પરિણામની આગાહી ખોટી પડશે તો દશ ટકાની રકમ જપ્ત કરી શિક્ષણ, આરોગ્ય કે વૃધ્ધાશ્રમને આપી દેવામાં આવશે. તા.૭મીએ મોડી રાત્રી સુધીમાં આ પડકાર જીલી લેવા અનુરોધ કરવામાં આવ્યો છે. જાથાના ચેરમેન જયંત પંડયા જણાવે છે કે, આ પડકાર માત્રને માત્ર વારંવાર આગાહીઓ, ફળકથનો, ચમત્કારીકો, તાંત્રિકોને લાગુ પડે છે. મોટાભાગના ઉમેદવારોએ આશીર્વાદ કે વિજય મુહુર્ત, ચોઘડીયા જોઈ ફોર્મ ભરવા લાગે છે તેમાંથી એકજ ઉમેદવારને જીત હાંસલ થવાની છે તેમાં સૌ સંમત છે. વિજય મુહુર્તમાં ફોર્મ ભરવું તેમાં શ્રધ્ધા રાખવી તે માનસિક પછાતપણું છે. કોરોના કાળ સમયમાં વિશ્વના ધાર્મિક સ્થાનો બંધ રહયા, કહેવાતી શક્તિઓ-દિવ્યતા ગાયબ થઈ ગઈ, આગાહીકારોની બોલતી બંધ થઈ ગઈ તે વિશ્વના માનવીએ નજરે જોયું છે. માનવીનો વિજ્ઞાન ઉપલબ્ધીઓ જ ફાયદાકારક સાબિત થઈ છે તે સ્વીકારવું જોઈએ.

વધુમાં જયંત પંડયા જણાવે છે કે, જાથાની સ્થાપનાથી આજદિન સુધી ભારતના કહેવાતા એકપણ આગાહીકાર પડકાર ઉપાડવા હિંમત કે ફરકયા નથી તેમાંથી બોધપાઠ લેવાની જરૂર છે. મોટાભાગના પોતાની પ્રસિધ્ધી કે રોજગારી માટે આગાહીના ગતકડા મુકી લોકો ઉલ્લુ-મુર્ખ બનાવે છે તેવું જાથાએ સાબિત કરી આપ્યું છે. અંતમાં ત્રણ દિવસની અવધિમાં જાથાનો આધારકાર્ડ, પોતાની નિપુણતાનું પ્રમાણપત્ર આપી ફોર્મ મેળવી પરત મોકલી આપવાનું રહેશે. માહિતી માટે મો.૯૮૨૫૨ ૧૬૬૮૯ ઉપર સંપર્ક સાધવા કાર્યાલય મંત્રી અંકલેશ ગોહિલની યાદીમાં જણાવાયું છે.

# ડો. બાબા સાહેબ આંબેડકરનું જીવન અને કાર્ય



જીવનભર પીડિતો ઉપેક્ષિતો દલિતોના કલ્યાણ અર્થે સંઘર્ષ કરનાર આ મહામાનવ ૬ ડીસેમ્બેર ૧૯૫૬ માં નિર્વાણ પામ્યા. ભારતીય બંધારણના ઘડવૈયા દલિતો, શ્રમિકો, ખેડૂતો મહિલાઓના તારણહારા ડો. આંબેડકર આજે ભલે શરીર રૂપે આપણી વચ્ચે નથી પરંતુ એક સશક્ત ચિંતક અને કર્મશીલ મહામાનવ તરીકે તેઓ હંમેશા આપણી વચ્ચે અમર રહેશે. ડો.આંબેડકર એક વ્યક્તિ માત્ર નથી, એક વિચાર છે, ૧૪ એપ્રિલ ૧૮૯૧માં મધ્યપ્રદેશના મહુ ગામમાં જન્મ થયો. માતાનું નામ ભીમાબાઈ અને પિતાનું નામ રામજી સકપાલ હતું. બાળપણનું નામ ભીમરાવ હતું. કબીર સંત તુકારામ અને ગીતાના શ્લોકો તેમની રોજિંદી પ્રાર્થનાઓમાં સામેલ હતા. ૧૯૦૭માં મેટ્રીકની પરીક્ષા પાસ થતા ગુરુ કેલુંસ્કરે બુદ્ધનું જીવન ચરિત્ર ભેટ સ્વરૂપે આપ્યું. ૧૯૧૩માં અંગ્રેજી ફારસી વિષય સાથે બી.એ પરીક્ષા પાસ કરી અને વડોદરા સરકારમાં નોકરી કરી.૧૯૧૭માં કોલંબિયા યુનિવર્સિટીમાંથી પીએચ.ડી ની પદવી પ્રાપ્ત કરી. તેમની શિક્ષા દીક્ષા પાશ્ચાત્ય પદ્ધતિથી થઈ હતી. અમેરિકા ઈંગ્લેન્ડમાં અને ત્યારબાદ બંને દેશોની લોકશાહી પરંપરાઓ ગ્રંથાલયો અને બંધારણીય રીતરસમોએ તેમને ઘડવામાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું. કોલંબિયા યુનિવર્સિટીના તેમના અધ્યાપક જોન ડીવેના વ્યક્તિત્વ અને વિચારોનો તેમના ઉપર ગાઢ અસર હતી. વિદેશમાં ઉચ્ચ અભ્યાસ માટે વડોદરા નરેશ ગાયકવાડે મદદ કરી હતી. ડો. આંબેડકરે લંડન યુનિવર્સિટી, ગોલ્ડ સ્મિથ લાઈબ્રેરી, બ્રિટિશ મ્યુઝિયમ લાઈબ્રેરી તથા ઈન્ડિયા ઓફિસ લાઈબ્રેરીની સદસ્યતા પ્રાપ્ત કરી હતી. ડો. આંબેડકરને પુસ્તકો પ્રત્યે ખૂબ જ પ્રેમ હતો. વિલાયત જઈને અર્થશાસ્ત્રની ડીગ્રી પ્રાપ્ત કરનારા પ્રથમ ભારતીયનું શ્રેય ડો. આંબેડકરને ફાળે જાય છે. માત્ર ૨૬ વર્ષની વયે એમણે અર્થશાસ્ત્રમાં પીએચ.ડી પૂરૂં કર્યું. ડો. આંબેડકરે એમ.એ., એમ.એસ સી., પીએચ.ડી., બાર એટ લો જેવી અનેક ઉચ્ચ ડીગ્રીઓ પ્રાપ્ત કરી હતી. ડો. આંબેડકરે લંડન ન્યૂયોર્ક તથા જર્મનીના પ્રવાસો દરમ્યાન લોકતંત્ર, વ્યક્તિની સ્વતંત્રતા તથા સમાનતા જેવા લોકતાંત્રિક મૂલ્યો વિષે ખૂબ જ જાણકારી પ્રાપ્ત કરી હતી. લંડનમાં ભરાયેલ ત્રણ ગોળમેજી પરિષદમાં અસ્પૃશ્યોના પ્રતિનિધિ તરીકે હાજરી આપી હતી. ડો. આંબેડકરના જીવનમાં ત્રણ આધારભૂત સિધ્ધાંત હતા શિક્ષિત બનો, સંગઠિત બનો અને સંઘર્ષ કરો. ડો. આંબેડકર મરાઠી, હિન્દી, અંગ્રેજી, ગુજરાતી, પાલી, સંસ્કૃત, પર્શિયન અને જર્મન વગેરે ભાષાની જાણકારી ધરાવતા હતા. ૨૯ વર્ષના યુવાન આંબેડકરે મૂકનાયક નામનું પ્રાક્ષિક શરૂ કર્યું હતું. શિક્ષિત લોકોને દલિતોની સમસ્યાઓથી અવગત કરવા માટે તેમજ સામાજિક જાગૃતિ માટે ડો. આંબેડકરે મૂકનાયક ૧૯૨૦, બહિષ્કૃત ભારત ૧૯૨૭ અને જનતા ૧૯૩૦ સામયિકો ચલાવ્યા હતા. તેમણે ૧૯૨૫માં બહિષ્કૃત હિતકારિણી સભા દ્વારા શિક્ષણને પ્રાધાન્ય આપ્યું હતું. અમદાવાદ ખાનપુરના પ્રથમ દલિત છાત્રાલયનો પ્રારંભ કરવામાં પણ તેમનું અનન્ય યોગદાન રહ્યું. દલિતોના ઉત્થાન માટે ૨૦ જુલાઈ ૧૯૪૫માં મુંબઈમાં પીપલ્સ એજ્યુકેશન સોસાયટીની સ્થાપના કરી હતી. જૂન ૧૯૪૬માં સિદ્ધાર્થ કોલેજનો શુભારંભ કર્યો હતો. વીમા અને વાહન વ્યવહારનું રાષ્ટ્રીયકરણ થવું જોઈએ એવું ડો. આંબેડકરે ૧૯૪૪માં જણાવ્યું હતું. તેમણે કૃષિનું રાષ્ટ્રીયકરણ કરવાનું સૂચવ્યું હતું તેમના વિચારોને અનુસરીને જ પાછળથી ભારત દેશમાં ભૂમિ મર્યાદા કાયદો અમલમાં આવ્યો. ભારતીય રિઝર્વ બેંકની રચનાનો પાયો ડો. આંબેડકરે નાખ્યો હતો. .ડો. આંબેડકરે ભારતના બંધારણની રચના કરી. કાયદાપ્રધાન તરીકે મહત્ત્વના ખરડા પસાર કરી તમામ સમાજ માટે ન્યાય સમાનતા અને શિક્ષણના અધિકારો ઉપલબ્ધ કરાવ્યા હતા. સમાનતા સ્વતંત્રતા બંધુતા સામાજિક ન્યાય જેવા માનવીય મુલ્યો અને મનુષ્ય સમાજના મૂળભૂત અધિકારો માટે આજીવન લડત લડનારા મહામાનવ ડો. આંબેડકરના ત્રણ ગુરૂ બુદ્ધ, જ્યોતિબા ફુલે અને કબીર હતા શ્રમજીવીઓના હાથવગા હથિયાર સમાન હડતાલની કાયદેસરતા ડો.આંબેડકરને આભારી છે. કામદારો અને કર્મચારીઓના નિરંતર પગાર વૃદ્ધિના સ્રોત સમાન વિવિધ એલાઉન્સની સંકલ્પના ડો.આંબેડકરના લેબર મિનિસ્ટર તરીકેના કાર્યકાળ દરમ્યાન સ્વીકૃત થયેલ સંકલ્પના છે. ડો.આંબેડકરે ભારતીય સ્ત્રીઓને હજારો વર્ષોની ગુલામી દાસત્વની જંજીરોમાંથી મુક્ત બનાવી તથા સ્વમાન સ્વાભિમાન અને સ્વતંત્રતાથી જીવવાનો માર્ગ મોકળો બનાવ્યો હતો. ભારતીય સ્ત્રીઓને અપમાન જનક સ્થિતિ અને નર્કની ઊંડી ખીણમાંથી બહાર કાઢવાનું શ્રેય બંધારણ શિલ્પી ડો.આંબેડકરને ફાળે જાય છે. અને હિન્દુ કોડ બીલની રચના કરી સ્ત્રીઓને સમાનતા બક્ષી. ડો.આંબેડકરના મત મુજબ ધર્મનું કેન્દ્ર મનુષ્ય અને ઈશ્વર વચ્ચેનો સંબંધ ન હોવો જોઈએ. એના બદલે મનુષ્ય મનુષ્ય વચ્ચેનો પારસ્પરિક સંબંધો હોવા જોઈએ. બધા લોકોનું કલ્યાણ થાય એ માટે પરસ્પર સદવર્તન શીખવવું એ ધર્મનું મૂળ તત્વ છે. ધર્મ પરિવર્તન તેમના માટે આધ્યાત્મિક ઉન્નતિ કરતા વધુ સામાજિક ભેદભાવ દૂર કરવા માટેની ચળવળ હતી. ડો.આંબેડકરે ૧૯૩૫માં ધર્મ પરિવર્તનના નિર્ણય પછી ૧૯૫૬માં એટલે કે ૨૧ વર્ષ બાદ ધર્મપરિવર્તન કર્યું હતું. ૧૪ ઓક્ટોબર ૧૯૫૬ના દિવસે નાગપુરમાં બૌદ્ધ ધર્મના પ્રમુખ સાધુ મહાસ્થવીર ચંદ્રમણીજી પાસેથી બુદ્ધ દીક્ષા અંગીકાર કરી હતી.

– લેખન : ડો.પંકજકુમાર એમ. મુછડીયા, રાજકોટ

# જૂનાગઢમાં પ્રકૃત્તિ પ્રેમી સરોજબેન રાઠોડની પ્લાસ્ટીક દુષણથી બચાવવા અનોખી પહેલ




જૂનાગઢ તા. ૬

જૂનાગઢ જીલ્લા કલેકટર રચીત રાજ પ્રેરીત 'પ્લાસ્ટીક મુકત કાફે'ને સહયોગ આપવાના અને જૂનાગઢને પ્લાસ્ટીક દુષણથી બચાવવાનો અનોખો પ્રયાસ કરવા, ઘરમાં આવતા પ્લાસ્ટીક પેકીંગ જેમ કે, દુધની બેગ, ફાસ્ટફુડ પેકેટ, પ્લાસ્ટીક બોટલ, સંજોગોવશાત આવતા શાકભાજી, કરીયાણાની વસ્તુના વનયુઝ ઝબલા વિગેરેને અલગ અલગ થેલામાં ભેગા કરેલ અને સામાન્ય કચરામાં જવા ન દઈએ, બચાવીને સાડા ત્રણ કિલો પ્લાસ્ટીક વેસ્ટ આજે આઝાદ ચોક ખાતે પ્લાસ્ટીક મુકત કાફેમાં જમાં કરાવી અમે નાસ્તો, કોલ્ડ્રીંકસ મેળવ્યા. સૌ ગૃહિણીઓ આ રીતે પ્રયાસ કરી, પ્લાસ્ટીક પ્રદુષણ ઘટાડી શકે છે. વનમેન એનજીઓ પર્યાવરણ પ્રેમી ઓન્લી ઈન્ડિયાને આ અનોખા પ્રયાસને બિરદાવી ધન્યવાદ આપ્યા તેમ હેલ્પીંગ ફર્સ્ટ ગૃપના સરોજબેન રાઠોડની યાદીમાં જણાવેલ છે.

# ભારતમાં મૃત્યુદંડ આપવાનો શું છે નિયમ? જાણો કેવી રીતે અપાય છે ફાંસી



ભારતમાં કેવી રીતે ફાંસી આપવામાં આવે છે. તે અંગે હજુ પણ લોકોને ઘણી વાતો નથી ખબર. જે મુદ્દે આજે અમે તમને માહિતી આપવા જઈ રહ્યા છે. કેપિટલ પનિશમેન્ટ. ડેથ સેન્ટન્સ, મૃત્યુદંડ. સજા-એ-મોત. શબ્દો અલગ અલગ છે પણ તેનો અર્થ એક જ છે મૃત્યુદંડ. તેના માટે આપણાં દેશમાં કેવા પ્રકારની જોગવાઈ છે તે પણ જાણવું જરૂરી છે. વિશ્વના લગભગ એક ચતુર્થાંશ દેશોમાં મૃત્યુદંડની સજા કરવામાં આવે છે. ભારત તે એક ચતુર્થાંશ દેશોમાંનો એક છે. ભારતમાં મૃત્યુદંડ આપવાની બે રીત છે. સામાન્ય નાગરિકોને ફાંસી પર લટકાવીને મૃત્યુદંડ અપાઈ છે. સેનામાં ફાંસીની સાથે ગોળી મારીને પણ મૃત્યુદંડ આપવામાં આવે છે.

૧૯૭૩ની ક્રિમિનલ પ્રોસિજર કોડમાં ફાંસી માટે પ્રમાણભૂત શબ્દ છે, **'HANGED BY THE NECK TILL DEATH'** એટલે મૃત્યુ સુધી ગળામાં ફાંસી. ૧૯૮૩માં સર્વોચ્ચ અદાલત સુપ્રિમ કોર્ટે નિર્દેશ આપ્યો હતો કે મૃત્યુદંડ માત્ર દુર્લભ કિસ્સાઓમાં જ આપવામાં આવશે. અર્થ ફક્ત તે કિસ્સાઓમાં જે અત્યંત ઘૃણાસ્પદ છે. જે ગુનાઓ એટલા ક્રૂર છે જેના માટે કોર્ટને લાગે છે કે ફાંસીથી નીચેની કોઈપણ સજા ઓછી થશે. ઉદાહરણ તરીકે ૨૦૧૨નો નિર્ભયા ગેંગ રેપ અને મર્ડર કેસ.

**ફાંસીથી બચવાના રસ્તા :**

ધારો કે સેશન્સ કોર્ટ દ્વારા ગુનેગારને મૃત્યુદંડની સજા કરવામાં આવી છે. સૌ પ્રથમ, સેશન્સ કોર્ટે તેના નિર્ણયમાં સમજાવવું પડશે કે શા માટે આ કેસ 'રેરેસ્ટ ઓફ ધ રેર' છે. સેશન્સ કોર્ટને હાઈકોર્ટની મંજૂરીની જરૂર છે. હાઈકોર્ટ તપાસે છે કે શું આ ખરેખર 'રેરેસ્ટ ઓફ ધ રેર' કેસ છે? સેશન્સ કોર્ટના નિર્ણય બાદ દોષિત પાસે હાઈકોર્ટમાં અપીલ કરવાનો વિકલ્પ છે. હાઈકોર્ટમાં જજ ફરી એકવાર તમામ પુરાવાઓ ઉપર નજર નાખે છે. જો હાઈકોર્ટ ફાંસીની સજા યથાવત રાખે છે તો સુપ્રીમ કોર્ટમાં જવાનો વિકલ્પ છે. જો સુપ્રીમ કોર્ટ પણ મૃત્યુદંડને યથાવત રાખે છે, તો દોષિત પાસે એક છેલ્લી આશા બાકી છે - મર્સિ પીટિશન.

મર્સિ પીટિશન એટલે દયાની અરજી. આ દયાની અરજી રાષ્ટ્રપતિ અથવા રાજ્યપાલને મોકલી શકાય છે. તેમને સજા-એ-મોત માફ કરવાનો અધિકાર છે. પરંતુ રાષ્ટ્રપતિ એકલા નિર્ણયો લેતા નથી. તેઓ ગૃહ મંત્રાલયની સલાહ બાદ જ કોઈપણ નિષ્કર્ષ ઉપર પહોંચે છે. રાષ્ટ્રપતિ માટે કોઈ સમય મર્યાદા નથી. તેઓ ગમે તેટલો સમય લઈ શકે છે. અને જ્યાં સુધી રાષ્ટ્રપતિ આ અરજી પર નિર્ણય ના લે ત્યાં સુધી દોષિતોને ફાંસી આપી શકાય નહીં. ક્યારેક એવું બને છે કે રાષ્ટ્રપતિ પાસે દયાની અરજી ઘણા વર્ષો સુધી લટકતી રહે છે. જો રાષ્ટ્રપતિ પણ ફાંસીની સજા માફ કરવાનો ઈનકાર કરે તો ફાંસી નિશ્ચિત છે.

**ફાંસીનો માચડો:**

જ્યારે મૃત્યુદંડની સજા નક્કી કરવામાં આવે છે, ત્યારે ડેથ વોરંટની રાહ જોવામાં આવે છે. દયાની અરજી ફગાવી દેવાયા બાદ આ ડેથ વોરંટ ગમે ત્યારે આવી શકે છે. તેમાં એક અઠવાડિયું, એક મહિનો, કેટલાંક મહિનાઓ અને વર્ષો પણ લાગી શકે છે. ફાંસીની તારીખ અને સમય તે ડેથ વોરંટમાં લખાયેલું હોય છે. મૃત્યુદંડની સજા પામેલા કેદી સાથેની આગળની કાર્યવાહી જેલ મેન્યુઅલ મુજબ છે. દરેક રાજ્યની પોતાની જેલ મેન્યુઅલ હોય છે. આ જેલ મેન્યુઅલમાં તમામ વિગતો લખેલી છે. ચાલો તો તમને કેટલીક સામાન્ય બાબતો જણાવ્યે-

- ડેથ વોરંટ નીકળ્યા પછી, કેદીને કહેવામાં આવે છે કે તેને ક્યારે ફાંસી થવાની છે.

- કેદીનું ડેથ વોરંટ નીકળ્યા બાદ જેલ સુપ્રિટેન્ડેન્ટે તેના વિષે પ્રશાસનને જાણ કરવાની હોય છે.

- જો કેદી એવી જેલમાં બંધ હોય કે જ્યાં મૃત્યુદંડની કોઈ વ્યવસ્થા ન હોય તો ડેથ વોરંટ બાદ તેને બીજી જેલમાં ખસેડવામાં આવે છે.

- નવી જેલમાં આવતાની સાથે જ કેદીની સંપૂર્ણ તપાસ કરવામાં આવે છે. તેને બાકીના કેદીઓથી અલગ સેલમાં રાખવામાં આવ્યો છે. આ સેલ ૨૪ કલાક ગાર્ડની દેખરેખ હેઠળ રહે છે. આ કેદીની દિવસમાં બે વખત શોધખોળ કરવામાં આવે છે. અધિક્ષક, નાયબ અધિક્ષક અથવા તબીબી અધિકારી કેદીના ખાણી-પીણીનું ધ્યાન રાખે છે. કેદી કોઈપણ રીતે આત્મહત્યા ન કરે તે માટે ખૂબ કાળજી રાખવામાં આવે છે.


- સામાન્ય સંજોગોમાં કેદીના પરિવારને ફાંસીની સજાના ૧૦-૧૫ દિવસ પહેલાં જાણ કરવામાં આવે છે. જેથી પરિવારના સભ્યો છેલ્લી વાર મળી શકે.

- ફાંસી માટે મનિલા દોરડાનો ઉપયોગ થાય છે. આ દોરડાની તમામ વિગતો જેલ મેન્યુઅલમાં લખેલી હોય છે. ફાંસી આપવાના એક અઠવાડિયા પહેલાં આ દોરડાને સુપરિન્ટેન્ડેન્ટની હાજરીમાં ચેક કરવામાં આવે છે. તપાસ કર્યા પછી, દોરડાને સુરક્ષિત લોકઅપમાં રાખવામાં આવે છે. જે જેલમાં જ્યાં ફાંસી આપવામાં આવે છે. ત્યાં ઓછામાં ઓછા બે દોરડા રાખવામાં આવે છે.

- ફાંસીનો સમય મહિના પ્રમાણે બદલાય છે. સવારે ૬, ૭ કે ૮ વાગ્યે ફાંસી અપાય છે. પરંતુ આ સમય હંમેશા સવારનો હોય છે. તેની પાછળનું કારણ એ છે કે બાકીના કેદીઓ સવારે સૂઈ જાય છે. અને જે કેદીને ફાંસી આપવાની હોય તેને આખો દિવસ મોતની રાહ જોવી પડતી નથી.

- ફાંસીની થોડી મિનિટો પહેલાં, સુપરિન્ટેન્ડન્ટ જાય છે અને કેદીને ફાંસીની જગ્યાએ લાવે છે. તેની સાથે બીજા કેટલાક ગાર્ડ પણ હાજર હોય છે. ફાંસી આપતી વખતે જલ્લાદ સિવાય ત્રણ અધિકારીઓ - જેલ સુપ્રિટેન્ડેન્ટ, મેડિકલ ઓફિસર અને મેજિસ્ટ્રેટ હોવા જરૂરી છે. અધિક્ષક ફાંસી આપતા પહેલા મેજિસ્ટ્રેટને કહે છે કે મેં કેદીની ઓળખ કરી છે અને તેનું ડેથ વોરંટ વાંચ્યું છે. ડેથ વોરંટ ઉપર કેદીની સહી જરૂરી છે. હવે આગળનું કાર્ય જલ્લાદનું છે.

- જલ્લાદ કેદીના મોં પર કાળા કપડાથી ઢાંકવામાં આવે છે, અને તેના ગળામાં ફાંસો મૂકે છે. અને પછી લિવર ખેંચે છે. દુનિયાભરમાં લટકાવવાના ચાર રસ્તા છે. ભારતમાં લોંગ ડ્રોપ પદ્ધતિથી ફાંસી આપવામાં આવે છે. લાંબા ડ્રોપમાં, દોરડાની લંબાઈ કેદીના વજન અનુસાર નક્કી કરવામાં આવે છે. આ એટલા માટે કરવામાં આવે છે કે આંચકાને કારણે ગરદન અને રીડનું હાડકું તૂટી શકે છે. એવું માનવામાં આવે છે કે ફાંસીમાં લાંબા ડ્રોપની પદ્ધતિ ઓછામાં ઓછી ક્રૂર છે.



- લીવર ખેંચ્યાના લગભગ અડધા કલાક પછી, શરીરને ફાંસીમાંથી નીચે લાવવામાં આવે છે. પરંતુ જ્યારે તબીબી અધિકારી તેના મૃત્યુની પુષ્ટિ કરે છે. ત્યારે જ તેને નીચે લાવવામાં આવે છે. મૃત્યુની પુષ્ટિ કર્યા પછી, મેજિસ્ટ્રેટ, મેડિકલ ઓફિસર અને સુપરિન્ટેન્ડેન્ટ ત્રણેય ડેથ વોરંટ ઉપર સહી કરે છે. આ પછી, તેઓએ ફરીથી કોર્ટમાં ડેથ વોરંટ જમાં કરાવે છે.

- ફાંસી આપ્યા બાદ મૃતદેહ પરિવારને સોંપવામાં આવે છે. જે કેદીઓના પરિવારજનો નથી તેમના મૃત્યુ પહેલા તેમને પૂછવામાં આવે છે કે અંતિમ સંસ્કાર કેવી રીતે કરવા.

- જો કે, અમે તમને જણાવી દઈએ કે ભારતમાં છેલ્લી ફાંસી ૨૦ માર્ચ ૨૦૨૦ ના રોજ નિર્ભયાના ચાર દોષિતો- અક્ષય, વિનય, પવન અને મુકેશને આપવામાં આવી હતી. સવારે સાડા પાંચ વાગ્યે તેને સજા કરવામાં આવી હતી. અગાઉ વર્ષ ૨૦૧૫માં યાકુબ મેમણને ૧૯૯૩ના મુંબઈ બોમ્બ વિસ્ફોટ કેસમાં ફાંસી અપાઈ હતી. તે પહેલા અફઝલ ગુરૂને ૨૦૧૩માં અને અજમલ કસાબને ૨૦૧૨માં ફાંસી આપવામાં આવી હતી.

## બીજા તબક્કામાં રાજ્યના ૧૪ જિલ્લામાં મતદાન શાંતિપૂર્ણ રીતે ઉલ્લાસપૂર્વક સંપન્ન

# મતદારો અને સમગ્ર ચૂંટણી તંત્રનો આભાર વ્યક્ત કરતાં મુખ્ય નિર્વાચન અધિકારી પી. ભારતી

**૨૬,૪૦૯ મતદાન મથકો પૈકી માત્ર ૮૭ મતદાન મથકોમાં બેલેટ યુનિટ, ૮૮ કંટ્રોલ યુનિટ અને ૨૮૨ વીવીપેટ રિપ્લેસ કરવામાં આવ્યા: ૨૬,૪૦૯ મતદાન મથકો પૈકી ૧૩,૩૧૯ મતદાન મથકોનું લાઈવ વેબકાસ્ટિંગ કરાયું : આચારસંહિતાના અમલ દરમ્યાન કુલ રૂા.૮૦૧.૮૫ કરોડની રોકડ અને ચીજ વસ્તુઓ જપ્ત કરવામાં આવી : ૩૧૨ જેટલી નાની-મોટી ફરિયાદો ઈલેક્શન કમિશનના ધ્યાને આવી હતી જેનું તત્કાળ નિરાકરણ કરવામાં આવ્યું**



(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર તા.૬

ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં બીજા તબક્કામાં ૧૪ જિલ્લાઓમાં થયેલા મતદાનમાં મતદાતાઓએ ખૂબ ઉલ્લાસપૂર્વક અને શાંતિપૂર્ણ રીતે મતદાન કર્યું હતું. બીજા તબક્કાનું મતદાન પૂર્ણ થયા બાદ ગુજરાતના મુખ્ય નિર્વાચન અધિકારી પી. ભારતીએ તમામ મતદારો તથા ચૂંટણી પ્રક્રિયા સાથે જોડાયેલા અધિકારીઓ/કર્મચારીઓ પ્રત્યે આભાર વ્યક્ત કર્યો હતો. મુખ્ય નિર્વાચન અધિકારી પી. ભારતીએ આજે થયેલા મતદાન અંગે મતદારોનો આભાર માનતાં જણાવ્યું હતું કે, મતદાતાઓએ પોતાની જવાબદારી સમજીને મતદાન કર્યું છે. ૮૦ વર્ષથી વધુ વયના વડીલો તથા મતદાન મથક સુધી તકલીફ વેઠીને આવેલા દિવ્યાંગોએ ઉત્સાહથી મતદાન કર્યું છે. વહીવટી તંત્ર દ્વારા મતદાન મથકો ઉપર લાવવા-લઈ જવાની વ્યવસ્થા, વ્હિલ ચેરની વ્યવસ્થા જેવી સુવિધાઓ પણ કરવામાં આવી હતી. ક્યાંયથી કોઈ ફરિયાદ મળી નથી. આજે રાજ્યના ઘણા જિલ્લાઓમાં લગ્નપ્રસંગ હોવા છતાં વિધિ કરતાં કરતાં મત આપવા આવેલા તમામ વર-વધુ અને તેમના પરિવારજનોનો તેમણે આભાર માન્યો હતો. તો થર્ડ જેન્ડરના મતદારોનો પણ મતદાનમાં ઉત્સાહપૂર્વક ભાગ લેવા બદલ આભાર વ્યક્ત કર્યો હતો. પી. ભારતીએ જણાવ્યું કે, બનાસકાંઠા જિલ્લાના થરાદ તાલુકાના વડગામડા ગામમાં સમાવિષ્ટ વાડીયા ગામના નાગરિકો પણ પોતાના મતાધિકારનો ઉપયોગ કરવા માટે મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતાં. જે આજની સકારાત્મક વાત રહી હતી. યોજાયેલા મતદાનમાં ચૂંટણી પંચ દ્વારા વિશેષ રૂપે સજાવાયેલા વિવિધ પ્રકારના બુથ લોકો માટે ભારે આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. સખી બુથ, યુથ બુથ, ઈકો ફ્રેન્ડલી બુથ અને મોડેલ બુથનો કન્સેપ્ટ મતદાતાઓમાં આકર્ષણનું કેન્દ્ર બન્યો હતો. કેટલાક મતદાન મથકો ઉપર સેલ્ફી બુથ પણ હતા. મતદાતાઓએ ઉલ્લાસપૂર્વક સેલ્ફી બુથ ઉપર ફોટો પડાવ્યા હતા અને પોતાના સોશિયલ મીડિયા ઉપર અપલોડ કર્યા હતા. મુખ્ય નિર્વાચન અધિકારી પી. ભારતીએ માહિતી આપતાં જણાવ્યું હતું કે, બે કે ત્રણ જગ્યાઓએ નાની-મોટી ઘટનાઓ બની તે સિવાય તમામ જગ્યાએ મતદાન શાંતિપૂર્ણરીતે સંપન્ન થયું છે. દાહોદ જિલ્લાના ફતેપુરા અને ગાંધીનગર જિલ્લાના કલોલ વિસ્તારોમાં બે જૂથો વચ્ચે ઝપાઝપીની ઘટના બની હોવાનું જાણવા મળ્યું છે. તથા પંચમહાલ જિલ્લામાં કોંગ્રેસના ઉમેદવારના વાહનના તોડફોડની ઘટના જાણવામાં આવી છે. આ ત્રણ સામાન્ય બનાવોને બાદ કરતા રાજયમાં અન્ય ક્યાંય કોઈ ઘટનાઓ બની નથી. પી. ભારતીએ વધુમાં જણાવ્યું હતું કે, બીજા તબક્કામાં ૧૪ જિલ્લામાં ૯૩ બેઠકો ઉપર મતદાન યોજાયું હતું. ૩૭,૩૯૫ બેલેટ યુનિટ, ૩૬,૦૧૬ કંટ્રોલ યુનિટ અને ૩૯,૮૯૯ વીવીપેટ સાથેના ઈવીએમ મશીન્સ દ્વારા મતદાનની પ્રક્રિયા શાંતિપૂર્ણ વાતાવરણમાં પૂર્ણ થઈ. આજે સવારે ૮:૦૦ વાગ્યાથી મતદાન શરૂ થયું ત્યારથી ૫:૦૦ વાગ્યા સુધીમાં ૨૬,૪૦૯ મતદાન મથકો પૈકી માત્ર ૮૭ મતદાન મથકોમાં બેલેટ યુનિટ રિપ્લેસ કરવા પડ્યા છે, જેની ટકાવારી ૦.૩૫ ટકા છે. જ્યારે ૮૮ કંટ્રોલ યુનિટ રિપ્લેસ કરવામાં આવ્યા છે, જેની ટકાવારીપણ ૦.૩૫ છે. ૨૬,૪૦૯ મતદાન મથકો પૈકી માત્ર ૨૮૨ જગ્યાએ વીવીપેટ રિપ્લેસ કરવામાંઆવ્યા છે, જેની ટકાવારી ૧.૧૧ છે. રાજ્યમાં થયેલા બીજા તબક્કાના મતદાન દરમ્યાન ગાંધીનગરના વિદ્યા સમીક્ષા કેન્દ્રમાં કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર ખાતે ૫૦થી વધારે અધિકારીઓ અને કર્મચારીઓ લાઈવ વેબકાસ્ટિંગ દ્વારા મતદાન મથકો ઉપર ચાંપતી નજર રાખી હતી. ૧૪ જિલ્લામાં આવેલા ૨૬,૪૦૯ મતદાન મથકો પૈકી ૫૦% થી વધારે મતદાન મથકોનું લાઈવ વેબકાસ્ટિંગ કરાયું હતું. આમ, બીજા તબક્કામાં ૧૩,૩૧૯ મતદાન મથકો ઉપરથી લાઈવ વેબકાસ્ટિંગ કરાયું હતું.

રાજ્યમાં મતદાનથી અળગા રહેવા અને બહિષ્કાર કરવાની ઘટનાઓનો ઉલ્લેખ કરતાં મુખ્ય નિર્વાચન અધિકારી પી. ભારતીએ જણાવ્યું હતું કે, મહેસાણા જિલ્લાના ખેરાલુ તાલુકાના વરેઠા, ડાવોલ અને ડાલીસણા આ ત્રણ ગામના ૦૬ બુથ ઉપર લગભગ ૫,૦૦૦ જેટલા મતદારોએ મતદાનથી દૂર રહ્યા હોવાની જાણકારી મળી છે. પાણીના પ્રશ્ન અને કેટલીક સામાજિક બાબતોને લઈને આ ત્રણ ગામના લોકોએ મતદાનથી દૂર રહ્યા છે. એ સિવાય બીજે ક્યાંયથી ગ્રામજનોએ મતદાનનો બહિષ્કાર કર્યો હોવાના સમાચારો નથી. ઈલેક્શન કમિશન ઓફ ઈન્ડિયા દ્વારા ૩૮ જેટલા ECI એલર્ટ્સ આપવામાં આવ્યા હતા. જેમાં EVM અંગેના ૨૬, મતદાન બહિષ્કાર અંગેના ૦૨, ટોળા ભેગા થવાના ૦૪ અને અન્ય ૦૬ મળીને કુલ ૩૮ એલર્ટ્સ મળ્યા હતા. તે તમામ ઉપર તાત્કાલિક ધ્યાન કેન્દ્રિત કરીને નાના-મોટા પ્રશ્નોનું નિરાકરણ લાવવામાં આવ્યું હતું. ચૂંટણી પંચ દ્વારા સમગ્ર ચૂંટણી પ્રક્રિયામાં આચારસંહિતાનો કડક અમલ કરાવવામાં આવ્યો. ફ્લાઈંગ સ્કોડ અને સ્ટેટિક સર્વેલન્સ ટીમ્સ દ્વારા પણ ચુસ્ત નિગરાની રાખી ચકાસણી કરવામાં આવી હતી. અત્યાર સુધીમાં રૂા.૩૧.૯૨ કરોડ રોકડ જપ્ત કરવામાં આવ્યા, રૂા.૧૬.૪૦ કરોડની કિંમતનો દારૂ, રૂા.૫૪૦.૬૩કરોડનું ડ્રગ્સ જપ્ત કરવામાં આવ્યું છે અને રૂા.૩૬.૫૧ કરોડના મૂલ્યની સોના-ચાંદી કે અન્ય મૂલ્યવાન ધાતુ કબ્જે કરવામાં આવી છે. રૂા.૧૭૬.૩૮ કરોડની અને ચીજવસ્તુઓ સહિત અત્યાર સુધીમાં કુલ રૂા.૮૦૧.૮૫ કરોડની કિંમતની રોકડ અને ચીજ વસ્તુઓ જપ્ત કરવામાં આવી હતી. મુખ્ય નિર્વાચન અધિકારી પી. ભારતીએ વધુમાં જણાવ્યું હતું કે, ગુજરાત વિધાનસભાની ચૂંટણી માટે મતદાનના બીજા તબક્કામાં અલગ અલગ પ્રકારની ફરિયાદો મળી છે. જેનું તાત્કાલિક નિરાકરણ લાવવામાં આવ્યું છે. દિવસ દરમ્યાન વિવિધ રાજકીય પક્ષો દ્વારા ૨૭ ફરિયાદો, અન્ય પ્રકારે ૨૮ ફરિયાદો અને ઈમેલ દ્વારા ૫૫ જેટલી ફરિયાદો મળી હતી. કોલ સેન્ટર દ્વારા ૩૯ ફરીયાદો મળી છે અને C-VIGIL મોબાઈલ એપ્લિકેશન દ્વારા ૧૮૦જેટલી ફરિયાદો મળી છે. ટેલિવિઝન અને અન્ય પ્રચાર માધ્યમો(ECI એલર્ટ્સ) દ્વારા ૩૮ જેટલી ફરિયાદો ધ્યાનમાં આવી છે. આમ કુલ ૩૧૨ જેટલી નાની-મોટી ફરિયાદો ઈલેક્શન કમિશનના ધ્યાનેઆવી હતી. જેનું તત્કાળ નિરાકરણ કરવામાં આવ્યું છે.

## કોમર્સ કોલેજ-અમરેલીમાં સ્પોર્ટ્સ ડેની ઉજવણી





(પ્રતિનિધિ દ્વારા)

અમરેલી તા.૬

કેમ્પસ ડાયરેકટર હસમુખ પટેલના માર્ગદશન નીચે કોમર્સ કોલેજ-અમરેલીમાં સ્પોર્ટ્સ ડેની ઉજવણી કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ વિવિધ રમતોમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત કે.કે.પારેખ કોમર્સ કોલેજ -અમરેલીમાં સ્પોર્ટ્સ ડેની ઉજવણી કરવામાં આવી હતી. અમરેલી જિલ્લા વિદ્યાસભાના ડાયરેકટર હસમુખ પટેલે દીપ પ્રાગટય કરી ઉદ્‌ઘાટન કરી વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ પાઠવી હતી. વિદ્યાર્થીઓએ ક્રિકેટ, કબડ્ડી, બેડમિન્ટન, ટેબલ ટેનિસ, ગોળા ફેંક, ચક્ર ફેંક, બરછી ફેંક, ચેચ, કેરમ, રિલે દોડ વગેરે જેવી રમતોમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. દિવસ દરમ્યાન ખેલાડીઓને પ્રોત્સાહિત કરવા ઈન્ચાર્જ પ્રિન્સિપાલ પ્રા.ડો. એમ.એમ.પટેલ, પ્રા.ભારતીબેન ફીણવીયા, પ્રા.ડો. પી.કે.ત્રિવેદી, પ્રા. વાય.એચ.ઠાકર, પ્રા.ડો. એ.જી.પટેલ, પ્રા. વાય.કે.ક્યાડા, પ્રા.જે.એમ.તલાવીયા, પ્રા.ડો. એ.કે.વાળા, પ્રા.ડો. જે.ડી.સાવલિયા, જતીનભાઈ પરીખ, વિશાખાબેન ત્રિવેદી ઉપરાંત મોટી સંખ્યામાં વિદ્યાર્થી ભાઈ - બહેનો ઉપસ્થિત રહયા હતા. સ્પોર્ટ્સ ડેનું સફળ આયોજન ઈન્ચાર્જ પ્રિન્સિપાલ અને સ્પોર્ટ્સ ઈન્ચાર્જ પ્રા.ડો. એમ.એમ.પટેલે કર્યું હતું અને સંચાલન પ્રા. જે.એમ.તલાવીયા કર્યું હતુંતેમ આઈ.ક્યુ.એ.સી. કો ઓર્ડીનેટર પ્રા. ભારતીબેન ફીણવીયાએ જણાવ્યું હતું.


## ખંભાળિયાના ભાડથર ગામે શુક્રવારે ૧.૫૧ લાખ પાર્થિવેશ્વર શિવલિંગ મહાપૂજનના ભવ્ય કાર્યક્રમો

(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૬

ખંભાળિયા તાલુકાના ભાડથર ગામે આગામી ગુરૂવારથી ૧,૫૧,૦૦૦ પાર્થિવેશ્વર નિર્માણ, મહાપૂજા સહિતના અનેકવિધ ધર્મમય કાર્યક્રમોનું સુંદર આયોજન કરવામાં આવ્યું છે. ખંભાળિયા નજીક આવેલા ભાડથર ગામના બસ સ્ટેશન પાસે અહીંના સેવાભાવી તબિયત ડોક્ટર પી.વી. કંડોરીયાના વડપણ હેઠળ ૧,૫૧,૦૦૦ પાર્થિવેશ્વર મહાપુજન- દર્શન સમારોહના પ્રારંભે ગુરૂવાર તારીખ ૮ ડિસેમ્બરના રોજ સવારે મંડપ મુહૂર્ત તથા આસન નિર્માણ તેમજ શુક્રવારે સવારે ૭ વાગ્યે પાર્થિવેશ્વર નિર્માણના કાર્યક્રમમાં યોજાયા છે. આ ઉપરાંત શનિવાર તારીખ ૧૦મીના રોજ સવારે ૯ વાગ્યે પાર્થિવેશ્વર શિવલિંગની મહાપૂજા કરવામાં આવશે. ભગવાન શિવના પાર્થિવ સ્વરૂપની ઝાંખી તથા દર્શનના આ આયોજનમાં ઠવિ આશ્રમના શ્રી ધનસુખનાથ બાપુ, શ્રી સરસ્વતીગીરી માતાજી, શ્રી મણીમાતાજી, શ્રી ભારતીબાપુ (કેશોદ), શ્રી વેદનાથ બાપુ (દોલતપરા), જીવણનાથ બાપુ (દ્વારકા) સહિતના સંતો-મહંતો ઉપસ્થિત રહીને આશીર્વાદ પાઠવશે. આ સાથે શુક્રવારે રાત્રે ૯ વાગ્યાથી શિવજીની ઝાંખીનો પણ સુંદર કાર્યક્રમ યોજવામાં આવ્યો છે. આ તમામ ત્રણ દિવસ પ્રભુ પ્રસાદીના કાર્યક્રમો અવિરત રીતે ચાલુ રહેશે. કાર્યક્રમના અંતે રવિવાર તારીખ ૧૧ ના રોજ પાર્થિવેશ્વર વિસર્જન યાત્રા ભાડથરથી દ્વારકા તરફ પ્રસ્થાન કરશે. આ સ્થળે પૂજનમાં બેસવા માટે દરેક વ્યક્તિને છૂટ આપવામાં આવી છે. આ સમગ્ર આયોજન માટે શિવભક્ત ધીરૂભાઈ તન્નાની દોરવણી હેઠળ શિવ સમાજ- સમસ્ત ભાડથર ગામ દ્વારા જહેમત ઉઠાવવામાં આવી રહી છે. આ ત્રીદિવસીય ધર્મોત્સવનો લાભ લેવા ખંભાળિયાની દેવભૂમિ હોસ્પિટલ વાળા ડોક્ટર પરબતભાઈ વેજાણંદભાઈ કંડોરીયા તથા માલતીબેન પી. કંડોરીયા પરિવાર દ્વારા ધર્મપ્રેમી જનતાને અનુરોધ કરવામાં આવ્યો છે.

## દ્વારકા નજીક કારની હડફેટે નીલગાય : ફોરેસ્ટ દ્વારા રેસ્ક્યું કરાયું



(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૬

દ્વારકા-પોરબંદર રોડ ઉપર ગોરિંજા ગામના પાટિયા પાસે તાજેતરમાં પસાર થતી એક મોટરકાર સાથે આ માર્ગ ઉપર નીલગાય નીકળતા અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં નીલગાય ઈજાગ્રસ્ત બની હતી. જે અંગે પશુ સારવાર એમ્બ્યુલન્સ ૧૯૬૨ (કોરાડા)ને જાણ કરવામાં આવતા તેમના સ્ટાફના ડોક્ટર રિશી ભાસ્કર તેમજ પાયલોટ પરેશભાઈ કરંગીયા તાકીદે પહોંચી ગયા હતા અને નીલ ગાયને પ્રાથમિક સારવાર આપવામાં આવી હતી. બાદમાં આ અંગે ફોરેસ્ટ વિભાગને પણ જરૂરી જાણ કરવામાં આવી હતી.

# દેવભૂમિ દ્વારકા જિલ્લાની બંને વિધાનસભા બેઠકમાં ૧૪ રાઉન્ડમાં પરિણામો જાહેર થશે

**ખંભાળિયાની એસએનડીટી હાઈસ્કૂલ ખાતે ૨૪ ઉમેદવારોના ભાવિનું પરિણામ : પોલીસ, એસઆરપીનો મજબૂત બંદોબસ્ત ગોઠવાયો**




(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૬

દેવભૂમિ દ્વારકા જિલ્લાની બંને વિધાનસભા બેઠકની ચૂંટણી ગત તારીખ ૧ ના રોજ શાંતિપૂર્ણ રીતે સંપન્ન થયા બાદ જિલ્લાના કુલ ૨૪ ઉમેદવારોના ભાવિ ઈવીએમમાં સીલ થયા છે અને ખંભાળિયામાં પોર ગેઈટ ખાતે આવેલી એસ.એન.ડી.ટી. હાઈસ્કૂલના સ્ટ્રોંગ રૂમમાં ઈ.વી.એમ. મશીન મજબૂત બંદોબસ્ત વચ્ચે સુરક્ષિત કરાયા છે. સમગ્ર રાજ્ય સાથે દેવભૂમિ દ્વારકા જિલ્લાની બે બેઠક ૮૧- ખંભાળિયા તથા ૮૨- દ્વારકા માટેનું મતદાન ગત ગુરુવારે શાંતિપૂર્ણ રીતે સંપન્ન થયા બાદ ખંભાળિયાના ૧૧ તથા દ્વારકાના ૧૩ મળી, કુલ ૨૪ ઉમેદવારોના ભાવિ સાથેની મત પેટીઓ ખંભાળિયામાં પોર ગેઈટ પાસે આવેલી એસ.એન.ડી.ટી. હાઈસ્કૂલ ખાતે સુરક્ષિત રીતે સીલ કરવામાં આવી છે. અહીં ખંભાળિયાના ૩૩૫ તથા દ્વારકાના ૩૧૭ મતદાન બુથ પરના ઈ.વી.એમ. રાખવામાં આવ્યા છે. અહીં ગુરૂવારે સવારે આઠ વાગ્યાથી કુલ ૧૪ ટેબલમાં ખંભાળિયાના ૨૪ તથા દ્વારકાના ૨૩ રાઉન્ડ મારફતે મત ગણતરી કરવામાં આવશે. જિલ્લાના બંને વિધાનસભા મત વિસ્તાર માટે ઈસ્યુ કરાયેલા કુલ ૪,૦૦૦ જેટલા પોસ્ટલ બેલેટ પૈકી આવેલા મતોની પ્રથમ ગણતરી કરવામાં આવશે. ત્યાર બાદ ઈ.વી.એમ.ના મત ગણવામાં આવશે. ૧૪ કાઉન્ટિંગ ટેબલમાં પ્રત્યેક ટેબલ ઉપર એક કાઉન્ટિંગ સુપરવાઈઝર, એક કાઉન્ટિંગ આસિસ્ટન્ટ, એક માઈક્રો ઓબ્ઝર્વર સહિતના સ્ટાફ દ્વારા મત ગણતરી કરવામાં આવશે. અહીં ખંભાળિયાના ૩૩૫ અને દ્વારકાના ૩૧૭ઈ.વી.એમ. મળી કુલ ૬૫૨ ઈ.વી.એમ.માં પડેલા મતોની ગણતરી થશે. જિલ્લાના મુખ્ય મથક ખંભાળિયાની મધ્યમાં આવેલી એસએનડીટી હાઈસ્કૂલમાં બંને બેઠક માટે જરૂરી એવા બે વિશાળ હોલ ઉપરાંત સ્ટ્રોંગ રૂમ ઊભા કરવા સહિતની વ્યવસ્થા કરવી સહેલી હોવાથી તંત્ર દ્વારા અહીં મતગણતરી કરવાનું નક્કી કરવામાં આવ્યું છે. મતગણતરી દરમ્યાન આ વિસ્તારમાં ૧૦૦ મીટર સુધી પ્રવેશબંધી તેમજ મજબૂત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવશે. આ મત ગણતરી કેન્દ્રમાં મોબાઈલના ઉપયોગ ઉપર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. પત્રકારો માટે મોબાઈલના ઉપયોગ કરવા ખાસ મોબાઈલ ક્લોક રૂમ પણ ઉભો કરવામાં આવ્યો છે. આ તમામ સુચારૂ વ્યવસ્થા માટે જિલ્લાના મુખ્ય ચૂંટણી અધિકારી એમ.એ. પંડ્યા તથા નાયબ ચૂંટણી અધિકારી આસ્થા ડાંગર તેમજ પ્રાંત અધિકારી સહિતના સ્ટાફ દ્વારા તમામ જરૂરી પગલાઓ લેવામાં આવ્યા છે. દેવભૂમિ દ્વારકા જિલ્લાના કુલ ૫,૯૫,૨૫૭ મતદારો પૈકી બંને વિધાનસભાના મળી કુલ ૨,૦૩,૨૨૮ પુરુષ અને ૧,૬૪,૩૫૭ સ્ત્રી તેમજ ૬ અન્ય મળી, કુલ ૩,૬૭,૫૯૧ મત પડ્યા છે. આ વખતે કુલ મતદાન ૬૧.૭૫ ટકા થયું છે. જે ગત વખત કરતા બે ટકા જેટલું ઊંચું નોંધાયું છે. વધુ મતદાન માટે મતદાતાઓને જાગૃત કરવા તંત્ર દ્વારા અંત સુધી નોંધપાત્ર જહેમત ઉઠાવવામાં આવી હતી.

**૪૦૦ જેટલા પોલીસ અધિકારીઓ સહિતનો સ્ટાફ સઘન સુરક્ષા વ્યવસ્થામાં**

દેવભૂમિ દ્વારકા જિલ્લાની ખંભાળિયા તથા દ્વારકા બેઠક માટે મતદાનના પ્રારંભથી ઈ.વી.એમ. મશીન સુરક્ષિત રીતે સીલ કરવા સુધી જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેયના માર્ગદર્શન હેઠળ સઘન કામગીરી કરવામાં આવી હતી. આગામી તારીખ ૮ ડિસેમ્બરના રોજ ખંભાળિયામાં મતગણતરી શાંતિપૂર્ણ રીતે થાય અને વિજેતા બનેલા કે પરાજય પામેલા ઉમેદવાર દ્વારા નિયમોનો ભંગ ન થાય તે માટે આ સમગ્ર વિસ્તારમાં કડક કામગીરી કરવામાં આવી છે. મત ગણતરી સ્થળ એસ.એન.ડી.ટી. સ્કુલ વિસ્તારમાં ૧૦૦ મીટર સુધી વાહન સહિતના પ્રવેશબંધીને અમલમાં મૂકવામાં આવશે. આ માટે જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેય સાથે જિલ્લાના બે ડી.વાય.એસ.પી., ૮ પી.આઈ., ૧૮ પી.એસ.આઈ., હેડ કોન્સ્ટેબલ, કોન્સ્ટેબલ સહિત ૩૦૦ જેટલા પોલીસ સ્ટાફ ઉપરાંત જી.આર.ડી. અને એસ.આર.ડી.ના જવાનો ખડે પગે રહેશે. આ ઉપરાંત મજબૂત સુરક્ષા વ્યવસ્થા માટે ૩૦ એસઆરપી, સીમા સુરક્ષા બલ તેમજ ૭૦ સી.એ.પી.એફ.ના જવાનોની ટીમ પણ સુરક્ષા વ્યવસ્થામાં સક્રિય રહેશે. આમ, આગામી ગુરૂવારે જિલ્લાના મત ગણતરી સ્થળે ૪૦૦ જેટલા પોલીસ અધિકારીઓ સહિતનો સ્ટાફ બંદોબસ્તમાં મૂકવામાં આવ્યો છે. સમગ્ર રાજયમાં ઉત્તેજનાસભર બની રહેલી ખંભાળિયા બેઠક સહિતની મતગણતરીના સુચારૂ આયોજન માટે સરકારી તંત્ર દ્વારા નોંધપાત્ર કોવાયત કરવામાં આવી રહી છે.

## ખંભાળિયાના વડત્રા ગામે માતાજીના મંદિરમાં ચોરી અન્ય એક સ્થાનિક રહીશના મુદ્દામાલની પણ ચોરી


(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૬

ખંભાળિયા તાલુકાના વડત્રા ગામમાં આવેલા કાટેશ્વરી માતાજીના મંદિર ખાતે કોઈ હરામખોરોએ અનધિકૃત રીતે પ્રવેશ કરી, મંદિરનું તાળું તોડ્યા બાદ આ મંદિરમાં રાખવામાં આવેલા રૂપિયા૯,૦૦૦ની રોકડ રકમ ચોરી કરીને લઈ ગયાનો બનાવ સામે આવ્યો છે. આ બનાવ અંગે વડત્રા ગામના રહીશ ગોવાભાઈ કરણાભાઈ ચાવડાએ ખંભાળિયા પોલીસ મથકમાં વિધિવત રીતે ફરિયાદ નોંધાવી છે. આ બનાવ અંગે અહીંના પી.એસ.આઈ. વી.બી. પિઠીયા દ્વારા તસ્કરોને ઝડપી લેવા માટેના ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે. આ વિસ્તારમાં અન્ય એક ચોરી થવા સબબ વડત્રાના મૂળ રહીશ પ્રજાપતિ રમણીકલાલ રામજીભાઈ સવનીયા (ઉ.વ. ૫૨) દ્વારા અહીંના પોલીસ મથકમાં નોંધાવવામાં આવી છે. આ ફરિયાદમાં જાહેર થયેલી વિગત મુજબ વડત્રા ગામે ઉપરોક્ત આસામીના બંધ મકાનના તાળા તોડી કોઈ તસ્કરો અહીં રાખવામાં આવેલી રૂપિયા ૧,૦૦૦ ની કિંમતની સાયકલ સહિત નાની-મોટી ચીજ વસ્તુઓ મળી, કુલ રૂપિયા ૨,૬૦૦ નો મુદ્દામાલ ચોરી કરીને લઈ ગયાનો બનાવો બહાર આવ્યોછે. જે સંદર્ભે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## રોટરી કલબ ઓફ રાજકોટ પ્રાઈમ દ્વારા રાજકોટ જીલ્લાની સરકારી તથા ગ્રાન્ટેડ શાળાઓની વિદ્યાર્થીનીઓ માટે અતિ જટિલ મુંઝવણ એવી માસિક ધર્મ અને તેને લગતી ગેરસમજણો તથા સમસ્યાને દુર કરવા એક વિશિષ્ટ કાર્યક્રમ તૈયાર કરવામાં આવ્યો છે : માસિકને મિત્ર બનાવો

પ્રથમ સેમિનાર તા. ૨૧ નવેમ્બર, સોમવાર, ૨૦૨૨ ના રોજ કાંતા સ્ત્રી વિકાસ ગૃહ હાઈસ્કુલ માં યોજવા માં આવ્યો હતો, જેમા ૩૦૦ થી વધુ વિદ્યાર્થીનીઓએ વિષે સમજણ મેળવી હતી. આ સેમિનાર માટે કલબના મહિલા મેમ્બરો લિટરસી ચેર કૌશાબેન દોશી, કૃત્તિબેન રાઠોડ, તેજલબેન ગગલાણી, વર્ષાબેન પડિયા, સ્વેતાબેન કામાણી, ડૉ. ક્રિનાબેન ગાંગડિયા તથા મીરલબેન પડિયા એ સેમિનારને માહિતીસભર, ઉપયોગી અને સફળ બનાવા એક્સપર્ટ ટ્રેનિંગ લીધેલ હતી. કલબના પ્રમુખ શ્રી



મેહુલભાઈ જામંગ તથા સેક્રેટરી ક્રીડનભાઈ પડિયાએ સેમિનારની તૈયારી માટે ખાસ જેહમત ઉઠાવી છે. મહેશ્વરીબેન, રિધ્ધીબેન તથા દિવ્યાબેન એ સેમિનાર સમયે ખુબ સહકાર આપેલ.

ઉપરાંત,શાળાના મેનેજમેન્ટ અને વિદ્યાર્થીનીઓ ના ઉત્સાહભર્યા પ્રતિસાદ ને કારણે હવે રાજકોટની બીજી શાળાઓમાં સેમિનાર યોજવા માટે પ્રેરણા મળી છે.આ કાર્યક્રમ કલબ દ્વારા કરવામાં આવતી લિટરસી પ્રવૃત્તિયોના ભાગરૂપે યોજવામાં આવ્યો હતો.

Editor, Printer, Publisher and Owner : Kartik R. Upadhyay, Saurashtra Bhoomi, Daily. Volum 46, Issue 309, Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh, Gujarat. Printed at Somnath Printers, Jail Road, Junagadh, Gujarat India

# જૂનાગઢનાં નરસિંહ મહેતા સરોવરનાં બ્યુટીફીકેશનની વાતો થાય છે પરંતુ નક્કર કામગીરી કયારે ?

## રૂા. ૬૦ કરોડનાં ખર્ચે ચાર વોકવે, પાથવે ઉપરાંત બાળક્રીડાંગણ ગાર્ડન બનાવવાની યોજના



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૬

જૂનાગઢ શહેરની શાન સમા નરસિંહ મહેતા સરોવરને સુંદર મજાનું અને રળીયામણું બનાવવા માટે નગરજનો લાંબા સમયથી રાહ જોઈ રહ્યા છે. સ્થાનિક કોર્પોરેશન તંત્રમાં સત્તા સામે બિરાજમાન ભાજપ દ્વારા દર બજેટ ટાઈમે નરસિંહ મહેતા સરોવર માટે ગ્રાન્ટ ફાળવવામાં આવી અથવા તો સરકાર દ્વારા ગ્રાન્ટ ફાળવાય છે તેવા અહેવાલો પ્રસારીત થતા હોય છે અને જનતા પણ આવા સમાચારો એકથી વધુ વાર જાણી અને હવે મજબુત બની ગઈ છે. વચનોની લહાણી થયા બાદ કયારે કામ શરૂ થશે તેની રાહ જોઈ રહી છે. આ દરમ્યાન નરસિંહ મહેતા સરોવર બ્યુટીફીકેશન પ્રજેકટનાં પ્રથમ ચરણનો પ્રારંભ થયો છે પરંતુ સાથે જ તળાવમાંથી પાણી ખાલી કરવાનો પ્રશ્ન ઉભો થતા શહેરમાં તેનો વિરોધ ઉઠવા પામ્યો છે પરંતુ બીજી તરફ આખરે મનપા તંત્રએ પાળો તોડવાને બદલે નરસિંહ મહેતા તળાવ ફરતે થયેલી પેશકદમી દુર કરવાની માંગણી પણ ઉઠવા પામી છે. પ્રાપ્ત વિગત અનુસાર, જૂનાગઢ શહેરની માધ્યમાં આવેલ નરસિંહ મેહતા સરોવર બ્યુટીફીકેશન પ્રોજેક્ટના પ્રથમ ચરણનો પ્રારંભ થતાંની સાથે જ પાણી ખાલી કરવાનો વિરોધ સમગ્ર શહેરમાંથી વિરોધ ઉઠ્યો છે. આપણે અંદાજે બે દાયકાઓથી નરસિંહ મહેતા સરોવર બ્યુટીફીકેશન પ્રોજેક્ટની વાતો સાંભળી રહેલી જનતા આખરે શહેરની શાન સમાન તળાવને જનતા માટે શણગારવાનું કાર્ય શરૂ થયું છે. ત્યારે આ પ્રોજેક્ટની મંજુર થયેલી કામગીરી જનતાને આકર્ષાવા માટે પૂરતી છે. સરોવરમાં ચાર દ્વીપ બનાવવામાં આવશે. એ ઉપરાંત બાળક્રીડાંગણ અને ગાર્ડન ઉપર વોકવે પણ બનાવવાનો પ્રોજેક્ટમાં સમાવેશ કરાયો છે. ગાંધીનગરની દેવર્ષ કન્સ્ટ્રક્શન કોર્પોરેશન નામની પેઢીને આ કામની જવાબદારી સોંપવામાં આવી છે.

સરોવરના બ્યુટીફીકેશન પાછળ પ્રથમ ચરણમાં રૂા.૩૫ કરોડના ખર્ચે કામગીરી કરવામાં આવશે. જે પૂર્ણ કરવાની મુદત ડિસેંબર ૨૦૨૩ ની છે. જયારે બીજા ચરણનું કામ રૂા.૨૫ કરોડના ખર્ચે કરવામાં આવશે. જે કાર્ય પૂર્ણ કરવાની મુદત જૂન ૨૦૨૪ નક્કી કરવામાં આવી છે. જૂનાગઢ મહાનગર પાલિકાના વોટરવર્કસ ઈજનેર અલ્પેશ ચાવડાની આ પ્રોજેક્ટમાં જવાબદાર તરીકે નિમણુંક કરવામાં આવી છે. એ ઉપરાંત ભૌમીકભાઈ નામના કર્મચારીને પણ જવાબદારી આપવામાં આવી છે.

દેવર્ષ કન્ટ્રક્શન કોર્પોરેશનમાંથી આ પ્રોજેક્ટ માટે ૧ મેનેજર - એક ઈજનેર - ક્વોલિટી ઈજનેર - સેફટી ઈજનેર - વગેરેને કામ સોંપવામાં આવ્યું છે. એ ઉપરાંત બે સિક્યુરિટી ગાર્ડ પણ પ્રોજેક્ટ સ્થળ ઉપર રહેશે. નરસિંહ મહેતા સરોવર જૂનાગઢની શાન છે. એટલું જ નહીં આ સરોવરના કારણે જૂનાગઢના ભૂમિ તળ જીવંત છે. જેના કારણે ભૂગર્ભ જળ આધારિત જીવન જીવતા જૂનાગઢ શહેરના ૫૫ ટકા લોકોને પાણી મળે છે. બ્યુટીફીકેશન પ્રોજેક્ટ શરૂ કરવાની સાથે તળાવનું પાણી ઓછું કરવાની કામગીરી શરૂ થતા લોકોમાં કાગારોળ મચી છે. ત્યારે આ પ્રોજેક્ટ ક્યારે પૂર્ણ થશે ? તેનો જવાબ ટેન્ડરમાં નક્કી કરવામાં આવ્યો છે. પરંતુ સમયસર કામગીરી પૂર્ણ થાય તે માટે પણ સરકારી તંત્ર અને જનપ્રતિનિધિઓએ નજર રાખવી પડશે.

# નરસિંહ મહેતા સરોવરનો પાળો તોડવાની હીલચાલ સામે લોકોમાંથી ઉઠયો વિરોધ

## ભારે વિરોધ બાદ આખરે મનપા તંત્ર દ્વારા પાળો તોડવાની કામગીરી અટકાવી દેવાય

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૬

જૂનાગઢ શહેરમાં નરસિંહ મહેતા સરોવરનાં બ્યુટીફીકેશનની કામગીરી કરતા પહેલા સૌથી મુંજવતો પ્રશ્ન પાણી નિકાલનો આવ્યો હતો. એક તકે પાળો તોડી નાખવા બાબતની હીલચાલ થતા જૂનાગઢ શહેરભરમાં ભારે વિરોધ અને વંટોળ ઉભો થયો છે. આખરે ભારે વિરોધના પગલે નરસિંહ મહેતા સરોવરનો પાળો તોડી પાણીનો નિકાલ કરવાની કામગીરી મનપાએ અટકાવી છે. આ અંગે જાગૃત અગ્રણી અમૃતભાઈ દેસાઈએ મનપાના કમિશ્નરને પત્ર પાઠવી જણાવ્યું હતું કે, તળાવનું ડેવલોપમેન્ટ થાય તે સારી બાબત છે. પરંતુ પાળો તોડી પાણીની નિકાલ કરવાથી ઓજી વિસ્તારમાં પાણીની સમસ્યા સર્જાય શકે છે. એક તો ૨૦ વર્ષ પછી પણ મનપા ૪૦ ટકા વિસ્તારમાં પાણી આપી શકી નથી. જયારે ૬૦ ટકા વિસ્તારમાં પણ નિયમીત પાણી વિતરણ કરાતું નથી. ત્યારે પાળો તોડવા અધિરા બનેલા કોન્ટ્રાકટરોની અણઘડ નિતીથી સરોવરનું કામ પણ દામોદર કુંડ જેવું થવાની અને તેમાં પ્રજાના કરોડો રૂપિયાનું આંધણ થવાની ભિતી વ્યક્ત થઈ રહી છે. પાળો તોડવાથી પાણીની કેવી સમસ્યા સર્જાય શકે છે. તેનાથી મનપાના અધિકારી, કોન્ટ્રાકટરો કદાચ અજાણ હશે જેથી તેને પાણીનું મુલ્ય નહિ સમજાય. પરંતુ ઘણા વર્ષો સુધી ટેન્કરના સહારે રહેલ જનતા પાણીનું મુલ્ય સારી રીતે જાણે છે. ત્યારે પાળો તોડવાના બદલે નરસિંહ મહેતા તળાવ ફરતે છેલ્લા ૧૦ વર્ષમાં થયેલ પેશકદમી, ઝાડી ઝાંખરા દૂર કરવાની તાતી જરૂરિયાત છે. દરમ્યાન જૂનાગઢનાં એડવોકેટ એન્ડ નોટરી અશ્વિનભાઈ મણીયારએ એક નિવેદન દ્વારા જણાવેલ છે કે, જૂનાગઢની એક આદર્શ નમુનારૂપ તળાવ આપવા માંગતા હોય તો શુધ્ધ વિચારોથી બધાને સાથે રાખી અને કામગીરી કરવાની માંગણી છે. આ ઉપરાંત હાલનો જે પાળો છે તેનાંથી મજબુત પાળો બનાવી શકે તેવી ક્ષમતા શું આપણા ઈજનેરોની છે ખરી તેવો સવાલ પણ ઉઠાવેલ છે અને શકય હોય તો નરસિંહ મહેતા સરોવરની ગ્રાન્ટ જૂનાગઢજીલ્લા કલેકટર હસ્તક મુકી દેવા માંગણી કરી છે.

# જૂનાગઢમાં અશાંતધારો લાગુ કરવા બુલંદ માંગણી : રાજયનાં ડીજીપીને રજુઆત કરાઈ

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૬

જૂનાગઢમાં અશાંત ધારો લાગુ કરવાની માંગ સાથે રાજ્યના ડીજીપીને લેખીત અરજી કરાઇ છે. આ અંગે મળતી વિગત મુજબ શહેરના એડવોકેટ એન્ડ નોટરી અશ્વિનભાઈ મણિયારે રાજ્યના ડીજીપીને લેખીત અરજી આપી છે. અરજીમાં જણાવ્યું છે કે, જૂનાગઢ શહેરમાં કેટલાક ચોક્કસ તત્વો શાંતએરિયામાં મિલ્કતો ભાડે રાખી ત્યાર બાદ વેચાણ કરાર કરી લે છે. કેટલાક કિસ્સામાં આજુબાજુના અન્ય લોકોને અંધારામાં રાખી મિલ્કત ખરીદી કરી લે છે. બાદમાં અન્ય લોકો આ વિસ્તારમાં મિલ્કત ખરીદવાની હિંમત કરતું નથી. જ્યારે કેટલાક કિસ્સામાં તો અસામાજીક તત્વો આ વિસ્તારના લોકોને મિલ્કત વેચવા દેતા નથી. જ્યારે પોતે ખરીદેલી મિલ્કત પાણીના ભાવે વેંચી નાંખે છે જેથી ભાવ પણ ગગડી જાય છે અને અસામાજીક તત્વો હોય અન્ય લોકો ફફડાટના માર્યા આ વિસ્તારમાં મિલ્કત ખરીદતા નથી. પરિણામે અસામાજીક લોકોના ત્રાસથી લોકોને પોતાની મિલ્કત આવા લોકોને જ પાણીના ભાવે વેંચી ભાગવું પડી રહ્યું છે. જ્યારે કેટલાક કિસ્સામાં આવા અસામાજીક લોકો નાની નાની વાતને મોટું સ્વરૂપ આપી આખી સોસાયટીમાં પોતાની ધાક બેસાડી દે છે. આટલેથી ન અટકતા અસામાજીક તત્વો લોકોની ધાર્મિક લાગણી દુભાય તેવા લોકોને મિલ્કત વેંચવાની ધમકી પણ આપી શહેરનું શાંત વાતાવરણ ડહોળવાનો હિન પ્રયાસ કરી રહ્યા છે. ત્યારે અમરેલીમાં અશાંત ધારો લાગુ કરાયો છે તેમ જૂનાગઢમાં પણ અશાંતધારો લાગુ કરવા માંગ છે. ખાસ જિલ્લા કલેકટરની મંજૂરી અને આજુબાજુના લોકોની સહમતિ મેળવી પછી જ ફ્લેટ કે મિલ્કતનું વેંચાણ થઇ શકે તેવો કાયદો લાગુ કરવા અશ્વિનભાઈ મણિયારે માંગ કરી છે.

### ચૂંટણીમાં અનેક નેતાઓની સફળતાને લઈને શંકા

# પક્ષપલટુ-બળવાખોર નેતાઓનું ભવિષ્ય આઠમીએ નક્કી થઈ જશે

ગાંધીનગર, તા.૬

ગુજરાતમાં ગઈકાલે ૯૩ બેઠકો ઉપર બીજા તબક્કાનું મતદાન યોજાયું હતું, પાટીદાર અનામત આંદોલનમાંથી જન્મેલા હાર્દિક પટેલ કોંગ્રેસ છોડીને ભાજપમાં આવ્યા અને તેમને વિરમગામ બેઠકની ટિકિટ આપવામાં આવી છે. અહીં બે વખતથી કોંગ્રેસના ઉમેદવારની જીતી થઈ રહી છે. હાર્દિક પટેલ પહેલીવાર ચૂંટણી મેદાનમાં ઝંપલાવ્યું છે. હાર્દિક પટેલ લાખા ભરવાડ સામે મેદાનમાં ઉતર્યા છે કે જેઓ વિરમગામથી માત્ર ૨૦ કિલોમીટર દૂર સાણંદમાં રહે છે. અહીં માંડલની આસપાસ ઔદ્યોગિક એકમો પણ આવેલા છે. અહીં ૨.૫ લાખ મતદારો છે અને તેમાં ૩૮,૦૦૦ પાટીદાર છે, જેમનો હાર્દિકને સારો સાથ મળી શકે છે.

દલિત નેતા કે જેઓ વર્ષ ૨૦૧૭માં અપક્ષ ઉમેદવાર તરીકે ચૂંટણી મેદાનમાં ઉતરીને જીત્યા હતા તેઓ આ વર્ષે કોંગ્રેસની ટિકિટ પર ચૂંટણી લડી રહ્યા છે. ૪૧ વર્ષના કોંગ્રેસના ઉમેદવાર જિજ્ઞેશ મેવાણી બીજી વખત તેમની ટક્કર કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય મણિભાઈ વાઘેલા સાથે થઈ રહી છે કે જેઓ કોંગ્રેસ છોડીને ભાજપમાં જોડાયા છે. આ બેઠક પર એસસી અને મુસ્લિમ મતદારોનો દબદબો છે. બનાસકાંઠા જિલ્લામાં આવતી આ બેઠક ઉપર એઆઈએમઆઈએમએ પણ ઉમેદવારને ઉતાર્યા છે. જયારે દલપત ભાટિયા આપની ટિકિટ પરથી અહીં ચૂંટણી લડી રહ્યા છે.

વાઘોડિયા બેઠક કે જે હજુ પણ ભાજપના બળવાખોર દબંગ નેતા મધુ શ્રીવાસ્તવના કારણે જાણિતી છે. તેઓને ભાજપે ટિકિટ ના આપતા તેમણે અપક્ષ ચૂંટણી લડવાનો નિર્ણય કર્યો છે. આ વખતે ભાજપે આ બેઠક ઉપરથી વડોદરા યુનિટના ચીફ અશ્વિન પટેલને મેદાનમાં ઉતાર્યા છે કે જયારે કોંગ્રેસે રોયલ પરિવારના સત્યજીતસિંહ ગાયકવાડને ટિકિટ આપી છે.


૨૦૦૨ના તોફાનોનું ગ્રાઉન્ડ ઝીરો ચૂંટણીની જંગમાં પણ પોતાની તાકાત લગાવી દે છે. આ વખતે અહીં ચૂંટણી જંગ વધારે ખાસ થઈ રહ્યો છે, અહીં ભાજપ અને કોંગ્રેસને એઆઈએમઆઈએમ અને આપ સામે મોટો પડકાર ઝીલવાનો છે.

વર્ષ ૨૦૧૭માં આ બેઠક ઉપરથી ભાજપના સીકે રાઉલજી કોંગ્રેસના રશ્મિકા ચૌહાણ સામે માત્ર ૨૫૮ મતોથી જીતી ગયા હતા. આ બેઠક ઉપર લઘુમતિ, OBC મતો સૌથી મોટા કી ફેક્ટર સાબિત થાય છે. અહીં યુપીના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ અને એઆઈએમઆઈએમના અધ્યક્ષ અસદુદ્દીન ઓવૈસીએ રોડ શો કર્યો હતો.

આણંદ જિલ્લાની આ બેઠક ઉપર પણ ખરાખરીનો જંગ જોવા મળશે, આ બેઠક ઉપરથી કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ અમિત ચાવડા ધારાસભ્ય છે. કોંગ્રેસના ધારાસભ્ય પાંચ વખત આણંદના સાંસદ રહેલા સ્વ. ઈશ્વર ચાવડાના પ્રપૌત્ર છે. તેઓ પૂર્વ ગુજરાત કોંગ્રેસના અધ્યક્ષ ભરતસિંહ સોલંકીના પિતરાઈ પણ છે, જેમના પિતા માધવસિંહ સોલંકી ગુજરાતના મુખ્યમંત્રી પણ રહી ચૂક્યા છે. આ બેઠક પરથી ભાજપે પાછલી ચૂંટણીમાં નિષ્ફળ રહેલા ગુલાબસિંહ પઢિયારને કોંગ્રેસના ગઢમાં ગાબડું પાડવા માટે ફરી એકવાર મેદાનમાં ઉતાર્યા છે.

# જૂનાગઢનું ગૌરવ નીવા લાખાણી





(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૬

જૂનાગઢનું ગૌરવ કહી શકાય તેવી જૂનાગઢની દિકરી નીવા હિતેશભાઈ લાખાણી હાલમાં જ ગુરૂગ્રામ હરીયાણા ખાતે યોજાયેલી નેશનલ લેવલ કરાટે કોમ્પિટીશન માં ફાઈટ કોમ્પિટીશન માં નેશનલ લેવલે સેકંડ રેન્ક અને નેશનલ લેવલ કરાટે કોમ્પિટીશનમાં કાટા કોમ્પિટીશનમાં ત્રીજો રેન્ક મેળવી સિલ્વર અને બ્રોન્ઝ મેડલ મેળવેલ છે. આ ગૌરવવંતી દિકરી વહેલી સવારે ૮ કલાકે જૂનાગઢ રેલ્વે સ્ટેશન ઉપર આવી પહોંચતાની સાથે વિદ્યાર્થીના પરિવાર દ્વારા ભાવભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. (તસ્વીર : રવિન્દ્ર કંસારા)

# જૂનાગઢનાં બહુ ચર્ચીત બે રીક્ષા ચાલકોનાં મૃત્યુનાં ઘટનાક્રમમાં સાઈનાઈડ મંગાવનાર મુખ્ય સુત્રધાર ઈકબાલ આઝાદની ધરપકડ



(તસ્વીર : રવિન્દ્ર કંસારા)

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા. ૬

જૂનાગઢમાં ગત તા. ૨૮ નવેમ્બરનાં રોજ ઝેરી પ્રવાહી પીવાથી બે વ્યકિતઓનાં મોત નિપજયા હતાં. જૂનાગઢ શહેરનાં ગાંધીચોક વિસ્તારમાં રીક્ષા સ્ટેન્ડ પાસે બનેલી ઘટનામાં રફીક હસનભાઈ ઘોઘારી અને ભરત ઉર્ફે જોન છગન પીઠડીયા બંનેએ ઝેરી પ્રવાહી પી લેતાં બંનેનાં મોત નિપજેલ હતાં. આ પ્રકરણમાં જે તે વખતે લઠ્ઠાકાંડ જેવી અફવા ઉઠેલ પરંતુ પોલીસ અધિકારીઓ દ્વારા ઝીણવટભરી તપાસ હાથ ધરવામાં આવતાં આ સમગ્ર બનાવ પ્રેમપ્રકરણને કારણે બન્યો હોવાનું બહાર આવેલ. જેમાં ત્રણ વ્યકિતની ધરપકડ થઈ હતી. જયારે આ પ્રકરણમાં સાઈનાઈડ જેવું કાતીલ કેમીકલ્સ પુરૂ પાડનાર વધુ એક શખ્સ ઈકબાલ ઉર્ફે આઝાદ ઉર્ફે લાંબો સુલતાનભાઈ શેખ (ઉ.વ. ૫૦) રહે. નરસિંહ મહેતાનાં ચોરા પાછળ, પીશોરીવાળા મસ્જીદ પાસેની ધરપકડ કરવામાં આવેલ છે. ઈકબાલ આઝાદે આરોપીઓને ઝેર પહોંચાડયું હોવાનું તપાસમાં ખુલ્યું છે.

આ સમગ્ર પ્રકરણમાં પોલીસે પ્રેમ પ્રકરણ આધારે પ્રિ-પ્લાન ખુનનો બનાવ હોવાનું શોધી કાઢેલ અને આ કામે આસીફ રજાકભાઈ ચૌહાણ, ઈમરાન કાસમભાઈ ચૌહાણ, મહેમુદાબેન રફીકભાઈ ઘોઘારીની ધરપકડ કરી ધોરણસરની કાર્યવાહી કરવામાં આવેલ હતી.

આ કામે પકડાયેલા ઉપરોકત ત્રણેય આરોપીઓએ પૂર્વ આયોજીત કાવત્રુ કરી મરણજનાર રફીકભાઈ ઘોઘારી તથા મરણજનાર ભરતભાઈ ઉર્ફે જોનાને અતિ ઝેરી એવુ સાઈનાઈડ ઝેર આપી મારી નાખેલ હોવાની હકીકત બહાર આવેલ હોય જેથી આ સાઈનાઈડ ઝેર ખરેખર કયાંથી અને કોણ લાવ્યું અને સાઈનાઈડ આરોપીઓ સુધી પહોંચાડનાર વ્યકિતનો શું રોલ છે ? તે હકીકત બહાર લાવવા જૂનાગઢ જીલ્લા પોલીસ વડા રવિ તેજા વાસમશેટ્ટી, નાયબ પોલીસ અધિક્ષક હિતેષ ધાંધલ્યાએ સુચના કરતા ક્રાઈમ બ્રાંચનાં પીઆઈ જે.એચ. સિંઘવ, બી ડીવીઝનનાં પીઆઈ નીરવ શાહની રાહબારી હેઠળ અલગ અલગ ટીમો બનાવી તપાસનો ધમધમાટ શરૂ કરેલ અને તપાસમાં ફલીત થયા મુજબ ઈકબાલ આઝાદ નામના શખ્સે આ સાઈનાઈડ ઝેર મુખ્ય સુત્રધાર આસીફ ચૌહાણને પુરૂ પાડેલ હોવાનું જાણવા મળતા આ કામે મજકુર ઈસમ ઈકબાલ આઝાદની તપાસ હાથ ધરતા ક્રાઈમ બ્રાંચનાં પીઆઈ જે.એચ. સિંઘવ, પીએસઆઈ જે.જે. ગઢવી તથા સ્ટાફે ચોકકસ હકીકત આધારે ઈકબાલ આઝાદ જૂનાગઢ મજેવડી દરવાજા નજીક મળી આવતા તેને રાઉન્ડઅપ કરી યુકિત પ્રયુકિતથી પોલીસની ભાષામાં પુછપરછ કરતા મજકુર ઈસમ ભાંગી પડેલ અને સાચી હકીકત જણાવેલ કે, આ કામનો મુખ્ય આરોપી આસીફ પોતાનો નાનપણનો મિત્ર હોય અને આસીફને પાડોશી રફીકભાઈની પત્ની મહેમુદાબેન સાથે પ્રેમ સંબંધ હોય અને આસીફ આ મહેમુદાબેન સાથે લગ્ન કરવા માંગતો હોય પરંતુ મરણજનાર રફીકભાઈ જીવતો હોય ત્યાં સુધી લગ્ન કરી શકે તેમ ન હોય. જેથી રફીકભાઈને સાઈનાઈડ નામનું ઝેર આપી મારી નાખવા માટે આસીફને તેને સાઈનાઈડ ઝેર શોધી આપવા અને મદદ કરવાનું કહેતા પોતે પોતાનાં મિત્રને મદદ કરવા માંગતો હોય જેથી પોતાનાં મિત્ર સરફરાજ મુસાભાઈ ખેદારા (રહે. જેતપુરવાળા) મારફતે યશ ચંદુભાઈ ગોંડલીયા (રહે. જેતપુર)નો સંપર્ક કરી કાપડમાં ચમક લાવવા માટે સાઈનાઈડ ઝેર મંગાવતા મજકુર ઈસમ યશ ગોંડલીયાએ અમદાવાદની ઉમા કેમીકલ નામની કંપનીમાંથી આ સાઈડનાઈડ ઝેર મંગાવી આપતા પોતે આસીફને આપેલ હતું. અને આસીફે આ ઝેર રફીકભાઈની રીક્ષામાં રહેલ પ્રવાહી ભરેલા દાવત સોડાની બોટલમાં ભેળવી દેતા બનાવ બનેલ હોવાની હકીકત જણાવેલ હતી. વધુ કાર્યવાહી માટે આરોપીને બી ડીવીઝન પોલીસને સોંપી આપેલ છે.

# જૂનાગઢ વિલીંગ્ડન ડેમ નજીક વરલી મટકાનો જુગાર રમતા ૩ ઝડપાયા

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)


જૂનાગઢ તા.૬

જૂનાગઢ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા ગઈકાલે વિલીંગ્ડન ડેમ નજીકથી વરલી મટકાનો જુગાર રમતા ૩ને ઝડપી લેવામાં આવેલ છે. રોકડ રૂા.૪૫,૬૭૦, ઈકો ફોરવ્હીલ મળી કુલ રૂા.૧,૬૭,૬૭૦નાં મુદ્દામાલ સાથે ૩ શખ્સોને ઝડપી લેવામાં આવેલ છે. જયારે એક શખ્સ નાશી છુટયો હતો. ચાર સામે કાર્યવાહી કરવામાં આવી છે.

જયારે જૂનાગઢ બી ડીવીઝન પોલીસે નરસિંહ મહેતા સ્કુલનાં પાછળનાં ભાગેથી જુગાર રમતા ૬ શખ્સોને રૂા.૪,૨૭૦નાં મુદ્દામાલ સાથે ઝડપી લઈ તેમનાં વિરૂધ્ધ જુગાર ધારા હેઠળ કાર્યવાહી હાથ ધરી છે.

ઑફર...ઑફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨

તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.




બીના ઈલેક્ટ્રોનિક્સ

Kelvinator

MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.

LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ

0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ

જે.વી. ચોટાઈ કોમ્પ્લેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.

માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.

ૐ નેચર ક્યોર સેન્ટર

ડો. સી.ડી. ઓઝા (N.D.)

તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે

- શીરોધારા : માઈગ્રેન, માથાનો દુ:ખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
- નસ્ય : સાઈનસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા
- નેત્ર તર્પણ : આંખનાં નંબર ઉતારવા, આંખમાં બળતરા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
- જાનુ બસ્તિ : ગોઠણનાં દુ:ખાવા
- કટિબસ્તિ : કમરમાં દુ:ખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
- મડ બાથ : ચામડીના રોગો ઉપરાંત સ્ટીમ બાથ, અભ્યંગ, ગ્રીવા બસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો ઉપલબ્ધ

ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.

દરરોજ સાંજે ૭ થી ૮ નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે. (અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી જરૂરી)

ગીરીરાજ મેઈન રોડ, ક્રિષ્ના પ્રોવીઝન સ્ટોર સામે, નોબલ સ્કુલ પાસે, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨